શ્રી દશાપોરવાડ યુવક મિત્રમંડળનો
સને ૧૯૧૩-૧૪-૧૫ નો રીપોર્ટ
તથા નિબંધ સંગ્રહ.

શ્રી દશાપોરવાડ યુવક મિત્રમંડળ તરફથી

સંગ્રહ કરનાર,
પોપટલાલ કેશવલાલ મહેતા.
અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર,
પોપટલાલ કેશવલાલ મહેતા.
તથા
ચમનલાલ દોલતરામ શાહ.
ઑ. સેક્રેટરીઓ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૬૦૦

સને ૧૯૧૫   સંવત ૧૯૭૧

અમદાવાદ
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

મૂલ્ય અમૂલ્ય.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૭૩૫ वर्गांक

पुस्तकनु नाम રિપોર્ટ તથા નિબંધ

विषय [illegible]

શ્રી દશાપોરવાડ યુવક મિત્રમંડળનો સને ૧૯૧૩-૧૪-૧૫ નો રીપોર્ટ તથા નિબંધ સંગ્રહ.

શ્રી દશાપોરવાડ યુવક મિત્રમંડળ તરફથી

સંગ્રહ કરનાર,

પોપટલાલ કેશવલાલ મહેતા.

અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર,

પોપટલાલ કેશવલાલ મહેતા.

તથા

ચમનલાલ દોલતરામ શાહ.

ઑ. સેક્રેટરીઓ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી પ્રત ૬૦૦

સને ૧૯૧૫. સવત ૧૯૭૧.

અમદાવાદ

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

મૂલ્ય અમૂલ્ય.

ગુજરાત અમદાવાદ ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
-/.ч

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

જ્ઞાતિ એ દરેક સમાજમાં રહેનારા માણસનુ મિત્રમંડળ છે. જેવી રીતે માણસને પોતાના કુટુમ્બ પ્રત્યે હેત હોય છે, પોતાની પોળના લોકો પ્રત્યે હેતભાવ હોય છે, તેમ પોતાની જ્ઞાતિની દરેક વ્યક્તિ તરફ સાહજિક રીતે પ્રેમ ઉદ્‌ભવે છે. સામાન્ય રીતે આપણે જોઇશુ તો આપણને માલુમ પડશે કે દરેક માણસને પોતાની જ્ઞાતિના માણસને મદદ કરવાનુ મન થશે, તેના તરફ ગરીબ હશે તો દયાભાવ ઉત્પન્ન થશે, તે દુઃખી હશે તો તેનું દુઃખ દૂર કરવા ઉપાય બતાવશે. સમાજના વ્યવહારમાં વધારે પ્રસંગ આપણા જ્ઞાતિબંધુઓ સાથે પડે છે અને તેથી પ્રેમભાવ તેમના તરફ વિશેષ હોય છે.

જ્ઞાતિ તે અમુક માણસોનો સમુદાય છે, એટલે એક માણસનુ બળ હોય તેના કરતા દરેક રીતે જ્ઞાતિનુ બળ વિશેષજ હોય. જ્ઞાતિના માણસોમા સંપ હોય તો તે જ્ઞાતિને કયું કામ દુસ્તર હોઇ શકે. અંગ્રેજીમા એમ કહેવાય છે કે, ' United we rise, Divided we fall ' આપણામા પણ કહેવત છે કે 'સંપ ત્યા જંપ.' આપણી જ્ઞાતિમા એકસંપ હોય તો જ્ઞાતિમા કેટલા સારા કામો થઇ શકે. જે જ્ઞાતિમાં તડ નથી, પણ પક્ષ છે ત્યા ન્યાયદૃષ્ટિ હોવાનો સંભવ નથી. જ્યા ન્યાય નથી, ત્યા ધર્મ નથી અને જ્યા ધર્મ નથી ત્યા પ્રગતિ નથી અને જ્યા પ્રગતિ નથી ત્યા આળસ છે અને જ્યા આળસ છે ત્યા દુ:ખ અને દારિદ્રય છે, માટે જ્યા સુધી જ્ઞાતિમા એકસંપ નથી અને ન્યાય નથી ત્યા સુધી જ્ઞાતિનુ કોઇ પણ રીતે કલ્યાણ થવાનુ નથી.

આ બધી બાબતો જ્ઞાતિના યુવાન વર્ગને ઘણીજ ખુચતી હતી અને તેમનામાના થોડાઓએ કેળવણીના ફળ ચાખ્યા હોવાથી અને બીજી જ્ઞાતિઓની ઉન્નતિના ઇતિહાસ વાચ્યાથી અને દુનિયાના બીજા દેશોમા પણ ઉન્નતિનું મુખ્ય સાધન શુ છે તેનો વિચાર કર્યાથી તેમના મનમા એમ આવ્યુ કે જ્યા સુધી યુવાન વર્ગ એકત્ર થઇ કઇ પણ કામ આરંભશે નહિ ત્યા સુધી ઉન્નતિના પ્રકાશની ઝાખી થવાની નથી. આ વિચાર તેમના મનમા ઘણો વખત ઘોળાયા કર્યો તે વિચારનુ પ્રબળ તેમનામા એટલુ બધુ વધી ગયુ કે એક રાત્રે તેમણે બેસી નક્કી વિચાર કર્યો કે એક યુવક મિત્રમંડળ સ્થાપવુ. આ વિચારને તેમણે તરતજ મૂર્તસ્વરૂપ આપ્યુ અને સંવત ૧૯૬૯ ના ચૈત્ર સુદી ૯ ને દિવસે આ મંડળની સ્થાપના થઇ.

યુવક મિત્રમંડળનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિમા કેળવણીનો ફેલાવો કરવાનો છે અને એકબીજાને કેવી રીતે સહાયભૂત થઇએ અને ભ્રાતૃભાવ વધે એવા પ્રયત્નો યોજવાનો છે. કેળવણીના સંબંધમા આ મિત્રમંડળે આટલા ટુંકા વખતમા જે કર્યું છે તે એ છે કે (૧) ઇનામો આપવાનુ શરૂ કર્યું છે. (૨) જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓને ફી અને ચોપડીઓ આપવાનુ શરૂ કર્યુ છે. (૩) મિત્રમંડળના મેમ્બરોમાં લ" .ની અને જાહેર ભાષણો આપવાની શક્તિ વધે તે સારૂ મેમ્બરો ભાડે રાખેલા મકાનમા પોતે એકઠા મળી ભાષણો આપે છે અને વિવેચન કરે છે. (૪) જ્ઞાતિમા વાંચવાનો શોખ ઉત્પન્ન થાય અને જ્ઞાનનો વધારો થાય તે સારૂ એક લાયબ્રેરીની સ્થાપના શરૂ કરવામા આવી છે.

આ રીપોર્ટ સાથે જ્ઞાતિના ભાઇઓ પાસેથી નિબંધો લખાવી મંગાવેલા તે છાપ્યા છે.

તે વાંચ્યાથી જ્ઞાતિભાઇઓમા બુદ્ધિનો વિકાસ કેટલો થયો છે અને કેવા વિચારો પ્રસર્યા છે તેનો ખ્યાલ આવશે અને તે વાચવાથી જ્ઞાન અને ગમ્મત મળશે.

આ રીપોર્ટમાં આપણી અમદાવાદની દશાપોરવાડ જ્ઞાતિનુ વસ્તિપત્રક મડળના મેમ્બરોએ મહેનત લેઈ તૈયાર કર્યું છે તેનુ તારણ આ સાથે સામેલ કર્યું છે. તેનો અભ્યાસ કર્યાથી આપણી જ્ઞાતિની સ્થિતિ કેવી છે તેનો સહજ ખ્યાલ આવશે. જ્ઞાતિમા બુદ્ધિબળ કેટલુ છે, આર્થિકબળ કેટલું છે, કઈ કઈ બાબતોમા સુધારો કરવા જેવુ છે અને કઈ બાબતપર પહેલુ લક્ષ આપવાનું છે એ વગેરે સારી રીતે ધ્યાનમા આવશે. જ્યારે કોઈ પણ બાબતપર વિચાર કરવા બેશીએ ત્યારે જો આપણી પાસે ખરા આકડા હોય તો આપણે સાચા અનુમાનપર આવી શકીએ અને ખરા ઉપાય યોજી શકીએ. જે જ્ઞાતિબધુઓએ વસ્તિપત્રક તૈયાર કરવામા મદદ અને મહેનત કરી છે તે સઘળાનો અત્રે અમે અતકરણપૂર્વક આભાર માનીએ છીએ.

યુવક મિત્રમડળનું ફંડ ઘણું નાનું છે અને મેમ્બરો પોતે ફી આપે છે તેમાથી અને આપણી જ્ઞાતિના ઉદાર ગૃહસ્થો વખતોવખત જે કીમતી મદદ આપે છે તેમાથી મડળનુ ખરચ અને જ્ઞાતિઉપયોગી કામ થાય છે. ફડની વ્યવસ્થા કેવી રીતે થાય છે તેનો હીસાબ આ રીપોર્ટમા આપવામાં આવ્યો છે જેથી હીસાબ અને નાણા સબધી કોઇને કઈ કહેવાનુ રહે નહિ.

આ હીસાબ તૈયાર કરવામા ઍક્ટીગ ઑનરરી સેક્રેટેરી મી. ચીમનલાલ દોલતરામે જે મહેનત લીધી છે તેને માટે મડળ તેમનો અતકરણપૂર્વક આભાર માને છે

છેવટમા જે જે ગૃહસ્થોએ જે જે મદદ કરી છે તેમનો અમે અતકરણપૂર્વક આભાર માનીએ છીએ, અને જ્ઞાતિના ભાઇઓ લગ્ન પ્રસગે અને જ્ઞાતિ પ્રસગે પોતાની રાજીખુશીથી જે મદદ આપે છે તે ઉપરથી અમને લાગે છે કે મડળના કામ તરફ જ્ઞાતિના દરેક વડીલ તેમજ યુવક, સ્ત્રી તથા પુરૂષની સહાનુભૂતિ છે **આ મંડળ જ્ઞાતિનું છે, કોઈ એક વ્યક્તિનું નથી, કોઈ એક પક્ષનું નથી યા તડનું નથી** માટે આ મડળને તેમના જ્ઞાતિ ઉપયોગી કામમાં આગળ અને આગળ વધવાનુ બની શકે તે સારૂ જે નાણાની મદદ જોઇએ તે જ્ઞાતિના બધુઓ વગર આનાકાનીએ ઉદાર હસ્તે આપતા રહેશે એવી અમારી સપૂર્ણ ખાત્રી છે અને અમને સપૂર્ણ આશા છે કે જ્ઞાતિઉપયોગી કામો જેમ જેમ થતા જશે તેમ તેમ આપણી જ્ઞાતિની ઉન્નતિ વધતી જશે અને આપણી જ્ઞાતિના જ્ઞાનમાં અને યશમા વધારો થશે. પરમકૃપાળુ ઈશ્વર સર્વ જ્ઞાતિભાઇઓને સદ્‌બુદ્ધિ આપો અને તેમનુ સર્વ રીતે સર્વદા કલ્યાણ કરો એટલુજ લખી બધ કરીશું.

પોપટલાલ કેશવલાલ મહેતા.

તથા

ચમનલાલ દોલતરામ શાહ.

ઑ. સેક્રેટરીઓ.

દશા પોરવાડ યુવક મિત્ર મંડળનો સને
૧૯૧૩–૧૪ નો રીપોર્ટ.

"દશા પોરવાડ યુવક મિત્ર મંડળ" તરફથી અમદાવાદની દશા પોરવાડ જ્ઞાતિના છોકરા તથા છોકરીઓને ઈનામ વહેચવાનો એક ભવ્ય મેળાવડો ટંકશાળમાં આવેલી જે. એલ. હાઇસ્કુલના મકાનમાં તા. ૧–૧–૧૯૧૪ ના રોજ રા. રા. શેઠ નાથાલાલ ત્રીકમલાલના પ્રમુખપણા નીચે ભરાયો હતો જે પ્રસગે મંડળના સેક્રેટરી મી. ચીમનલાલ લાલભાઇ શાહ બી. એ. એ સભા સન્મુખ ૧૯૧૩ ની સાલનો મંડળનો કામકાજ સબંધીનો નીચે પ્રમાણે રીપોર્ટ વાંચી સભળાવ્યો હતો.

"માન્યવર પ્રમુખ સાહેબ, તથા મુરબ્બી જ્ઞાતિ બંધુઓ–આપણી જ્ઞાતિના બાળકો તથા સ્કુલ્સ તથા કોલેજોમા અભ્યાસ કરતા છોકરાઓની કેળવણીને માટે આપણા સર્વ જ્ઞાતિ ભાઇઓને પુષ્કળ લાગણી છે, તે કેટલીકવાર મંડળની સ્થાપના થઇ તે બતાવી આપે છે. ગયાં ત્રણ વખતના મેળાવડા થયા તે વખતે પણ સર્વ જ્ઞાતિ બંધુઓની હાજરીથીજ જણાતું હતું કે જ્ઞાતિ બંધુઓ કેળવણીનો પ્રચાર કરવાને ઘણોજ ઉત્સાહ ધરાવે છે. હાલના "દશા પોરવાડ યુવક મિત્ર મંડળ"ની હયાતી તે ઉત્સાહને આભારી છે, તો આજના શુભ પ્રસંગે આપ સર્વે મુરબ્બીઓ તથા જ્ઞાતિના વિદ્યાર્થીઓ તથા બ્હેનો સન્મુખ "દશા પોરવાડ યુવક મિત્ર મંડળ" વિષે એટલે તેની હસ્તી તથા તેનો આજ સુધીનો ઇતિહાસ, તેના હેતુઓ, તથા તેની ઇચ્છાઓ વિષે હું બે શબ્દો જણાવીશ તો તે અસ્થાને નહિ ગણાય. તે કહેવામા કાંઇ મારો દોષ થઇ જાય તો તેને માટે હું આપ સર્વેની ક્ષમા માગું છું.

આ મંડળ સંવત ૧૯૬૯ ના ચૈત્ર સુદ ૯ ને દિવસે એટલે રામનવમીના શુભ દિવસે અથવા ઇ. સ. ૧૯૧૩ ના એપ્રિલની ૧૩ મી તારીખે સ્થાપવામા આવ્યુ છે. કેળવણીનો ચમત્કાર કેવો અદ્ભુત છે, તે આપ સર્વેથી અજાણ નહિ હોય. કેળવણીના પ્રતાપેજ હીંદુસ્તાનમા હાલ. પ્રો બોઝ જેવા વિજ્ઞાનવેત્તા પ્રો. રોય, તથા પ્રો ગજ્જર જેવા રસાયણ શાસ્ત્રીઓ, સુરેન્દ્રનાથ બેનરજી, તથા સર ફીરોઝશાહ એમ મહેતા, જેવા બાહોશ રાજદ્વારી પુરૂષો, તથા ઇન્ડીઅન્સના ઐહિક હકોને માટે પોતાની લાખ રૂપીઆની આવકને લાત મારીને નજીવા ખર્ચ ઉપર પોતાનુ ગુજરાન ચલાવીને, અજ્ઞાન પુરૂષોમા તથા સ્ત્રીઓમા જ્ઞાનનો સંચાર કરીને લડત ચલાવનાર મી. ગાંધી તથા ઑનરેબલ મી. ગોખલે તથા પ્રીન્સીપાલ મી. પ્રાંજપે જેવા પુરૂષો પેદા થયા છે. આ મંડળના ઉદ્દેશમા કેળવણી પ્રાધાન્ય પદ ભોગવે છે. કેળવણીનેજ અગત્યતા આપવામા આવી છે. આ મંડળ સ્થાપન થયા પછી મંડળના મેમ્બરોને એકઠા થવાને માટે પાડાપોળની સામે એક મેડો ભાડે રાખવામા આવ્યો છે. મેમ્બરો દરરોજ એકઠા થાય છે અને અરસપરસ વિચારોની આપ લે કરે છે. મુખ્યત્વે કરીને દર રવિવારે મેમ્બરો એકઠા થાય છે. સાધારણ નિયમ તરીકે રવિવારે મંડળનો કોઇ મેમ્બર બનતા સુધી, કેળવણીના વિષય ઉપર ભાષણ આપે છે. ભાષણ પુરૂં થયા પછી બીજા મેમ્બરો તે વિષય ઉપર પોતાના વિચારો દર્શાવે છે. આજ સુધીમા નીચે પ્રમાણે મેમ્બરોએ ભાષણો આપ્યાં છે.

ભાષણ આપનારના નામ.	વિષય.
મી. જમનાદાસ લલ્લુભાઇ શાહ.	" મિત્રતા."
મી. ઉગરચંદ જેઠાભાઇ શાહ.	" યુવક મિત્ર મંડળ."
મી. નટવરલાલ ચીમનલાલ મહેતા.	" કેળવણી."
મી. ચંદુલાલ ચુનીલાલ મહાદેવીઆ.	Adversity is the touchstone of friendship.
મી. મોહનલાલ મણીલાલ મહેતા	એક સંસાર મુસાફરની યાત્રા.
મી. પોપટલાલ કેશવલાલ મહેતા	સ્ત્રી કેળવણી.
મી. ઉગરચંદ જેઠાભાઇ શાહ	આપણી સ્ત્રીઓની સ્થિતિ તથા પુરૂષોની જવાબદારી.
મી. ચંદુલાલ ચુનીલાલ મહાદેવીઆ	Man as a husband.

તથા બીજા ભાઇઓએ આવી રીતે જુદા જુદા વિષયો ઉપર પોતાના વિચારો દર્શાવ્યા છે. ઉપર મુજબ ભાષણો અત્યાર સુધીમા અપાયા છે

તપાસ કરવા ઉપરથી, કેટલીક નહિ જણાએલી બાબતો ઉપર મંડળનુ લક્ષ ખેચાયુ, તેમાની એક મુખ્ય બાબત કે જે બાબતથી આપ સઘળા ગૃહસ્થોમાનો મોટો ભાગ અજાણ્યો હશે, તે બાબત મળી આવી છે. તે એ છે કે જ્ઞાતિના કેટલાક કુટુંબો એટલા નિર્ધન છે કે માડ માડ પોતાનુ ભરણ પોષણ કરી શકે, તો પછી પોતાના બાળકોને કેળવણી આપવામાં તેઓ શુ કરી શકે ? સાધારણ રીતે માણસનો સ્વભાવ એવો છે કે પોતે દુ:ખમા દટાઇ ગએલો હોય, ને પૈસાની આવક ન હોય, તોપણ પોતાની આબરૂ સાચવવાની ખાતર કોઇને પોતાની વાત દીલથી જણાવતા નથી, તેમજ કોઇની ખુલ્લી મદદથી પોતાનો નિર્વાહ ચલાવવાને બીલકુલ આતુર હોતા નથી, તેમજ પોતાના છોકરાઓ ભણતા હોય તો તેઓને પુરતી કેળવણી આપ્યા વિના કમાવવાને માટે અધુરેથી અભ્યાસ છોડવવા અને નજીવા પગારમા નોકરીએ જોડાવવાની ફરજ પાડે છે. આવા સંજોગોની અંદર મંડળને એકાએક વિચાર આવ્યો, અને જો કે મંડળ પાસે ફંડ છેજ નહિ તોપણ ગયા નવ માસના મેમ્બર શીપના લવાજમમાથી તેમજ તેજ મુદતની અંદર **લગ્ન ઉત્સવો તથા જ્ઞાતિ જમણવાર થયા તે પ્રસંગોએ મળેલી કિંમતી મદદમાંથી** તથા ઇશ્વર પ્રેરણાથીજ શેઠ માણેકલાલ મોતીલાલ તરફની અણધારી માસીક દશ રૂપીઆની મદદમાંથી એક વર્ષને માટે રૂપીઆ ૭૨) ગરીબ તથા ચાલાક છોકરાઓને ફી તથા ચોપડીઓ માટે કાઢેલા છે થોડેક અંશે સદરહુ રકમની વ્યવસ્થા પણ થઇ છે. હાલમા જ્ઞાતિનો એક વિદ્યાર્થી જે ઇંગ્લીશ સ્કુલમા જાય છે તેને ચોપડીઓ આપવામા આવે છે, તેમજ દર માસે ક્લાસ ફી પણ આપવામા આવે છે. જો આ પ્રમાણે તે છોકરાને મદદ આપવામા આવી ન હોત, તો તે બિચારાને મદદના અભાવે પોતાને અભ્યાસ વધારવાની ઉત્કંઠા હોવા છતા હલકી નોકરીમા રહી જવુ પડત. ઘણી દીલગીરીની વાત છે કે વિદ્યાને માટે મદદ માગવી તેને લોકો ખોટી રીતે બેઆબરૂ સમજે છે, આ વાત ભુલી ન જવી જોઇએ કે ગરીબના છોકરાઓજ મદદથી પોતાનો અભ્યાસ વધારીને સારી સ્થિતિએ પહોચ્યા છે આવા દાખલાઓ શોધવા જવા પડે તેમ નથી માટે જે કોઇ જ્ઞાતિ ભાઇની ધ્યાનમા આવા કોઇ છોકરાઓ હોય, તેમણે ખુલી રીતે બાધ આવતો હોય તો **ખાનગીરીતે** મંડળના સેક્રેટરીનેજ ફક્ત મહેરબાની કરીને

ખબર આપવી, અને મંડળ કાઢેલી રકમમાંથી પહોંચશે ત્યાંસુધી તેઓને મદદ આપશે અને બાકીનાને માટે જ્ઞાતિના ગૃહસ્થો પાસેથી અપાવવાને મહેનત કરશે. વધારામાં મંડળે એક બીજા વિદ્યાર્થીને મદદ આપવાની શરૂઆત કરી છે.

માનસિક કેળવણી ઉપરાંત મંડળ શારીરિક કેળવણી ઉપર પણ ધ્યાન આપે છે. આપણી જ્ઞાતિમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ મંડળ સ્થપાયા પછી "દશા પોરવાડ જીમખાના" નામની એક ક્રિકેટ કલબ સ્થાપી છે. તે સ્થપાયા પછી તે જીમખાનાના મેમ્બરો ગઇ ક્રિકેટ સીઝનમા અહિની કેટલીક સ્કુલોની સાથે તથા બીજા જીમખાનાઓની સાથે હરીફાઇમા ઉતર્યા હતા અને તેમા લગભગ બધાઓની સાથે ફત્તેહ મેળવી હતી. તેઓનુ સારૂ કામ જોઇને મંડળે એક વર્ષને માટે રૂપીઆ બાર તેમને મદદ તરીકે આપવાને માટે કાઢ્યા છે. આ રીતે શારીરિક કેળવણીને માટે મંડળ પોતાથી બનતી તજવીજ કરે છે.

મંડળ સ્થાપન થયુ ત્યારે મેમ્બરોની સખ્યા આશરે સાઠની હતી. પણ કેટલાક ઘણાજ કામમા ગુથાએલા મેમ્બરો હાજર રહેવાને અશક્ત હોવાથી મેમ્બરોની સંખ્યા ઓછી થઇને હાલમા લગભગ ૪૫ની છે આ બાકી રહેલા ૪૫ મેમ્બરો મંડળના દરેક કામકાજમા ઘણોજ ઉત્સાહ ભરેલો ભાગ લે છે.

મંડળ સ્થાપન થયા પછી જે મંડળનો એક હેતુ ભ્રાતૃભાવ વધારવાનો હતો તે ઘણેજ અંશે પાર પડયો છે. હાલમા જે મેમ્બરો મંડળના મકાનમા એકઠા થાય છે, તેઓમાના ઘણાખરા કે જેઓ એકબીજાને પોતાના જ્ઞાતિબંધુઓ છે તેમ જાણતા નહોતા, તેઓ શુ કરે છે અને કયા રહે છે તેની પણ તેમને ખબર નહોતી, તેઓ મંડળના સ્થાપન થયા પછી અરસપરસ ઓળખવા લાગ્યા, વીચારોની આપ લે કરવા લાગ્યા, એકત્ર થવા લાગ્યા. આ રીતે તેઓને એક બીજાની ઓળખાણ થઇ એટલુજ નહિ પણ તેઓમા વળી ભ્રાતૃભાવના બીજ રોપાયા

જણાવવાને ઘણી ખુશી ઉપજે છે કે મંડળના મેમ્બરો પૈકી નીચેના કલાસોમા નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષમા પાસ થયા છે.

મેટ્રીક્યુલેશન કલાસમા	૫
ઇન્ટરમીડીએટ કલાસમા	૧ સેકન્ડ કલાસ.
બી. એ. કલાસમા	૧

શરૂઆતની અડચણોને લીધે સ્કુલમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસમા નડતી મુશ્કેલીઓમાથી તેઓને મુક્ત કરવાને મંડળ શક્તિમાન થયુ નથી. પણ હવે મંડળનો એવો વિચાર છે કે ઇંગ્લીશ સીકસ્થ અને સેવન્થ સ્ટાન્ડર્ડમા અભ્યાસ કરતા જે કોઇ વિદ્યાર્થીઓને અભ્યાસમા મુશ્કેલીઓ નડતી હોય તે વિદ્યાર્થીઓ જો રવીવારે સાંજે મંડળના મકાનમા આવે, તો તેમને મંડળે બનતી મદદ કરવી.

મંડળ તરફથી "જ્ઞાતિની ઉન્નતિના સાધનો" એ વિષે એક પાચ રૂપીઆનો ઇનામી નિબંધ લખવા આપ્યો હતો તે આપ સર્વે સારી રીતે જાણો છો. તે વખતે આવેલા સઘળા નિબંધો તપાસવાને માટે શેઠ ચીમનલાલ મોતીલાલ શામળ બહેચરવાળા, અને પ્રો. સાકળચંદ જેઠાલાલ શાહ, એમ. એ. એ બન્ને ગૃહસ્થોની એક કમીટી નીમી હતી. તેઓએ તસ્દી

લઇને પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી સઘળા નિબંધો ઘણાજ ધ્યાનપૂર્વક તપાસ્યા અને એક મતે તેઓએ લખી જણાવ્યુ છે કે મી. નારણલાલ જીવણલાલ શાહનો નિબંધ સૌથી સરસ છે. વધારામા તેઓએ પોતાની ઇચ્છા જણાવી કે બીજા નંબરે જે ગૃહસ્થનો નિબંધ પાસ થયો છે તે ગૃહસ્થને જો કાઇક મંડળ તરફથી ઉત્તેજન મળશે, તો તે ભવિષ્યમા સારો લેખક નીવડશે. તે બીજા નબરનો નિબધ મી. જમનાદાસ બાલાભાઇએ લખ્યો હતો. તે ઉપરથી બીજા નબરના ગૃહસ્થને પણ ઇનામ આપવાનું નક્કી કર્યું છે. તદુપરાંત રા. રા. માણેકલાલ મોતીલાલ બુકસેલરે પોતાનો ઉત્સાહ બતાવવામા પાછી પાની કરી નથી. તેમણે જે જે જ્ઞાતિ વિદ્યાર્થીઓએ નિબધ લખ્યા છે તે તે દરેક જ્ઞાતિ વિદ્યાર્થીને આજ અકેક ટ્રન્ક "ટ્રન્ક ઓફ થેન્કસ" (Trunk of thanks)ની સંજ્ઞાથી આપવાના છે. જણાવવાને ઘણીજ ખુશી ઉપજે છે કે આપણી જ્ઞાતિના ગૃહસ્થ રા. રા. ઇશ્વરલાલ ત્રીકમલાલે, આ ઇનામી નિબધ છપાવીને જ્ઞાતિમા ઘેર ઘેર મફત વહેચવાના હેતુથી ખર્ચનો બધો બોજો પોતાને શીર ઉપાડી લીધો છે, તેને માટે મડળ તેમનો અતઃકરણપૂર્વક આભાર માને છે.

આ મેળાવડાનુ માન ખરી રીતે એજ જ્ઞાતિના ગૃહસ્થોને ઘટે છે. છોકરીઓને જે ઇનામો અત્રે વહેચવાના છે તેનુ તમામ ખર્ચ આપણા સજ્જન શેઠ નાથાલાલ ત્રીકમલાલે આપીને મંડળના મેમ્બરોને ઘણાજ આભારી કર્યા છે. તથા ગુજરાતી નિશાળોમા ભણતા તમામ વિદ્યાર્થીઓને વહેચવાના ઇનામોનુ સઘળુ ખર્ચ આપણી જ્ઞાતિના ગૃહસ્થ. મી. શ્રી-જવલ્લભદાસ મગનલાલ મોદીએ ઉપાડી લીધુ છે, જેને માટે મડળ તેમનો પણ સહૃદય ઉપકાર માને છે.

છેવટમાં મડળ ઇચ્છા રાખે છે કે જ્ઞાતિના ગૃહસ્થોએ આ અવસરે પોતાનાથી બનતી મદદ આપી છે તેવીજ ભવિષ્યમા આપતા રહેશે. સદરહુ મદદ મડળને એક સારા ટેકા રૂપ થઇ પડશે અને જે ગૃહસ્થોએ અત્યાર સુધી મડળને કિમતી મદદો આપી છે તેઓનો મંડળ ફરીથી અતઃકરણપૂર્વક આભાર માને છે

સેક્રેટરીનો રિપોર્ટ વચાઇ રહ્યા બાદ અન્ય ગૃહસ્થોએ કેટલુક વિવેચન કર્યું હતું. પછી કોનસર્ટ ભજવવામા આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખે ઘટતા શબ્દોમા મંડળની ફતેહ ઇચ્છી હતી, અને છોકરા તથા છોકરીઓને ઇનામ તથા પેડા વહેચ્યા બાદ મેળાવડો વિસર્જન કર્યો હતો.

"દશાપોરવાડ યુવક મિત્રમંડળ" તરફથી અમદાવાદની દશાપોરવાડ જ્ઞાતિ બંધુઓનો વાર્ષિક ઉત્સવનો એક ભવ્ય મેળાવડો સાકર બજારમા આવેલી રા. રા. ચુનીલાલ જેચદની ઑફીસવાળા મકાનમા તા. ૫-૪-૧૯૧૪ ના રોજ રા. રા. શેઠ માણેકલાલ મોતીલાલ મયાભાઇવાળાના પ્રમુખપણા નીચે ભરાયો હતો જે પ્રસગે મડળના સેક્રેટરી મી. ચીમનલાલ બાલભાઇ શાહ બી. એ. એ સભા સન્મુખ મડળના પ્રથમ વર્ષના કામકાજ સંબંધીનો નીચે પ્રમાણે રીપોર્ટ વાંચી સભળાવ્યો હતો.

આજનો મેળાવડો શા માટે ભરવામા આવ્યો છે તે આપ સર્વેને વિદિત છે. છતા હું મંડળનો રિપોર્ટ વાચતા પહેલા આપણી સમક્ષ તે સબધી બે શબ્દ બોલવાની રજા લઉ છુ.

મડળની સ્થાપના ગઇ સાલની ચૈત્ર શુદ ૯ ને દિવસે એટલે રામનવમીના શુભ દિવસે થઇ છે, જેને આજરોજ એક વર્ષ પુરૂ થઇ બીજુ વર્ષ બેસે છે, એટલે મંડળની

વર્ષગાંઠનો દિવસ આજે છે. વર્ષગાંઠનો દિવસ એ શબ્દજ આપણુને વહેવારૂ રીતે બધા દિવસો કરતાં અધિક હર્ષના દિવસ તરીકે દરેકને લાગે છે. તો આજની મીટીંગ જે મંડળની વર્ષગાંઠ ઉજવવાને માટે મળેલી છે તેથી મંડળના મેમ્બરો તેમજ જ્ઞાતિના વડીલ ગૃહસ્થોને કેટલો આનંદ ઉદ્દભવ્યો હશે તે વર્ણવી શકાવો અશક્ય છે. પણ આપ બધા પોતાના કિમતી વખતનો ભોગ આપી ભેગા થયા છો તેજ આનંદને પ્રદર્શીત કરે છે. ગઇ વખતે મંડળ તરફથી જ્ઞાતિના છોકરા છોકરીઓને ઇનામ વહેંચવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો, તે વખતે મંડળના કાર્ય અને ઉદ્દેશો સબધી આપ સાહેબોને બનતી માહીતી આપવાનો મ્હેં રિપોર્ટમા પ્રયત્ન કર્યો હતો અને આજે પણ હુ મડળના રિપોર્ટમાં બનતી માહીતિ આપવાનો પ્રયત્ન કરીશ, પણ તેમા મારાથી કાઇ પણ ખામી રહી જાય તો તે માટે આપ સાહેબોની ક્ષમા ઇચ્છુ છુ.

મંડળ આ પહેલા વર્ષમા બાળ સમાન હતું છતા જ્ઞાતિબધુઓની ઉત્સાહ ભરેલી મદદને આધારે નીચેનાં કામો કરી શકયુ છે.

૧. મંડળના મકાનમાં જુદા જુદા વિષયો પર ભાષણો આપવામા આવ્યાં હતાં.

૨. જ્ઞાતિના ઉન્નતિના સાધનો એ વિષેનો ઇનામી નિબધ લખાવવામાં આવ્યો હતો.

૩. ઇંગ્રેજી ભણુતા બે જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેઓ અભ્યાસ છોડી દેતા હતા. તેઓને ફી તથા ચોપડીઓ આપી અભ્યાસ જારી રખાવ્યો છે.

૪. ફી તથા ચોપડીઓની મદદની જરૂર હોય તેવા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે લોકલ ઇંગ્રેજી સ્કુલોના હેડ માસ્તર સાહેબોને લખી જણાવેલુ છે, પણ જ્ઞાતિના મંડળની મદદ લેવાને અચકાવાની સ્થિતિ હજી તજાઇ નથી, તેથી તેવા વિદ્યાર્થીઓ ખરી રીતે શોધી શકાયા નથી.

૫. દર શનિવારે તથા રવિવારે સીકસ્થ તથા સેવન્થ સ્ટેન્ડર્ડના વિદ્યાર્થીઓ માટે ક્લાસ ખોલવામા આવી છે તેમા મડળના મેમ્બરો ઑનરરી કામ કરે છે.

૬ શારીરિક કેળવણી માટે એક ક્રિકેટ ટીમ જ્ઞાતિના છોકરાઓ પાસે ઉભી કરાવી છે.

૭. જ્ઞાતિના છોકરા તથા છોકરીઓને ઇનામ તથા મીઠાઇ વહેચવાને મેળાવડો કરવામાં આવ્યો હતો.

૮. "જ્ઞાતિની ઉન્નતિના સાધનો" એ વિષેનો કમીટીએ પસંદ કરેલો નિબંધ જ્ઞાતિમાં દરેક ઘેર ફ્રી વહેંચવા માટે છપાવ્યો છે અને વહેચવાની શરૂઆત કરી છે, જે થોડા વખતમા જ્ઞાતિમાં દરેક ઘેર વહેંચાઇ જશે.

૯. જ્ઞાતિના યુવાનોની માનસિક શકતી ખીલવવા તથા જ્ઞાતિના યુવાનો જેમ બને તેમ વધુ અને વધુ એક બીજાના પરિચયમા આવી તેઓ મધે ભ્રાતૃભાવનો વધારો થાય તે સારૂ મંડળના મકાનમાં લાયબ્રેરી ઉભી કરવાની હીલચાલ શરૂ કરી છે. જ્ઞાતિ બંધુઓ તરફથી આજ સુધીમાં નીચેની વીગતની મદદ મડળને મળી છે

આજ દિન સુધી જુદે જુદે પ્રસંગે મળેલી મદદની યાદી:-

માસિક મદદઃ-શેઠ માણેકલાલ મોતીલાલ તરફથી દરમાસે રૂ. ૧૦) રૂપિયા દશ પ્રમાણે મળે છે.

લગ્ન પ્રસંગે મળેલી મદદ:- **મદદની રકમ.**

રા. રા. રણછોડલાલ નરસિંહલાલના ચિ. પુત્ર કેશવલાલ અને	રૂ. ૫—૦—૦
રા. રા. મોતીલાલ ત્રીકમલાલની ચિ. પુત્રી બ્હેન કાશી.	,, ૧૧—૦—૦
,, ,, છોટાલાલ હીરાચંદની ચિ. પુત્રી બ્હેન દેવલક્ષ્મી.	,, ૨—૦—૦
,, ,, સાકલચંદ સુંદરલાલના ચિ. પુત્ર મણીલાલ અને	,, ૫—૦—૦
,, ,, ચીમનલાલ મોતીલાલના ચિ. પુત્રી બ્હેન લલિતા.	,, ૧—૦—૦
,, ,, મોતીલાલ કેશવલાલના ચિ. પુત્ર ગોવિંદલાલ અને	,, ૫—૦—૦
,, ,, બાલાભાઇ હરિકિશનદાસની ચિ. પુત્રી બ્હેન ગંગા.	,, ૨—૦—૦
,, ,, બાલાભાઇ કેશવલાલ વસાના ચિ. પુત્ર વાડીલાલ, અને	,, ૫—૦—૦
,, ,, કાળીદાસ ગીરધરલાલની ચિ. પુત્રી બ્હેન શશી.	,, ૪—૦—૦
,, ,, મગનલાલ કાળીદાસ માસ્તરના ચિ. પુત્ર ગોવિંદલાલ, અને	,, ૭—૦—૦
,, ,, ચીમનલાલ ઇશ્વરલાલ ખેડાવાળાની ચિ. પુત્રી બ્હેન મણી.	,, ૨—૦—૦
,, ,, મગનલાલ મોહેલાલના ચિ. પુત્ર ચંદુલાલ અને	,, ૨—૦—૦
,, ,, દલસુખરામ હરગોવિંદની ચિ. પુત્રી બ્હેન મોતી.	,, ૫—૦—૦

ઈનામ ખાતે:-

શેઠ ચીમનલાલ મોતીલાલ.	રૂા.	૧૦—૦—૦
શેઠ નાથાલાલ ત્રીકમલાલ.	રૂા.	૧૫—૧૨—૩
રા. રા. વ્રિજલાલ મગનલાલ.	રૂા.	૪૬—૧૨—૦

રા. રા માણેકલાલ મોતીલાલ બુકસેલર છ ટકો રૂપિયા છની.

ઈનામી નિબંધ.-

રા. રા ત્રીકમલાલ ત્રીભોવનદાસના સ્મરણાર્થે "જ્ઞાતિની ઉન્નતિનાં સાધનો" નો નિબંધ છપાવ્યો તેના ખરચના તેમના પુત્રોએ આપ્યા. રૂ. ૧૮—૦—૦

જમણવાર પ્રસંગે મળેલી મદદ:-

માણેકલાલ મોતીલાલ તથા તેમના ભાઇઓએ તેમના પિતાશ્રીની ન્યાત પ્રસંગે	રૂા. ૧૧—૦—૦
ત્રીકમલાલ પીતાંબરદાસની ન્યાત પ્રસંગે...	,, ૫—૦—૦
મોહનલાલ બાપાલાલે તેમના પિતાશ્રીની ન્યાત પ્રસંગે ...	,, ૧૧—૦—૦
મણીલાલ ચકલદાસે તેમના પિતાશ્રી તથા તેમના દાદાની ન્યાતો પ્રસંગે	,, ૯—૦—૦
મણીલાલ મોતીલાલે બાઇ આદત દલસુખરામ મનસુખરામની વિધવાની ન્યાત પ્રસંગે... ...	,, ૫—૦—૦

પરચુરણ મદદો—

રા. રા ચંદુલાલ ચુનીલાલ મહાદેવીઆ તરફથી એક ઇંગ્રેજી રમતોનો સેટ.	રૂ. ૧—૮—૦
,, ,, હીરાલાલ ચુનીલાલ તરફથી એક પુસ્તક નામે ,, Ten great and good men	,, ૨—૦—૦
,, ,, વાડીલાલ ઇશ્વરલાલે તેમના ભાઇ ગોવિંદલાલ ઇશ્વરલાલના સ્મરણાર્થે બે ખુરસીઓ તથા એક ટેબલ અને એક ટેબલ-ક્લૉથ આપ્યા કિંમત આશરે	,, ૧૨—૦—૦

રા. રા. માણેકલાલ મોતીલાલ શાહ તરફથી ડાયરીઓ નગ ૨૦) મળ્યા. રૂ. ૨–૧૩–૦
" " ગોપાળદાસ ઇશ્વરલાલ તરફથી એક શેતરંજી આપી તેના ...,,૨૧—૦–૦
" " વ્રિજલાલ દોલતરામ ભગત રોકડા ... ... " ૩—૦–૦
" " એક ઉદાર ગૃહસ્થે ઇનામના મેળાવડા વખતે પેંડા વ્હેચ્યા તેના ,,૧૫–૧૧–૦

મદદ કરનારાઓનો 'મંડળ' ખરા દિલથી આભાર માને છે અને આશા રાખે છે કે દરેક જ્ઞાતિ બંધુ આવી રીતે મદદ આપીને મડળના કાર્યને આગળ વધારવામા ઉત્તેજીત કરશે.

આથી આપ સાહેબોને મડળના શરૂઆતના કાર્યથી સતોષ થશે એમ હું માનું છું, અને જ્ઞાતિ બંધુઓ તરફથી શરૂઆતમાજ જે ધણી સારી મદદ મળી છે તે માટે મંડળ જ્ઞાતિ બંધુઓનો અતઃકરણપૂર્વક આભાર માને છે, અને મડળ જે કામ કરી શકે છે તે તે મદદોને આભારી છે.

હવે એક નવીન વાત તરફ આપનુ ખાસ ધ્યાન ખેચુ છું તે એ છે કે આગળ જણાવ્યા મુજબ લાયબ્રેરી ઉભી કરવાની હીલચાલ મડળે કરી છે અને શરૂઆતના ફંડ તરીકે રૂ. ૧૨૬) મંડળના મેમ્બરોએ પોતામાથી ઉભા કીધા છે. અને જ્ઞાતિબંધુઓ પાસેથી મદદ મેળવવા માટે હેન્ડબીલો તથા લાયબ્રેરી ફડના ફૉર્મ ન્યાતમા વહેંચવામા આવ્યાં છે, જેને પુરા ચાર દિવસ થયા નથી છતા પણ મને જણાવવાને ધણો હર્ષ થાય છે કે જ્ઞાતિબધુઓએ અમારા સદરહુ કામને વધાવી લીધુ છે અને રૂપીઆ ૧૨૫) ની રકમના ફૉર્મ ભરાઇ મળી ચુકયા છે.

હવે હુ આપ સાહેબોને છેલ્લી નમ્ર વિનતી કરૂ છુ કે સદરહુ લાયબ્રેરીનુ કાર્ય નાણાની કેટલી વિશાળ મદદની જરૂરીઆતવાળુ છે તે આપ સર્વે સારી પેઠે સમજો છો, માટે આપ સાહેબો આપનો ઉદાર હાથ એવી રીતે લબાવશો કે જેથી બીજા કામોમાં મંડળને જેવી રીતની ફતેહ મળી છે, તેવીજ રીતે આ કાર્ય પણ એક પ્રશંસનીય અને નમુનેદાર નીવડે. લાયબ્રેરીની શરૂઆત માટે ઓછામાં ઓછા રૂપીઆ પંદરસોનુ ફડ અને રૂ. ૨૦૦) આશરેના ફર્નીચરની જરૂર છે, અને તે જરૂરીઆત અમારા મુરબ્બીઓ જેમ બને તેમ તાકીદે અમને પુરી કરી આપશે, એટલે લાયબ્રેરીની યોજના શરૂ કરી લાયબ્રેરી ખુલ્લી મુકવાની ક્રિયાનો મેળાવડો ભરવાને આજના દિવસ જેવો આનદનો દિવસ મેળવવાને મંડળ ભાગ્યશાળી થશે.

હવે હું મંડળનો રીપોર્ટ પુરો કરૂ છુ પણ તે પહેલા વિનંતિ કરૂ છુ કે જ્ઞાતિના જે બંધુઓને મડળના કાર્ય અને વ્યવસ્થા માટે શંકા અથવા મત ફેર ઉત્પન્ન થાય તેઓ સાહેબે પોતાના મનમાં તેવી ગુચવણ રાખવાનુ અગર આસપાસના માણસોને આડે રસ્તે દોરવાનુ નહિ કરતા પોતાની હકીકત મંડળને લખી મોકલવી જેથી મડળ યોગ્ય ખુલાસો કરી તેમના મનનું સમાધાન કરવા માટે સદા તત્પર રહેશે, અને તેવી ટીકા અને સુચનાઓને મંડળ આવકાર દાયક લેખે છે. એટલું કહી આપ સાહેબોએ આજ સુધીમાં કરેલી મદદો માટે તેમજ આજે પધારવા લીધેલી તસ્દી માટે આપ સાહેબોનો તેમજ પ્રમુખ સાહેબ કે જેઓ આ મંડળ શરૂ થયુ ત્યારથી કોઈ પણ જાતની શરત વગરની માસિક રૂ. ૧૦–૦–૦ ની મોટી મદદ આપે જાય છે તે માટે તેઓ સાહેબનો તથા આજની મીટીંગના શુભ કાર્ય માટે મકાન વાપરવા આપવા સારૂ શેઠ ચુનીલાલ જેચંદનો મંડળ તરફથી હું આભાર માનું છુ

સેક્રેટરીનો રીપોર્ટ વંચાઇ રહ્યા પછી અન્ય ગૃહસ્થોએ ઉત્સાહમાં આવી જઇ કેટલુંક વિવેચન કર્યું હતું. ત્યાર પછી પ્રમુખ સાહેબે મંડળ પોતાના કાર્યમાં હર હમેશ ઉત્સાહી રહે અને મુશ્કેલીમા પણ સહીસલામત રીતે પોતાનું કાર્ય કરે જાય એવી ઇચ્છા દર્શાવી હતી. ત્યાર પછી લાયબ્રેરી ફંડ વિશે મંડળની અરજને માન આપી તેજ વખતે પ્રમુખ સાહેબે રૂ. ૨૫) લાયબ્રેરી ફંડમાં ભર્યા હતાં અને પુસ્તકો મુકવા માટે એક કબાટ આપવાનું કહ્યું હતું. બીજા ગૃહસ્થોએ પણ લાયબ્રેરી ફંડમાં બનતી મદદ કર્યા બાદ મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

દશા પોરવાડ યુવક મીત્રમંડળ તરફથી અમદાવાદના દશા પોરવાડ જ્ઞાતિબંધુઓનો ઇનામ વ્હેંચવાનો એક ભવ્ય મેળાવડો રા. રા. શેઠ માણેકલાલ મોતીલાલ મયાભાઇવાળાના પ્રમુખપણા નીચે જે. એલ. હાઇસ્કુલના મકાનમા તા. ૧-૧-૧૯૧૫ ના રોજ ભરાયો હતો. જે પ્રસંગે મંડળના સેક્રેટરી મી. ફુલચંદ મુળચંદ મહેતા બી. એ. એ સભા સન્મુખ મંડળના બીજા વર્ષનો કામકાજ સબંધીનો નીચે પ્રમાણે રીપોર્ટ વાચી સંભળાવ્યો હતો.

"માન્યવર પ્રમુખ સાહેબ તથા જ્ઞાતિબંધુઓ—મંડળને સ્થપાયાને આજ લગભગ પોણા બે વર્ષ થાય છે. અને કહેતા હર્ષ ઉપજે છે કે આજ શાળાઓમા ભણતા છોકરાઓને અને છોકરીઓને બીજીવાર ઇનામ વહેંચવામા આવે છે, આપ સર્વે જ્ઞાતિના મુરબ્બી ગૃહસ્થોએ મંડળીની આમંત્રણ પત્રિકાને માન આપી આપના કિમતી વખતના ભોગે અહીં પધારવાની તસ્દી લીધી છે તેથી આ મંડળ આપ સર્વેનો અંતઃકરણપૂર્વક ઉપકાર માને છે.

ગયે વર્ષે ઇનામ વહેચ્યા ત્યાર પછી આ મંડળે જે કાઇ કામો હાથ ધર્યા છે તેમાં મુખ્ય કામ લાયબ્રેરી ઉભી કરવાનુ હાથ ધર્યું છે તે આપ સર્વે જાણો છો. મંડળ તરફથી કેટલાક ઉત્સાહી ભાઇઓએ લાયબ્રેરી ફંડમાં રકમ ભરાવવાને ઘણીજ મહેનત કરી છે અને કરે છે. તેઓએ રાત્રે ફુરસદના વખતે જ્ઞાતિ ભાઇઓને ત્યાં ફરીને કેટલીક રકમ ભરાવેલી છે પરંતુ દિલગીરી સાથે જણાવવુ પડે છે કે જે કાઇ રકમો ભરાઈ છે તેમાની ઘણીખરી ફરી આવીને ભરાઈ આવ્યા છીએ તેજ છે, પણ હમેશ રાત્રે જવા મુશ્કેલ હોવાથી કામ કરનાર ભાઇઓથી કેટલાક અણધાર્યા સંજોગોને લીધે કેટલીક વખત રાત્રે ફરવા જવાનું નહિ બનવાથી ધારેલી રકમ ભરાઇ નહિ તેથી આજ લાયબ્રેરી ઉઘાડવાની હતી પણ તે ઉઘાડી શકાઇ નથી, અને હવે થોડા વખતમા તે ઉઘાડવામા આવશે એવી મંડળ આશા રાખે છે. જે ગૃહસ્થોએ આ લાયબ્રેરી ફંડમા રકમો ભરી છે તેમનો મંડળ ઉપકાર માને છે, અને આશા રાખે છે કે જેઓએ રકમ ભરી છે અને આપવાની બાકી છે તે ગૃહસ્થો તે રકમો સત્વરે આપશે તો મંડળના કામને ઘણી સરળતા મળશે અને લાયબ્રેરીનુ કામ આગળ ચાલશે.

લાયબ્રેરી ફંડની રકમને માટે ઘણા થોડા ગૃહસ્થો પાસે આજ સુધીમા માગણી કરવામા આવી છે તે સિવાયના બીજા ગૃહસ્થો જેમની લાયબ્રેરી ફંડમા કાંઇક ભરવાની ઇચ્છા હોય તે ગૃહસ્થો રકમ આપશે તો તે આભાર સાથે સ્વિકારવામા આવશે.

લાયબ્રેરી એ એવી ચીજ છે કે જેના વડે માણસને ઘણું જાણવાનુ મળે છે. જેને સાહિત્યનો શોખ હોય તે માણસ તેવા પુસ્તકો વાચી પોતાના જ્ઞાનનો વધારો કરી શકે છે; જેને તત્વજ્ઞાનનો શોખ હોય છે તે માણસ તેવાં પુસ્તકો વાંચીને પોતાના મગજને કેળવે

છે. ટુંકામાં લાયબ્રેરીને લીધે માણસને ફુરસદના વખતમાં આનંદ સાથે જ્ઞાન મળે છે તેમજ પોતાના જ્ઞાનનો બીજાઓને લાભ આપી શકે છે. જે દેશો હાલ આબાદીની ટોચે પહોંચેલા છે તે દેશોની આબાદી આવી લાયબ્રેરીઓને લીધેજ છે. કારણ કે એક સાધારણ સ્થિતિનો આદમી જાતે પૈસા ખરચીને પુસ્તકોદ્વારા જ્ઞાન મેળવી શકતો નથી; પણ એ જ્ઞાન મેળવવાને પુસ્તકોની મદદ જોઇએ છીએ જે જ્ઞાન આવી લાયબ્રેરીઓ પુરી પાડે છે. માટે આવાજ માણસોને લીધે દેશ આબાદ થાય છે.

હિંદુસ્થાન જે વખતે સુધારાની ટોચ પર પહોચેલો હતો તે વખતે પણ હાલની શોધ ઉપરથી એવું અનુમાન થાય છે કે તે વખતે હિંદુસ્થાનમા ઘણો મોટો પુસ્તકોનો ભંડાર હતો. આ ઉપરથી આપને સમજાશે કે લાયબ્રેરીની અગત્યતા કેટલી છે.

મંડળને જણાવતા ઘણી ખુશી ઉપજે છે કે આ વખતે આપણી જ્ઞાતિના મી. નાનાલાલ કે જેઓ હાલ વિલાયતમા છે તેમણે સનદી નોકરીની અઘરામા અઘરી પરીક્ષા પહેલીજ ટ્રાયલે પાસ કરી આપણી જ્ઞાતિને ઉજ્વળ બનાવી છે. મી. નાનાલાલ ઘણાજ બાહોશ તેમજ બુદ્ધિશાળી પુરૂષ છે, તેમજ તેમની મંડળ તરફ પણ ઘણીજ સારી લાગણી છે. આ મંડળે તેમના પાસ થયાના સમાચાર મળતાંજ એક મીટીંગ પોતાના મકાનમાં ભરીને તેમનો મુબારકબાદીનો એક ઠરાવ પસાર કર્યો, અને તે તેમને તરતજ રવાના કરવામાં આવ્યો. જ્ઞાતિમા આવા ગૃહસ્થોની સખ્યામા વધારો થવાની જરૂર છે. બીજું યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષામા આ વર્ષે બે વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી બન્ને જણા ફતેહમંદ નીવડયા છે. એલ. એલ. બી. ની બીજી પરીક્ષામાં એકમાંથી એક ફતેહમંદ નીવડયા છે. બીજુ એલ. સી. ઇ. ની પહેલા વર્ષની પરીક્ષામા એક ઉમેદવારમાંથી એક પસાર થયા છે. પ્રીવીયસમા પણ પાચમાથી બે ફતેહમદ થયા છે. મેટ્રીક્યુલેશનની પરીક્ષામા આ વખતે લગભગ દશ ઉમેદવારમાથી, દીલગીરી સાથે જણાવવુ પડે છે કે કોઇ પણ ફતેહમદ નીવડયુ નથી. પાછળથી એક વિદ્યાર્થી પાસ થએલો જાહેર કરવામાં આવ્યો હતો. કોઈ પણ યુનિવર્સિટીની આજ સુધીની કારકીર્દીમા કોઈ પણ વખત આવુ ઘાતકી પરિણામ આપવામા આવ્યુ નથી. આપ સઘળાએ વર્તમાનપત્રો વાચ્યા હશે તે ઉપરથી આપને પણ વિદિત હશે કે આ વખતનુ મેટ્રીક્યુલેશનનુ પરિણામ ઘણુંજ નિરાશાજનક છે

ગયા વર્ષના રીપોર્ટમા જણાવ્યા મુજબ જે બે વિદ્યાર્થીઓને મંડળ તરફથી ફી અને ચાલતી ચોપડીઓ આપવામા આવી હતી, તે આ વર્ષે પણ ચાલુ રાખવામા આવી હતી. તે બન્ને છોકરાઓનો અભ્યાસ ઘણોજ સતોષકારક નીવડયો છે. એમ તપાસ ઉપરથી જણાય છે. પણ જણાવવાને ઘણીજ દીલગીરી ઉપજે છે કે એ બેમાનો એક વિદ્યાર્થી દેવલોક પામ્યો છે, અને મડળ ઇચ્છે છે કે તેના આત્માને શાન્તિ મળે.

આપ સર્વે ગૃહસ્થોને મડળ વિનતિ કરે છે કે જે ગૃહસ્થોની જાણમાં આવા ગરીબ ભણતા છોકરાઓ હોય તેની મડળના સેક્રેટરીને ખાનગી રીતે ખબર આપવાને મહેરબાની કરવી, અને સેક્રેટરી એવા છોકરાઓને માટે ફી અને ચોપડીઓનો બંદોબસ્ત કરશે.

આ મેળાવડાનુ માન નીચેના ગૃહસ્થોને ઘટે છે, તેમણે અનુક્રમે નીચે પ્રમાણે મેળાવડા પ્રસગે મદદ આપીને મંડળને આભારી કર્યું છે.

ગૃહસ્થોનાં નામ.

રા. રા. વ્રિજલાલ મગનલાલ મોદી–છોકરાઓના ઇનામના માટેના તમામ ખર્ચના રૂ. ૪૦ થી૪૫.
રા. રા. ગોવિંદલાલ દલપતરામ–છોકરીઓના ઇનામ માટેના તમામ ખર્ચના રૂ. ૨૦–૦–૦
ડૉક્ટર પ્રાણલાલ હરીલાલ વસા–છોકરાઓને વહેંચવાની મીઠાઇના ખર્ચના રૂ. ૧૫–૦–૦

રા. રા. માણેકલાલ મોતીલાલ મગનલાલ બુકસેલર–જ્ઞાતિમાં સુધારો શું છે તેનો ખરેખરો હૃદયનો ખ્યાલ મી. માણેકલાલમાંજ છે. તે તેમણે આપેલા ઇનામા ઉપરથી જણાઇ આવશે. તેમના હૃદયની ઇચ્છા એવી છે કે છોકરા અને છોકરીઓના વિવાહ તેમની અભ્યાસ અવસ્થા પૂર્ણ થયા પછી કરવા જોઇએ, તેટલા માટેજ તેમણે પોતાના ઇનામની યોજના નીચે મુજબ કરી છે.

ઇનામ પહેલુ–જે વિદ્યાર્થી બ્રહ્મચર્ય અવસ્થામાં સૌથી ઉચા વર્ગમાં અભ્યાસ કરતો હોય તેને એક ટેબલ કીં. રૂ. ૧૬–૮–૦.

બીજુ ઇનામ–જે અવિવાહીત બાળા ઇંગ્રેજીમા સૌથી ઉંચા ધોરણમાં અભ્યાસ કરતી હોય તેને એક ટ્રંક મોટી. કીંમત રૂ. ૧–૮–૦.

ઇનામ ત્રીજુ–જે અવિવાહીત બાળા ગુજરાતી સૌથી ઉંચા ધોરણમાં અભ્યાસ કરતી હોય તેને એક ટ્રક નાની. કીં. રૂ. ૦–૧૪–૦.

ગયા વર્ષની માફક આ વર્ષે પણ મંડળને લગ્ન પ્રસગે ઘણી સારી મદદ મળેલી છે. જે જે ગૃહસ્થોએ મદદો આપી છે ત ગૃહસ્થાઓનો મંડળ એક વખત ફરીથી ઉપકાર માને છે.

દશા પોરવાડ (વણીક) જ્ઞાતિમાં સને ૧૯૧૪ મા નીચે મુજબ લગ્નો થયેલાં તે પ્રસંગે "દશા પોરવાડ યુવક મિત્ર મંડળ" તરફથી દરેક વધૂવરને અભિનંદન પત્ર મોકલવામાં આવ્યા હતા. આ લગ્નોની ખુશાલીમાં સદરહુ મંડળને મદદ તરીકે જે રકમ મોકલી આપવામાં આવી હતી તેની વિગત નીચ પ્રમાણે છેઃ—

(૧)	રા. રા. મગનલાલ મહોલાલના ચિ. પુત્ર ચદુલાલ અને	રૂ. ૨–૦–૦
	રા. રા. દલસુખરામ હરગોવિંદદાસની ચિ. પુત્રી બ્હેન મોતી.	રૂ. ૫–૦–૦
(૨)	રા. રા. માણેકલાલ ગિરધરલાલના ચિ. પુત્ર મણીલાલ અને	રૂ. ૫–૦–૦
	રા. રા. કેશવલાલ મગનલાલની ચિ. પુત્રી બ્હેન સરસ્વતી.	રૂ. ૧૧–૦–૦
(૩)	રા. રા. કેશવલાલ મગનલાલના ચિ. પુત્ર પોપટલાલ અને	રૂ. ૫–૦–૦
	રા. રા. મણીલાલ નહાનચદ બંગડીવાળાની ચિ. પુત્રી બ્હેન ચપા	રૂ. ૧૧–૦–૦
(૪)	રા. રા. ચુનીલાલ ત્રીકમલાલના ચિ. પુત્ર હીરાલાલ અને	રૂ. ૭–૦–૦
	રા. રા. વ્રીજલાલ કેશવલાલની ચિ. પુત્રી બ્હેન સરસ્વતી.	રૂ. ૧૧–૦–૦
(૫)	રા. રા. હીરાલાલ ઉમેદરામના ચિ. પુત્ર રતિલાલ અને	રૂ. ૪–૦–૦
	રા. રા. મહાસુખરામ દલપતરામની ચિ. પુત્રી બ્હેન લલિતા.	રૂ. ૩–૦–૦
(૬)	રા. રા. શેઠ લલુભાઈ મોતીલાલના ચિ. પુત્ર ડાહ્યાભાઈ અને	રૂ. ૧૧–૦–૦
	રા. રા. મોતીલાલ કેશવલાલની ચિ. પૌત્રી બ્હેન વિદ્યા.	રૂ. ૧૫–૦–૦
(૭)	રા. રા. ચુનીલાલ ગોવિદલાલ ખાડવાળાના ચિ. પુત્ર બલાખીદાસ અને	રૂ. ૭–૦–૦
	રા. રા. મણીલાલ છગનલાલની ચિ. પુત્રી બ્હેન મોતી.	રૂ. ૫–૦–૦
(૮)	રા. રા. બુકસેલર મોતીલાલ મગનલાલના ચિ. પુત્ર રણછોડલાલ અને	રૂ. ૧૧–૦–૦
	રા. રા. બાલાભાઈ કહાનદાસ (ખેડાના) ની ચિ. પુત્રી બ્હેન ચંપા.	રૂ. ૨–૦–૦
(૯)	રા. રા. ગોરધનદાસ છગનલાલના ચિ. પુત્ર ગોવિદલાલ	રૂ. ૫–૦–૦

૫૭૩૫

(૧૦) રા. રા. હરિલાલ રવચંદના ચિ. પુત્ર ચિમનલાલ. રૂ. ૫-૦-૦
(૧૧) રા. રા. ત્રીકમલાલ ત્રીભુવનદાસના ભાણેજ મંગળદાસ અને રૂ. ૧૧-૦-૦
રા. રા. ઉત્તમલાલ ચતુરદાસની ચિ. પુત્રી બ્હેન ચંપા. રૂ. ૧૦-૦-૦
(૧૨) રા. રા. પ્રાણુલાલ હરિલાલ વસા અને રૂ. ૧૫-૦-૦
રા. રા. પિતાંબરદાસ મગનલાલની ચિ. પુત્રી બ્હેન કાશી. રૂ. ૧૩-૦-૦
(૧૩) રા. રા. નાથાલાલ સાંકલચંદ અને
રા. રા. મોતીલાલ છોટાલાલની ચિ. પુત્રી બ્હેન ચપા. } રૂ. ૨-૦-૦
(૧૪) રા. રા. મોતીલાલ નરસિંહલાલના ચિ. પુત્ર ડાહ્યાભાઇ અને રૂ. ૫-૦-૦
રા. રા. છોટાલાલ લલુભાઇની ચિ. પુત્રી બ્હેન મોતી ....
(૧૫) રા. રા. જીવણુલાલ મગનલાલ પોતાના લગ્ન પ્રસંગે રૂ. ૫-૦-૦
રા. રા. ભીખાભાઇ છબીલદાસની ચિ. પુત્રી બ્હેન સુરજ. રૂ. ૨-૦-૦

તા. ૯-૩-૧૫ સુધીની મંડળને નીચે પ્રમાણે બાકી રહેલી મદદની યાદી.

રૂ. ૬-૦-૦ રા. રા. ગીરધરલાલ ઉત્તમરામ, રીફ્રેશમેન્ટ ખાતે.
રૂ. ૫-૦-૦ એક સદ્ગૃહસ્થ તરફથી, મદદના.
રૂ. ૨-૦-૦ ” ”
રૂ. ૧-૦-૦ ” ”
રૂ. ૧૧-૦-૦ રા. રા. માણેકલાલ મગનલાલ તેમના ચિ. પુત્ર નારણુલાલના લગ્ન પ્રસંગે.
રા. રા. ચંદુલાલ છોટાલાલ વસાએ તેમની ચિ. પુત્રી બ્હેન સરસ્વતીના લગ્ન પ્રસંગે આવતે વર્ષ છોકરીઓના ઇનામનું ખર્ચ આપવા કહેલું છે.
રૂ. ૨-૦-૦ રા. રા. બલાખીદાસ છગનલાલના ચિ. પુત્ર પ્રાણુલાલ બલાખીદાસના લગ્ન પ્રસંગે ભેટના
રૂ. ૭-૦-૦ રા. રા. મગનલાલ સુંદરલાલની ચિ. પુત્રી બ્હેન મણીગૌરીના લગ્ન પ્રસંગે ભેટના.
રૂ. ૫૧-૦-૦ શેઠ મણીલાલ મગનલાલ જેએચદ તરફથી ભેટના મ્યુનીસીપાલીટીમા મેમ્બર ચુંટાયા તેની ખુશાલીના.
રૂ. ૨૫-૦-૦ શેઠ માણેકલાલ મોતીલાલ તરફથી મ્યુનીસીપાલીટીમા મેમ્બર ચુંટાયા તેની ખુશાલીના.

આ સઘળા ગૃહસ્થોનો મડળ તેમની મદદને માટે જેટલો આભાર માને તેટલો ઓછો છે. બીજા ગૃહસ્થો પણ તેમનો દાખલો લઈને આવી વખતે મડળને મદદ કરતા થશે તો મડળ પોતાના કાર્યમાં ફતેહમદ નીવડયુ છે તેમ સમજશે.”

સેક્રેટરીનો રીપોર્ટ વચાઇ રહ્યા બાદ અન્ય ગૃહસ્થોએ કેટલુક વિવેચન કર્યું હતું. ત્યાર પછી જ્ઞાતિના કેટલાક છોકરા તથા છોકરીઓએ સભા સન્મુખ કૉનસર્ટ ભજવી બતાવ્યું હતું. તે પછી પ્રમુખે ઘટતા શબ્દોમા મંડળ પોતાનુ કાર્ય કરવામાં ફતેહમંદ થાય, એવી ઇચ્છા દર્શાવી તથા છોકરા તથા છોકરીઓને ઇનામ વહેંચ્યાં હતાં. મેળાવડાનું કાર્ય પૂરૂ થયા પહેલાં રા. રા. શેઠ મણીલાલ મગનલાલ જેચદે મડળના કાર્યથી સંતોષ પામીને મડળને માસિક રૂ. ૨૫) પચીશ રૂપીઆની મદદ આપવાનુ જાહેર કર્યું હતું. તે પછી છોકરા છોકરીઓને પેંડા વહેચ્યા બાદ મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.”

(૧.)

વિદ્યોન્નતિના કાર્યને સહાય ન કરનાર જીવોને ઉપાલંભ.

(અજબ ગજબ પ્રેમ સદનમાં સાલે........એ લય.)

વિદ્યોન્નતિ કાર્ય કરતાં, જીવ બાળે શાને ?
જ્યા જગ વહેવારોમા વિત્ત તો ઉરાડે. ૧
ઉન્નતિના કાર્ય માટે મદદ કો માગે,
હાથ પાછો તાણે લોભી, છુપાડે મો શાને ' ૨
રંભા જેવી રામા સુંદર, પરણવા ધારે,
દ્રવ્ય તો અથાગ દેતા, જરા ન વિચારે. ૩
સીમંતના અવસરો વેળા જમણો જમાડે,
સ્ત્રીધન ગીરો મુકતા, દિલ ના દુઃખાડે. ૪
નાટકો કે મુજરા માહે, નોટો જઈ વટાવે;
ચાહના કટોરા પીતા, મિત્ર સાથે મહાલે. ૫
કોટીનના સુટ પહેરી, સ્ટીક હાથે ઝાલે,
સુટરના શુઝ પાયે, કોલર વિણ ન ચાલે ૬
પગે ચાલી ગાઉ જાતા, ભાંય લાગ ભાગે,
હય કેરી ગાડી જોઇએ, બેસવાને કાજે. ૭
પરધન હરી લેવા, વલખા તો મારે.
અસંખ્ય આંખોમા ધૂળ, ધોળે દીને ઘાલે. ૮
ફંડો માહે વૃદ્ધિ કરની, વિદ્યાદાન કાજે,
અંતિમ વિનતિ છે એ, બંધુ ઉર ધારે. ૯
જ્ઞાતિ બાળ વિનવે, નમીને સાષ્ટાંગે,
પ્રભુ સાનુકુળ થાતું, વિદ્યાદાન કાજે ૧૦

અમદાવાદ }
સારંગપુર—તળીઆની પોળ. } **નારણદાસ જીવણલાલ શાહ.**

તા. ૨૫-૩-૧૫નો મંડળનો મેળાવડો તા. ૨૮-૩-૧૫

(૨.)

રામનવમી.

(લેખક. બુકસેલર માણેકલાલ મોતીલાલ.)

" પ્રિય બંધુઓ ' આજરોજ શ્રી રામચંદ્રજીના જન્મોત્સવના નિમિત પ્રસંગેજ સ્વ. જ્ઞાતિબંધુઓના મિત્રમંડળનો જન્મોત્સવ ' બન્ને જયંતીઓના આનંદનો લહાવો લેવા ભેગા મળેલા ભાગ્યશાળી ભાઇઓમા મને આનંદ ઉલ્લાસમા બોલવાનો ઉભરો આવે છે તો તે બોલવા દેવા માટે પ્રભુનો અને આપનો આભારી છુ.

સ્વજ્ઞાતિ યુવકો જ્ઞાતિસાઝનુ મળે ત્યારે તેમા સુવ્યવસ્થાનો સુધારો થાય તે અર્થે ભાગ લેવા બોલવા જતા તો તેમનુ અપમાન થતું, અગર અન્યાયી પ્રપંચ પાસમાં ફાવતું કરનારા બનાવવા તત્પર થતા. આ પ્રમાણે અનેક રીતે તેમના કામકાજમાં ભારે અંધાધુધીની જોઇ ભાસ્યા. પરમાત્માએ તેમને સન્મતિ આપી કે તુરત તેઓ ધિક્કારવા લાયક ધાધલીયા પક્ષાપક્ષથી અને અન્યાયી બખેડાથી દૂર રહી આપબળથી થાય તેટલી વધારે ઉંચી દિશા સાધવાને તત્પર થયા. ઇશ્વિરી જ્ઞાન દિશાએ દોરાયલા મિત્રો ભેગા થયા. **સદાચારની શ્રેષ્ઠ શ્રેણીએ** અને સત્યતાના અચળ નિયમોથી અને વધુ સંપથી ઉન્નતિ સાધક કાર્યો માટે યુવક મિત્ર મંડળની સ્થાપનાની જરૂર જણાઇ અને શ્રી હરિની કૃપાદષ્ટિ અને અમીદષ્ટિએ શ્રી પુરૂષોત્તમ સર્વોત્તમ શ્રી રામચંદ્રજીનોજ જયતિ દિવસ સારા શુકનના રૂપેજ અને કુદરતી રીતેજ આ પ્રસગ રામનવમી મહોત્સવ દિન પ્રાપ્ત થયો. અહો ધનભાગ્ય કેવળ આજના દિવસ માટે. મડળના મિત્રો મક્કમ રહે કે ના રહે, નિયમીત રીતે ભેગા થઇ કરવાનાં કામો-વાળાં વચનો ફળીભૂત કરે કે ના કરે, કુદરતી નિયમો માટે સત્યનું સેવન કરે કે ના કરે— સંપમા રાચે કે કુસપમા, ગમે તેમ હોય પણ તર્ક-વિતર્ક કે નિરાશા માટે હવે અવકાશજ રહે નહિ એવો મહિમા સદરહુ જયતિના દિવસનોજ છે. હજારો મંડળો મથી મરે પણુ સદરહુ જયતિ દિવસ જે સર્વોત્તમ આત્મિક-ધાર્મિક બળની કેળવણીનો પ્રચાર કરે છે તે કેટલો આશ્વાસનદાયક અને સ્તુત્ય છે ! કઈ કઇ માણુસો નામના કરી જવાને કંઇ કંઇ કાર્યો કરે જાય છે. પાચ દશ કે પચ્ચીસ વર્ષે કે કઇ વધુ વખતે પણ તે ભૂસાય છે. પણુ લગભગ પાચેક હજાર વર્ષ પૂર્વના શ્રી પુરૂષોત્તમ-સર્વોત્તમ શ્રી રામચંદ્રજીનો ઉત્સવ તો સર્વ માન્ય-ના મળે તેમની ભક્તિમા હાડછેડ કે મારામારી કે ના મળે તેમના ઉત્સવ દિવસમાં આનંદની ખામી-સર્વ સ્થળે આનદજ આનદ સાક્ષાત શ્રી રામચંદ્રજીના વખતના જેટલા લોકોએ જયતિ આનંદ ઉત્સવ પાળ્યો હશે તેથી અનહદ અધિક લોકો આજે મહાન લાંબા કાળે મહા મોટા આનદની લેહેરો ભોગવ્યા કરે છે. કાળની ગતિ સાથે કોઇ ધર્મવીરનું નામ ઘસાતું જાય ત્યારે શ્રી રામચદ્રજીના નામનો મહોત્સવ તો ચક્રવર્તી વ્યાજે વધ્યાંજ જાય તેનુ કારણ શુ ? કારણુ આ લોકે અને પરલોકે સુખી થવાના કુદરતી નિયમોનાં દષ્ટાતો તેમના પ્રબળ જીવન ચરિત્રમાથી મળે છે. તો આખો મીચીને રામનવમીનો ઉત્સવ ગમે તેમ અડબગ રીતે ગાડરીયા પ્રવાહે ચાલનારાને જરા આખો ઉઘાડી દેખાડવામાં આવે તો બસ. સર્વ સુખની સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય.

શ્રી રામચદ્રજીના જીવનચરિત્રમાથી આપણુને ઘણુ ગ્રહણુ કરવાનુ મળે છે. તેના શોધન-માંનો કાંઇક ખ્યાલ સારરૂપે કાઢીએ તો આપણો શ્રી રામનવમીનો મહોત્સવ સફળ થાય અને જીવનનો આદર્શ સુધારવાનુ બને તો ટુચકારૂપે થોડો નમુનો કાઢવાનુ મન થયુ છે તો તે વિવેકપુરતુંજ ગણાશે એમ આશા છે.

બ્રહ્મચર્યનું પરિબળ—શ્રી રામચદ્રજી, લવ, કુશ અને શ્રી હનુમંતજી આદિ પાત્રો બતાવે છે.

સતિધર્મ-પતિસેવા—શ્રી સીતાજી બતાવે છે. પતિ સાથે વનમા જવુ, રાવણુનો વૈભવ કામનો નહિ, ધોબીના મેહેણે વનમાં ગયા તોપણ રાગદ્વેષ નહિ. છતાં તે ધર્મ શિખવાને બદલે ચાલુ જમાનામાં દર્શને જતા બૈરા તો કહેતા જશે કે મારે દર્શન ખોટી થાય છે. માટે ખાવુ હોય તો ખાઈ લેજો. ખાવા આપવાની ફુરસદ નથી.

સીતાજીના ધર્મ-વર્તન પાળવાની જરૂર નહિ પણ કેવળ તેમનાં દર્શન કરવામાંજ ધર્મ આવી ગયો. આ દોષ સ્ત્રીકેળવણીને કુવામાં નાંખનારનો કે કેવળ સ્ત્રીઓનોજ !

સ્ત્રીના મોહની હઠ થકી સ્ત્રીની મતિ પાનીએ જાય છે !—તકેટી મૃગચર્મની કાંચળી માટે શ્રી રામચંદ્રજીને જવું પડે છે. તેમના વિવેકજ્ઞાનનો તેજ સીતાજીથી અનાદર થાય છે ! તેમજ લક્ષ્મણજીને પણ અવિવેકી મેહેણાં સાભળવાં પડે છે.

રણસગ્રામમા પણ સાથે અને તે પ્રસંગની સ્ત્રીઓની વીર્યતા તથા મહાભારત સદ્ગુણ સાથે મહાભારત દુર્ગુણની પણ છત. — કૈકેયી દશરથને રથના ચક્રમા આંગળી ઘાલી બચાવે છે અને તેજ કૈકેયી અસત્ય-અન્યાયીપણે દશરથ રાજાને મુઝવણમાં નાખી મોતનુ કારણરૂપ થઈ પડે છે.

એક પત્નિવ્રત—શ્રી રામચદ્રજી બતાવે છે. હાલના ધર્મની ટોચના કેળવણી પામેલા આપણા યુવક મંડળમાથી કોઈ પણ હિમ્મત ઘાલી બતાવે એવું મને તો લાગતું નથી, અગર હરકોઈ સુધડ જ્ઞાતિનો ધારો પણ તે પ્રમાણે જરૂર પાડી દોરવી શકતો હોય તેવુ દેખાતું નથી.

મોઘુ મુત્સદ્દીપણું—ઇંદ્રાસનને બદલે નિદ્રાસન માગે તે કુંભકરણથી સમજાય છે.

નિયોગ-પુનઃલગ્ન અને મતનો દુરાગ્રહ નહિ. — મંદોદરી તથા વાલી સ્ત્રીના દષ્ટાંતો છે. શ્રી રામચદ્રજી એક પત્નીવ્રત પાળનાર છતા બીજાઓની સરળતા ખાતર પોતાનો મત માર્યો.

માતૃભાવથી બ્રહ્મચર્યની શુદ્ધ નિષ્ઠા સચવાય છે. — સીતાજી સાથે અહોનિશ રહેવા છતા લક્ષ્મણજી કહે છેઃ સાદથી કે સાંકળાથી સીતાજીને ઓળખી શકું.

ભ્રાતૃભાવ—લક્ષ્મણજીનો રામચદ્રજી પ્રતિ તેમજ ભરતજી અને શત્રુઘ્નજીનો. આપણે ભાઇઓ તો લડી મરીએ પણ ખરા.

અન્યાયી લાલચને લાત—ભરતજી માતા કૈકેયીએ માગેલુ રાજ્ય જોઇ રડે છે-ના જોઇએ !

શત્રુઘ્નની વફાદારી—રામચદ્રજી પાછા આવે છે કે તુરત પગે લાગી તેમની ગાદી પાછી સુપે છે.

માતૃ, પિતૃ, શ્રદ્ધા-આજ્ઞાપાળક. — પોતે સાચા હકદાર છતા ગાદી છોડી વનવાસ જઇ ઓરમાન માતાજીને સગા માતાજી તુલ્ય ચાહી માતાજી પિતાજીના વચનને માન આપે છે.

ધિક્કારપાત્ર દ્વેષભાવત્યાગી—શ્રી રામચદ્રજી કૈકેયીને સૌથી પહેલા નમવા જાય છે.

ક્રોધ ત્યાગી ક્ષમાએ વેરીને મિત્ર કરવાની ઇચ્છા. — રાવણને અંતકાળના સંગ્રામમા રામચદ્રજી કહે છે કે હજુ સીતાજીને આપો તો જીવતદાન મળે.

આત્મસંયમ. — ચૌદ વરસ ટાઢ, તડકો વેઠી વનમા ફરવું અને ફળફળાદિ ખાવા. જ્યારે **આપણામાં મુઆ પછીની મીજલસો પણ છોડાતી નથી !**

ગરીબોનું સન્માન ભાવ ભૂખ્યા. — પહેલા સવરીને ત્યા પધાર્યા અને ભાવના એંઠાં બોર ભાવપૂર્વક ખાધા અને તેનો ભાંવ દેખાડી મોટા ઋષિ મુનીઓની પરોણાગત પછી સ્વીકારી.

સામાજીક સેવક.	હનુમાનજી, સુગ્રીવ, અંગદ વિગેરે રામચંદ્રજીને સહાયતા આપી કરી દેખાડે છે.

ઉંચી સ્ત્રી કેળવણી—મંદોદરી રાવણુ સાથે તાર્કીક બોધને લઈને બ્રહ્મ પરમબ્રહ્મની ઓળખ ધર્મ સંવાદથી દેખાડે છે. તે કેટલો બધો ગ્રાહ્ય તથા અસરકારક હાલના લોકોને થઇ પડયો છે.

પિતૃ પ્રેમ.	રામચંદ્રને વનવાસની વાતે દશરથ પિતા બેભાન થાય છે.
માતૃ પ્રેમ.	કૈકેયી ગેરમાર્ગે વચનનો ઉપયોગ કરે છે. પોતાનાં બાળકોના હિતની ખાતર સ્વર્ગનું સુખ જોવાને અગર કર્મ બંધનની દરકાર કરતી નથી.
શોકમાં હર્ષ અને ભૂંડામાંથી ભલું.	રાજગાદી છોડવા માટે રામચંદ્રજી બતાવે છે કે દુનિયાનો અનુભવ મળશે અને અધર્મનો નાશ કરવામા પરમેશ્વરનો મહિમા વધારાશે.

નેમધારી વીરતા—એકજ બાણે કામ કરે અને તે પાછા પડે નહિ અને બાણે પાછુ પડે નહિ.

લાચારીએ પોલીસીનો ઉપયોગ—વાલી, કુંભકરણ, અહીરાવણ, મહીરાવણે પોલીટીકલ બળ મેળવ્યા છે ત્યારે તેમનો નાશ પણ પોલીટીકલપણે કર્યો છે.

વિજ્ઞાનની છત.	લંકાનો પુલ–પુષ્પ વિમાન–એકના અનેક બાણુ થાય. વિજ્ઞાનનો લાભ ભૂલાય નહિ તે માટે તો રામશેતુની જાત્રા છે.
પૈસાની કે સ્વાર્થની ભક્તિ નહિ પણ હૃદયથી આત્મિક ઉદ્ધારની દાસભક્તિ.	હનુમાનજી લાયક નરની સેવા જીંદગી સુધી સ્વીકારે છે. મોતીનો હાર ફેંકી દે છે.
દેશાટન અને સમુદ્ર પર્યટન.	શ્રી રામચંદ્રજી પોતે કરે છે અને તેજ રામચંદ્રજીની આગળ રોજ પ્રસાદીના થાળ ધરાવી જમનારા વટલાતા નથી બલ્કે પાવન થાય છે.

આ ઉપરાત બીજા ઘણા ગુણો આપણને રામચંદ્રજીના ચરિત્ર પર પ્રાપ્ત થાય છે, અને તેટલાજ કારણે સર્વગુણસંપન્ન થવાય તેજ કારણે રામચંદ્રજીની મૂર્તિના દરશનનો અને જયંતિનો મહિમા ધર્માચાર્યોએ વધાર્યો છે. આપણા જીવન સાથે રામચંદ્રજીના જીવનનો મુકાબલો કરવાથી દિનપ્રતિદિન આપણે પણ આપણુ જીવન સુધારી શકીએ તેમ છીએ.

મને છેવટે આ સંબંધમા એટલોજ વિચાર થઇ આવે છે કે આજના સમયમાં યુરોપાદિ દેશોમાં શારીરિક શક્તિમાં ન્યુનતા નથી. બુદ્ધિ પ્રવાહમા પણ ન્યૂનતા નથી. આ પ્રમાણે શારીરિક અને માનસિક બળમા સર્વોપરી છતા તેઓ સુખની ઝાંખી થવાને બદલે દુઃખી છે. આ ઉપરથી આપણને સમજવાનું મળે છે કે **ધાર્મીક ઉન્નતિ** નથી. ધાર્મીક બળ સાથેજ જો શારીરિક અને માનસિક બળનો યોગ હોય તોજ સર્વોત્તમ સુખ શાંતિની પ્રાપ્તિ થાય. માટે આપણે રામનવમી જેવા શુભ ચરિત્રના દિવસો વિવેક પુરઃસર મનન કરવા જોઇએ. શ્રી રામચંદ્રજીના વખતમાં મ્યુનિસિપાલીટીના જેવી કમિટીઓની જરૂર પડી નથી. પાર્લામેન્ટોની જરૂર પડી નથી. કોર્ટો અને વકીલોની જરૂર પડી નથી. છતાં રામરાજ્યની ભાવના દૂર થતી નથી એ શુ! આ સવાલ થતાજ આપણને

સ્પષ્ટ સમજાય છે કે તે વખત ધર્મનો પોરો હતો. ચાહે તો કહો સતનો પોરો હતો, ચાહે તો કહો વિવેક પરસ્પર સમદષ્ટિનો પોરો હતો, ચાહે તો કહો વિવેકનો પોરો હતો. તો ઠામે ઠામે નહિ તો છેવટે આપણે આપણી સ્વજ્ઞાતિમાં પણ કાંઇક કાંઇક તેવું રામચંદ્રજીના સમયના માણસો જેવું થવાય તેવો પ્રયત્ન કરી સુધારો કરવા કરાવવા પ્રયત્નશીલ રહીશું તો પરમાત્મા આપણને સહાયજ થશે. સબબ આપણા મંડળની સ્થાપના પણ રામનવમીની જયંતિ દિવસેજ થઈ છે અને તેજ શુકન સર્વોત્તમ આશાના છે, અને તેજ કારણે આજ રોજ આપણે આનંદોત્સવ સ્વીકાર્યો છે તો કામ કરવાને દૃઢ નિશ્ચય કરો અને પછી આનંદ ભોગવવા તત્પર થઇએ.

(૩.)

દાન અને તે કેવી રીતે કરવું.

"બંધુઓ ! આપણા ભારતવર્ષમા કરોડો રૂપીઆ વર્ષે દહાડે દાન પછવાડે ખરચાય છે. પરંતુ તેથી કાંઇ પણ વધુ લાભ થયેલો નજરે જોવામા આવ્યો નથી. સસ્કૃતમા **દા** = આપવુ એ ધાતુ ઉપરથી દાન શબ્દ નીકળ્યો છે. આપણા સનાતન ધર્મના શાસ્ત્રકારો દાનનો મહિમા લખી ગયા છે એટલુજ નહિ પણ જગતની સર્વ પ્રજાઓમા દાન ને ધર્મનુ એક અગ ગણેલુ છે. દાન એ શબ્દજ કલ્યાણનુ ભાન કરાવે છે અને તેથી દાન લેનાર વર્ગનુ કલ્યાણ થવુંજ જોઇએ. **દાન આપવું એ જેટલું જરૂરનું છે તેથી વધુ જરૂરનું તે કેવી રીતે આપવું એ સમજવામાં, અને અમલ કરવામાં સમસ્ત જગતને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ લાભદાયક છે.**

દાનની અગત્યતા અને મહત્વત્તા:—

વેદાંત દષ્ટિથી જોતા આપણને જણાય છે કે ઇશ્વરની શક્તિ સર્વત્ર ઠેકાણે વ્યાપ્ત છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જોતા આપણને જણાય છે કે ઇશ્વરની બનાવેલી દરેક ચીજ અન્ય ચીજ પર દાનજ કરી રહી છે. વર્ષારૂપી દાનથી સમસ્ત પ્રાણી વર્ગનુ જીવન ટકી રહેલુ છે. વરસાદથી પોષણ મેળવી અનાજ, વનસ્પતિ મનુષ્ય વર્ગની ઉત્તમ સેવા બજાવે છે. જડ વસ્તુઓને કુદરતી સાધનોથી પોષણ મળે છે અને તે જડ વસ્તુઓ મનુષ્ય વર્ગની સેવામા જ્યારે ને ત્યારે તૈયાર રહે છે. પશુ પક્ષી આદિ જાનવરો મનુષ્ય વર્ગ તરફથી જેટલુ મેળવે છે તેથી વધુ ભોગ મનુષ્ય વર્ગને માટે આપી પોતાના જીવનનુ સાર્થક કરે છે. ઝાડપર જેમ વધુ ને વધુ ફળ બેસતા જાય છે તેમ તેમ તે વધુ ને વધુ નીચુ થતુ જાય છે અને લોકોને માથું નમાવી ફળોનો ઉપયોગ કરવા વિનંતિ કરતુ ન હોય તેમ જણાય છે. ઇશ્વર સમસ્ત જગતની સભાળ લે છે તેમ આપણે આપણા બંધુઓની સભાળ લેવીજ જોઇએ. કુદરતના સાધનોનો ઉપભોગ કરતા તે ખુટી જતા નથી, તેમ આપણા સાધનો આપણા બંધુઓના હિતાર્થે વાપરવાથી ઓછા થતા નથી પણ તે વધતાજ જાય છે. દરેક મનુષ્યના શરીરમાં રહેલો આત્મા એકજ છે અને ઇશ્વરે જે મનુષ્યોને વધુ સાધનો આપેલા છે તેઓની પાસેથી પોતાની ઉન્નતિ સાધવાને માટે જોઇતા સાધનો મેળવવાનો દરેક મનુષ્યને હક છે, અને તે મેળવે છે. દાન આપવુ એ ઇશ્વરી ગુણ છે અને તેમાં માનવ જીવનનુ સાર્થક છે.

દાન આપવાની પદ્ધતિ અને તે પર એક દૃષ્ટાંત.

એક વખત જુદા જુદા ગામમાં રહેતા બે મનુષ્યો એક ઠેકાણે સમાગમમાં આવતાં પોતપોતાના દેશના રાજાની ઉદારતાનાં વખાણ કરવા લાગ્યા. એક—"અમારા રાજા સાહેબ જ્યારે ગાડીમા બેસી શહેરમાં ફરવા નીકળે છે, ત્યારે પાછળ ભીખારીઓના ટોળે ટોળાં દોડે છે, અને તેઓ મૂઠા ભરી ભરી ગીનીઓ ઉડાડી તે લોકોનાં દરિદ્ર દુર કરે છે.

બીજો—" અમારા શહેરમાં લોકો પોતપોતાના ધંધામાં એટલા બધાં મચી રહ્યાં છે કે એક વખત અમારા રાજાજી પોતાની વર્ષગાઠની ખુશાલીમા ગરીબ લોકોને રાજી કરવાના ઇરાદાથી ગાડીમાં ફરવા નીકળ્યા, અને રસ્તામા ગીનીઓ ફેંકવા લાગ્યા, પણ લોકોને ઉદ્યોગને કારણે તેને ઉપાડી લેવાની ફુરસદ નહિ હોવાથી રાજાજીને પોતાના માણસો પાસે તે લેઈ લેવડાવવી પડી, અને તેનું ઘાસ મગાવી ગાયોને નખાવરાવ્યું.

આ ઉપરથી બંધુઓ સમજવામા આવ્યુ હશે કે, દાન આપવાની પદ્ધતિ બીજા રાજાની ઉત્તમ હતી, તે રાજાએ પ્રજા વર્ગને કેળવણી રૂપી દાન એવું ઉત્તમ રીતે આપ્યુ હતું કે લોકો ઉદ્યોગથીજ ઉત્કર્ષ સાધવા પ્રયત્નમાં લાગી ગયા હતા. દાન એવી રીતે આપવુ જોઇએ કે જેથી ગરીબાઈનો નાશ થાય. દાન એવી રીતે આપવુ જોઇએ કે જેથી દેનાર લેનાર તેમજ સમસ્ત જનસમાજનુ જેમા કલ્યાણ સમાયેલુ હોય.

જે દેશના સાધનસપન્ન લોકો પોતાની શક્તિ અને સાધનોનો ઉપયોગ સાધારણ જનસમાજના હિતના ખાતર છૂટથી–ઉદારતાથી કરે છે. તેઓ દેશની ઉત્તમ સેવા બજાવે છે, અને તેઓ તેવા યત્નથી પરોક્ષ રીતે પોતાનીજ ઉન્નતિ સાધે છે. અમેરિકા જાપાન આદિ દેશો અત્યારે જે ઉન્નતિ ટોચે પહોચેલા છે તેનું કારણ તે દેશોના પૈસાદાર વર્ગની દાન કરવાની ઉત્તમ પદ્ધતિને આભારી છે. દાન લેનાર વર્ગ તેટલોજ ઉત્સાહી અને ખંતીલો છે. જેટલો પૈસો દાનેશ્વરીઓ દાનમા ખરચે છે તેથી વધુ ધન, દાન લેનાર વર્ગ કળા કૌશલ્યમાં પ્રવિણ થઇ, વેપાર ઉદ્યોગમા આગળ વધી દેશને પ્રાપ્ત કરી આપે છે. એક દરે દેશની દોલતમાં વધારો થાય છે. અરસપરસના સરખા ઉત્સાહ અને ખતથી તે દેશોની આબાદી થયેલી છે.

આપણા ભારતવર્ષમા પ્રત્યેક વર્ષે અસખ્ય અમેરિકનો, જાપાનીઝો, જર્મનો વગેરે આવે છે, અને કાઇ કાઈ નવીન વિદ્યા પ્રાપ્ત કરી જાય છે, અને તેમ કરી પોતાના દેશની દોલતમા વધારો કરે છે. અફસોસની વાત એટલીજ છે કે આપણા ભારતવર્ષમા ગરીબ વર્ગ તરફ તવગર વર્ગ બેદરકાર છે. ખરેખરી રીતે જોતા તવગર વર્ગની જાહોજલાલી ગરીબ વર્ગની મહેનત અને મજુરીને આભારી છે. હિંદુસ્તાનની અદર ચાલતા કારખાનાંઓ ગરીબ વર્ગની મહેનત પર આધાર રાખે છે. અનાજપર સમસ્ત જનસમાજનુ જીવન ટકી રહે છે, અને તેને પેદા કરનાર ખેડુતો ગરીબજ છે. ગરીઓના પરસેવાના પ્રતાપે જાહોજલાલી ભોગવનાર પૈસાદાર વર્ગ તે ગરીઓની સંભાળ લેવા, તેમને ઉત્તમ કારીગરો બનાવવાને સુશિક્ષણ મળવા વ્યવસ્થા કરવી એ તેમની ફરજોમાની એક અગત્યની ફરજ છે. **ગરીઓ, પૈસાદારના હાથ પગ સમાન છે; અને તેઓને ઉન્નતિમાં લાવવા પ્રયત્ન કરવા તે પોતે વધુ ઉન્નતિ મેળવવાના પ્રયત્ન કરવા સમાન છે.**

Charity begins at home.

'ઘરનાં છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો,' એ કહેવત અનુસાર, દેશની ઉ-

ન્નતિ અને ઉત્કર્ષ સાધવા પ્રયત્ન કરવા અને ઘર અને પોતાના કુટુંબ સમાન જ્ઞાતિ જનોને માટે કાંઇ પણ ન કરવું એ પ્રસંશનીય દાન નજ કહેવાય. પ્રથમ પોતે, પછી ઘર, કુટુંબ, જ્ઞાતિ, એમ અનુક્રમે દાન આપવાની ઉદારતા લબાવવી જોઈએ.

ખાનપાન, વસ્ત્રાદિ દાન આપનાર ઉદાર મનુષ્યો આપણા દેશમાં ઘણા છે. તેવા દાનોની પણ જરૂર છે. મતલબ, તેવા દાનોની વિરૂદ્ધમાં મ્હારૂં કહેવું નથી. **સર્વ દાનોમાં વિદ્યા દાન એજ શ્રેષ્ટ છે.** અને તેથી કરીનેજ ભવિષ્યમાં ખાનપાન, વસ્ત્રાદિ મેળવવા ભટકતો ગરીબ–આળસુ વર્ગ નષ્ટ થશે, સુખી થશે.

આ નિંબધ લખવાનો હેતુ કેટલેક અંશે આપણી જ્ઞાતિના હિતાર્થે છે અને તેથી કરીને ખાસ સ્વજ્ઞાતિ હિતાર્થે લખું છું.

આપણી જ્ઞાતિના કુદરતી પ્રજાના હિતાર્થે એક મોટા કેળવણી ફંડની ખાસ જરૂર છે. દરેકે દરેક માબાપ પોતાના બાળકોને સાધનોના અભાવે પૂરતી કેળવણી આપી શકે નહિ, અને તેથી કરીને ગરીબ અને સાધારણ વર્ગના બાળકો અને યુવકો ઉંચી કેળવણી મેળવવા બેનસીબ નીવડે છે. પરંતુ જ્ઞાતિનુ ફંડ હોય તો તેમાથી આપણી જ્ઞાતિનો દરેક યુવક પોતાની ઉમેદ પ્રમાણે અભ્યાસ કરી જ્ઞાન મેળવી, વ્યાપાર, હુન્નર ઇત્યાદિમા પ્રવીણ થઇ આપણી જ્ઞાતિની કીર્તિમાં વધારો કરી શકે.

આપણી જ્ઞાતિમાંથી એક યુવક મી. નાનાલાલ ચીમનલાલ મહેતા સીવીલીયન થયા છે. એ પરીક્ષા વિલાયતમા થાય છે અને તેમા પસાર થવાને પૈસાનો વધુ ભોગ આપવો પડે છે. મી. નાનાલાલને જેટલો ધન્યવાદ ઘટે છે તેથી વધુ ધન્યવાદ તેમના માતા પિતાને ઘટે છે, કારણ જો મી. નાનાલાલનાં માતા પિતા તેમના પુત્રથી જુદા પડવા અને લક્ષ્મીનો ભોગ આપવા તૈયાર થયા ન હોત તો મી. નાનાલાલ વિલાયત જવા ભાગ્યશાળી થાત નહિ. માટે આપણા જનસમાજના યુવકોના ઉત્સાહ અને ઉમગને ઉત્તેજન આપનાર નિવડે તેવો દીલસોજી ધરાવનાર વર્ગ ઉભો કરવાની જરૂર છે. કુદરતી રીતે જોતા જેમ નીચા ઝાડજ વધુ ફળદ્રુપ હોય છે તેમ ગરીબ વર્ગમાથીજ બુદ્ધિશાળી છોકરાઓ નીકળી આવે છે. અને તેટલા માટેજ એકત્ર સાધનોથી ગરીબ અને સાધારણ વર્ગના છોકરાઓને કેળવણી મેળ-વવા જોઇતા સાધનો સસ્તા કરી આપવા એના જેવું એકે ઉત્તમ દાન નથી, એટલુંજ નહિ પરંતુ સમસ્ત જ્ઞાતિની ઉન્નતિના ગણેશ બેસાડવા જેવુ છે. આપણા વડીલોએ કરેલા સારાં કામોની બડાઈ હાકવાનો અને આપણે કરેલી ભૂલોને માટે અફસોસ કરવાનુ છોડી દઇ પાનું બદલવાનો સમય આવી પહોચ્યો છે.

વિદ્યા અને પૈસા એજ ખરી તાકાત, શક્તિ છે.

દરેક માબાપ પોતાના બાળકપર ઘણાજ પ્રેમથી જુવે છે. તેનામાજ પોતાની કીર્તિ વધવાની આશા મૂકે છે તથા તેને સર્વે રીતે સુખી જોવા ઇચ્છે છે, અને તેમ થવા બનતો ભોગ આપે છે તેવીજ રીતે દ્રષ્ટિ વિશાળ કરી જોતા સમસ્ત જ્ઞાતિ એ એક કુટુંબ સમાન છે. એને જ્ઞાતિના હિતસ્વીઓએ, જ્ઞાતિના યુવકોને, જ્ઞાન અને વિદ્યા મેળવવા માટે પૈસા-રૂપી સાધનો એકઠા કરી આપવા, એ જેમ એક માબાપ પોતાના છોકરાને વારસો સોંપે છે, તેના સમાન છે

પૈસા કેમ એકઠા કરી આપવા.

પીવામા જેટલું પાણી જાય છે તેથી અન્ય રીતે લોકો ઘણું પાણી ખરાબ કરે છે.

લોકો પૈસા ઘણા ખર્ચે છે, પરંતુ જેટલું ઉપયોગ માટે ખર્ચાય છે તેના કરતા મોજમજાહ, એશઆરામ, ખોટી કીર્તિ માટે, રૂઢી રીવાજો પછવાડે, જમણવાર લગ્નાદિ પ્રસંગોમા વધુ ખર્ચાય છે.

પાણીનો દુકાળ પડતાં, પીવા સિવાય અન્ય રીતે નકામું પાણી વાપરતા સરકારને સખ્તાઇ કરવી પડે છે. તેવીજ રીતે વિદ્યા, કેળવણી પછવાડે વધુ પૈસા ખર્ચવા એ જરૂરતું છે, તો જ્ઞાતિરૂપી સરકારે જ્ઞાતિજનોને અન્ય રીતે પૈસા ખર્ચવા અટકાવવા લગામ હાથ લેવા તત્પરતા બતાવવીજ જોઇએ. અને તેમ કરી લોકોને કેળવણી ફંડમા પૈસા ભરવા વિનંતિ કરવી જોઈએ.

જમણવાર પછવાડે જે ખર્ચ કરવામા આવે છે તે હાલને માટે ઉડાઉ ખર્ચ લેખાવુ જોઈએ. તેનાથી જમનારાઓ ક્ષણીક ખુશી થતા હશે, પરંતુ તેવા ફરજીયાત જમણવારોથી ઘણા ગરીબ કુટુંબો નાશ પામી ગયાં છે અને સાધારણ કુટુંબો ગરીબાઇમાં આવી ગયાં છે અને આવી જાય છે. વિદ્યા સંપાદનાર્થે વધુ પૈસા ખર્ચાવા તે જરૂરતું છે અને તેટલા માટે આવા ઉડાઉ ખર્ચો અટકાવવાજ જોઈએ.

આવી રીતની કરકસર કરી, ઉધરતી પ્રજાના વિદ્યાભ્યાસ પછવાડે ખર્ચાવામાં ભવિષ્ય સુધરવા સંભવ છે. આપણે કંજુસ થવા જરૂર નથી પણ કરકસર તો કરવીજ જોઈએ.

જ્યાં દેશનો પચાસ ટકા જેટલો વર્ગ ગરીબાઇથી ભૂખે મરતો હોય ત્યા બીજો વર્ગ મિષ્ટાન્ન જમવા પછવાડે ઉડાઉપણે ખર્ચ કરે તે કેટલુ શરમ ભરેલુ છે? ગરીબ માણસોને રૂઢિ અનુસાર કરવા પડતા ખર્ચોમાથી જ્ઞાતિના આગેવાનોએ મુક્ત કરવા જોઇએ. તે પૈસા તેઓની સંતતિને કેળવણી આપવા પછવાડે ખર્ચાવાથી તેઓને વધુ ફાયદો થવા સંભવ છે. તેજ ગરીબાઈમાંથી મુક્ત થવાનો રસ્તો છે.

જ્ઞાતિના આગેવાનોની ફરજ અને તેમને એક અરજ.

જ્ઞાતિ એ સ્વરાજ્ય જેવુ બંધારણ છે. એક રાજાની પ્રજા પ્રત્યે જેટલી ફરજ છે તેટલીજ ફરજ જ્ઞાતિના શેઠ અને આગેવાનોની જ્ઞાતિજનો પ્રત્યે ફરજ છે. જે રાજા પ્રજા પ્રત્યેની પોતાની ફરજો અદા કરવામાં કાયર નીવડે છે તે રાજ્ય કરવાને નાલાયક ઠરે છે. તેમજ જ્ઞાતિના શેઠીયા અને આગેવાનોની બાબતમા સમજવાનુ છે. જ્ઞાતિનુ શેઠીયા અને આગેવાન મંડળ લાયક અને જ્ઞાતિજનોના હિતને માટે પ્રયત્ન કરવા સદા તત્પર રહે તેવુ જોઇએ. માહો માહેના રાગ દ્વેષ અને ખટપટને ત્યાજ્ય કરવા ખાસ જરૂર છે. સામાન્ય હિતની બાબતોમાં એકત્ર થવામાજ લાભ છે, અને જે લોકો જ્ઞાતિની એકત્રતા ન થવાના કારણરૂપે છે તેઓ જ્ઞાતિના દુશ્મન છે. જ્ઞાતિજનો રાહ જોઇનેજ બેઠા છે કે હવે સંપ કયારે થાય. જે કાંઇ અવનતિ થઇ છે અને થાય છે, તેમાથી મુક્ત થવુ એ જ્ઞાતિના આગેવાનોના હાથમાં છે. ફક્ત તેઓએ મન મોટુ કરી ઉદારતાથી સંપ કરવાની જરૂર છે.

"દશા પોરવાડ યુવક મિત્ર મંડળ" જ્ઞાતિના શેઠ અને આગેવાનોને, જ્ઞાતિના શ્રેયનું સુકાન હાથમા લેવા વિનંતિ કરે છે. આ મંડળ જ્ઞાતિ સેવા બજાવવા સદા તત્પર છે.

યોજના.

રૂઢી અનુસાર ખર્ચાતા પૈસા જ્ઞાતિ તરફથી બંધ કરવા પ્રયત્ન થાય અને એકત્રતાથી ઉન્નતિનો માર્ગ હાથ ધરાય તો (યથાશક્તિ પૈસા ભરાય) આપણું જ્ઞાતિનુ કેળવણી

માટેનું ફંડ એટલું મોટું થાય તેમ છે કે **મફત કેળવણી** આપી શકવા ઉપરાંત લાયક યુવકોને અભ્યાસાર્થે અમેરિકા, જાપાનાદિ દેશોમા મોકલી શકીએ.

આપણી જ્ઞાતિ આસરે સાતસો ઘરની બનેલી છે, અને પ્રત્યેક ઘર તરફથી બાર માસે રૂ. ૫) કેળવણી ફંડમા આપવામાં આવે તો આપણી પાસે વરસ આખરે રૂ. ૩૫૦૦) થાય. ક્ષણે ક્ષણે મ્હોટા ગ્રંથોનો અભ્યાસ થાય છે, અને કણે કણે અનાજનો ભંડાર ભરાય છે, કાકરે કાકરે પાળ બધાય છે, અને ટીંપે ટીંપે સરોવર ભરાય છે. એ અનુભવ-સિદ્ધ કહેવતો અનુસાર કરકસરથી પચીસ વર્ષમા તો આપણી પાસે લગભગ એક લાખ રૂપીઆનુ ફંડ થાય. આવી રીતે ઉત્તરોત્તર ચાલે તો ફંડ સગીન થવા પામે, અને ભવિષ્યમા દશાપોરવાડની જ્ઞાતિના બાળકો અને યુવકોને અભ્યાસાર્થે જોઇતાં સાધનો કદિ પણ ખુટવા પામે નહિ. વખત સપાટાબધ ચાલ્યો જાય છે, અને જે સુજ્ઞ માણુસો વખતની કીંમત સમજી સારાં કામોની શરૂઆત કરે છે, તેઓજ યશ અને કીર્તિ પ્રાપ્ત કરે છે. દરેક માણુસ પોતાના સંતાનોને માટે ધન એકઠું કરવા બનતું કરે છે, પણ જે લોકો પોતાના સતાનોને ઉત્તમ વિદ્યા પ્રાપ્ત કરાવાને માટે પૈસા ખર્ચે છે, તેઓજ ખરા હિતસ્વી છે. કારણ વિદ્યા એજ ખરો વારસો છે.

ઉપર બતાવ્યા પ્રમાણે ભારતવર્ષની સમસ્ત જ્ઞાતિઓ દીર્ઘ દ્રષ્ટિથી શરૂઆત કરે અને ખોટા રીવાજો નાબુદ કરીને લોકોને સત્ય માર્ગે વાળે તો ભવિષ્યમા ભારતવર્ષ સુધરેલા દેશોની પક્તિમા આવવા ભાગ્યશાળી થાય. આવી રીતે કામ કરનાર ઉત્તમ દેશ સેવા બજાવે છે.

દાન લેનાર યુવકોને સુચના.

અમેરિકનો, જાપાનીઝ, અંગ્રેજો, જર્મનો વગેરે આપણા દેશમાં આવીને ઘણું શીખી ગયા છે અને તે લોકો એક અમેરિકન, જાપાનીઝ, અગ્રેજ અને જર્મન તરીકે પોતાના દેશ પાછા ફરેલા છે. હિંદુ બની ગયા નહોતા, તેજ પ્રમાણે અમેરિકા, જાપાન, ઇંગ્લાડ વિગેરે દેશોમા જતા આપણા દેશના યુવકોએ **એક ખરા હિંદુ અંતઃકરણ** સાથે પાછા ફરવા ખાસ ધ્યાનમાં રાખવા જરૂરનુ છે. અને એમ બનશે તોજ તેઓ દેશ સેવા બજાવી શકશે.

યુવકોએ પોતાની ફરજો ખંત અને ઉત્સાહથી અદા કરવી જોઇએ. અને તેમ કરવાથી પોતાની ઉન્નતિ સાધે છે એટલુજ નહિ પણ સમસ્ત દેશના ઉત્કર્ષના પ્રયત્નોમાં મદદ કરવા સમાન છે.

આપણી ફરજ.

આપણે દાન તો કરીએજ છીએ. તો વિદ્યા દાનને માટે વધુ ભોગ આપવા નિશ્ચય કરવોજ જોઇએ. અન્ય દાનોથી થતા લાભો ક્ષણિક છે. જ્યારે વિદ્યાદાનથી સંગીન લાભ થાય છે વ્યવહારના, રૂઢીરીવાજોના, ખાવા પીવાના, મોજશોખના, દરેક કાર્યોમાં કરકસર કરો અને વિદ્યાદાનને માટે મોકળા હાથે પૈસા ખર્ચવાથીજ સ્થિતિ આબાદ થવાની છે.

ખરૂં દાન એ વિદ્યા દાન છે,

બાકી બધા દાનો કનિષ્ટ છે.

જ્ઞાતિબંધુઓ ' જાગો અને તમારા બાળકોને વિદ્વાન અને લાયક બનાવવાના સાધનો એકદમ સસ્તાં ને સુલભ કરી આપવા કમર કસો.

વા. ર. શાહ.

(૪)
સૃષ્ટિ સૌન્દર્ય.

સૃષ્ટિ તણું સૌંદર્ય ચાલો હેતથી સહુ નીરખવા,
કુદરત તણી મીઠી મજામાં પ્રેમથી બહુ મહાલવા.
પ્રભુની રૂડી એ વાડીમાં બહુ પુષ્પ સારાં ચુંટીએ,
જેના સમાગમથી સદાયે શુદ્ધ જીવન થાય છે.
સામે જુઓ સરિતા વહે અમૃત સમુ નીર જેહનુ,
પ્રાણી બીચારા સર્વને તે શાંતિ વીણુ મુલ આપ તું.
વળી શીખ અમને આપતી મુજ બ્હેણુ સમ તુજ જીંદગી,
તે ચાર દીનના ચાંદણામાં ફર્જ ઉર તુજ ધારની.
સામે ગીરી નજરે પડે જે વ્યોમને અડતો દીસે,
દુરથી અતિષે ભવ્યને સુંદર ખરેખર તે દીસે.
ચઢવા જતા સહુ વિકટતા તે ખંતથી દુર થાય છે,
જીંદગી તણી મુસ્કેલીઓ પણ તેમ સુખરૂપ થાય છે.
વળી વૃક્ષની ડાળે જુઓ કંઇ ગાન કોકીલા કરે,
તે ગાનમાં મેં સાંભળ્યુ "આ કાર્ય ઇશ્વિરનું સખે."
એ દીવ્ય ગાન પ્રભાવથી કઇ ભાન થયું કિરતારનું,
જે જે કરૂ તે તે મહિ છે નામ મુજ કિરતારનુ.

મોહનલાલ મણીલાલ મહેતા.

(૫)
કજોડા અને કન્યાવિક્રયની કરૂણાજનક કરમ કથા.

મૂળ લેખને ટુકામાં લખનાર'–(ચીમનલાલ લાલભાઇ શાહ.)

"વાચક ભાઇ અથવા બ્હેન ! તમે જે કોઈ હો, મારી અભાગિણીની કથા તમે વાચશો નહિ ? અરેરે, આ લેખ લખતા મારો હાથ ધ્રુજે છે, મારી આંખના આંસુઓ લોહી, બે, ચાર લીટી હું લખુ છુ. અભાગીઓ પ્રાણ ખોળીયુ છોડી નીકળતો નથી. કલમ પકડવાની પણ શક્તિ નથી. તો પણ મારા નસીબની વાત આજે ખુલ્લી મુકી, દુઃખનો ઉભરો સમાવુ છુ. મારૂ નામ..............પણ,

નામ તમોને શા માટે આપુ ? તેથી કાઇ મારૂ દુઃખ ઓછું થવાનું નથી. મારા પિતાનું નામ પણ આપીશ નહિ; કારણ કે તેની અપકીર્તિ કરવી તેના કરતાં મરવું એજ બહેતર છે. ટુંકામાંજ હું લખીશ કે મારો જન્મ ગુજરાતમા થયો છે. મારા પિતાને હું એકની એક પુત્રી છું. હું જ્યારે ત્રણ વર્ષની હતી ત્યારેજ મારી મા ગુજરી ગઇ. મારા પિતાએ પોતાનું ફરીથી લગ્ન કર્યું. તેમની ઉમ્મર લગભગ ૫૦ વર્ષની હતી. મા મરી ગયા પછી બાપા કોઇ દિવસ મને કચવાવતા નહિ. જે જોઇએ તે લેઇ આપતા. પણ નવી મા આવ્યા પછી મારી બરાબર અવદશા બેઠી. કાંઇકિ ભૂલ કરૂ તો લાખો ગાળો દેતી, આવા ને આવા દુઃખમાં હુ મોટી થઇ.

બરાબર મને તેર વર્ષ થયાં ત્યારે હું ઘરનું કામ વહેલી ઉઠી કરી નાખતી. નવી પણ મારા ઉપર પ્રસન્ન રહેતી. બાપા પણુ "બચ્ચા" કહી બોલાવતા. આ બધાનું કારણુ ઉંડું હતું. મારા બાપે પરણુતી વખત ઘરની એકે એક ચીજ વેચીને લગ્ન કર્યું હતું, દેવુ ઘણું થયું છે, એમ દરરોજ તે કકળાટ કરતા પણુ મારા સામુ જોઈ મોઢુ મલકાવી કહેતા કે છોકરી, તું હવે ઝટ મોટી થઇ જા.

હુ બરાબર પદર વર્ષની થઇ. વાચક ભાઇ તથા બહેન ! નવી મા તથા બાપા મને કોઇ રીતે એક ઠપકાનો શબ્દ કહેતા નહિ. મારા દુઃખના દિવસો વિસારે પડયા. મારી એક બહેનપણી પાસેથી વાચતા લખતા શીખી. સમય મળતો તો હુ પુસ્તક લઇને બેસતી.

આ દરમ્યાન મારા પિતા મારી સગાઇ કરવાના પ્રયત્નમાં હતાં અને થોડા દિવસમાં કરી પણ નાખી. હવે આગળ બીના લખતા મારૂં હૃદય ફાટી જાય છે. પણુ ખરી હકીકત તો હવેજ લખવાની છે. નિર્દય હૃદયના મારા પિતાએ તથા પાપી હૃદયની મારી માતાએ પૈસાની થેલીઓ લઇ ઘરમાં મુકી એક બુઢા સાથે મારૂ સગપણ કર્યું. એ વાત જ્યારે મારા સાભળવામા આવી ત્યારે મારા દિલની અંદર કેવી હોળી સળગી ઉઠી તેનો ચિતાર હું આપી શકીશ નહિ. જીદગી સુધી જેની ભાર્યા થઇને રહેવુ તે ભરથારનો સ્વભાવ, વિદ્વતા અને ઉમ્મર જાણ્યા પહેલા સસારમા ઝીંપલાવવુ એ એક ખોટુ સાહસ કહેવાય. પૈસા એ એક એવી ચીજ છે કે હાલના જમાનામાં દરેક પવિત્રમા પવિત્ર સબધને ભુલાવી દે છે. મારા માતા પિતાએ, પોતાની નીચ લાલસા તૃપ્ત કરવાને મને ચિતામા હોમી એવી જ્યારે મને ખાત્રી થઇ ત્યારે મારા શરીરમા કપારી છુટી. વાતપર વાત લાવી મેં મારી માને ખુલ્લુ સભળાવી દીધુ કે તમે મારૂ જેની સાથે લગ્ન કર્યું તેની ઉમ્મર બાપા કરતા પણુ મોટી છે અને મારે તે બાપા સમાનજ છે. હુ ભીખ માગીને પેટ ભરીશ. અથવા અફીણુ ખાઇ પ્રાણુ કાઢીશ પણુ તે ઘરડાને પરણીશ નહિ. પણુ મારા નિર્દય માતપિતાએ મારી હઠની બીલકુલ કાળજી રાખી નહિ. દરેક જણુ કહેવા લાગ્યુ કે બાપે દીકરીને કુવામા નાખી છે. સગપણુ પાછુ ઠેલાય નહિ એમ બધાઓ કહેવા લાગ્યા. મારા લગ્ન આખરે થયા, પુત્રિ જેમ પિતાના હાથને વળગે તેવાજ ભાવથી મ્હે તે વૃદ્ધ પુરૂષના હાથમા હાથ મુકયો.

અરેરે ! કોઇને પણુ દયા આવી નહિ. ધિક્કાર હજો એ માતપિતાને કે જે પોતાની પુત્રીને આમ ભવસાગરમા ડુબાડે છે. ધિક્કાર હજો એ રીતિને કે જે આવા ઘાતકી રીવાજને ઉત્તેજન આપે છે.

લગ્ન થયા પછી હુ મારા આત્માની શાંતિને વાસ્તે મારે શા ઉપાય લેવા તેનાજ વિચારમાજ રહેતી. ધર્મના પુસ્તકો વગેરે વાચતી. મારા માતપિતાએ મને જેને સ્વાધિન કરી તેને મે ઇશ્વિર માની લીધો. **આર્યબાળા વાસ્તે પતિસેવાથી બીજું ઉત્તમ કાર્ય શું છે ? પતિભક્તિથી વધારે આનંદનું સ્થાન અબળા જાતિને બીજું સંસારમાં શું છે ?** મારા કમનસિબે લગ્ન થયા પછી એક બે મીઠી વાતો કરવાનો પ્રસંગ પ્રભુએ મને આપ્યો નહિ, તેટલામા તો મારે સોભાગ્યનો ચુડો ફોડવો પડયો. જે દિવસે મારા ઉપર આફતનું વાદળુ તુટી પડયુ તે દિવસે મારી ઉમ્મર ૧૭ વર્ષની હતી. આજ તેને ચાર વર્ષ થઇ ગયાં. પતિસુખ શુ છે તે મે માત્ર પુસ્તકોમાંજ વાંચ્યુ છે. હુ એક ઉત્તમ ગૃહિણી થઈ મારા પતિ સાથે પ્રેમથી રહી આ સસારમા આનંદમય જીવન કયારે ગાળીશ, એજ મારી આશાઓ હતી. પણુ તે સર્વ ધુળમા મળી ગઇ. આટલેથીજ મારા દુઃખની સમાપ્તિ

થાય તો પણ સારૂં. પણ આજે મારી પાસે એક પાઇ પણ નથી. માતા પિતા પણ મરી ગયાં. વાસણકુસણ માંજી, ઘંટી ફેરવી મને ઘણી મુશીબતે એક વખત અપૂર્ણું ભોજન મળે છે. સ્વામી વગર અબળાનો સંસાર કંગાલમાં પણ કંગાલ છે. આજે મારા દેશીભાઇઓ સ્વરાજ્ય, સ્વરાજ્ય, જ્ઞાતિ સુધારો, જ્ઞાતિ સુધારો, એવી બુમો પાડવામાં રોકાયા છે, તેઓને હું હાથ ઉંચા કરીને અરજ કરૂં છુ કે "હે ભાઇઓ, વિધવાના દુઃખની ખબર લો. વિધવાશ્રમ ખોલો તેમાં વિધવાઓને એવા હુન્નરનું શિક્ષણ અપાવો કે ઘેર બેઠે તેઓ પોતાનું ગુજરાન સહેલાઇથી ચલાવી શકે. જે દેશની ભૂમિ ઉપર દુઃખી વિધવાઓનાં અશ્રુઓ પડે છે તે ભૂમિ અપવિત્ર છે. જે દેશમા અબળાઓના હૃદયમાંથી નિઃશ્વાસની ધમણો ચાલે છે, તે દેશની સમૃદ્ધિ બળીને ભસ્મ થઇ જાય છે. ધિક્કાર છે તે દેશને કે જેમાં અબળા જાતિ પર નિર્દયતા વાપરવામાં આવતી હોય. સેંકડો નહિ, હજાર નહિ, લાખો નહિ પણ કરોડો એવી વિધવાઓ દેશમાં છે કે જેની હાય હાયથી દેશમાં પાપ અને અધમતા ફેલાઇ રહ્યા છે. મારો આ છેલ્લો અવાજ છે. આજનો દિવસ મારી જીંદગીનો છેલ્લો છે. આજ ને આજ રાત્રે ઝેરથી મારા પ્રાણને ખોળીઆમાંથી કાઢી નાંખીશ. રામ–રામ."

ઉપરનુ લખાણ લખ્યાને બીજા દિવસે તે વિધવા સ્ત્રીએ પ્રાણ ત્યાગ કર્યો.

---

(૬)

આપણી સ્ત્રીઓની સ્થિતિ અને પુરૂષોની જોખમદારી.

ઉપોદ્ઘાત.

"મહેરબાન પ્રમુખ સાહેબ અને બધુઓ ! હું જે વિષય વિષે આજ અત્યારે આપની સમક્ષ બોલવાનુ છુ તે વિષય વિષે આપનામાના ઘણાઓએ સાપ્તાહિક, માસિક, અથવા ત્રિમાસિક પત્રોમા વાચ્યુ હશે તેમજ તેનુ મનન પણ કર્યું હશે, તથા ઘણાઓને આ વિષયનો જાતની અનુભવ પણ હશે. માટે હુ જે કાઇ બોલીશ તેમા આપને કાંઇ પણ નવિન લાગશે નહિ. આપને નવિન લાગશે નહિ તેથી મને બીક લાગે છે કે કદાચ આપ સઘળાનુ દિલ દુખાશે, તો તે માટે હું આપ સર્વેની ક્ષમા માગુ છુ પણ મારા એક આશયને લીધે હું અત્યારે આપ સઘળા આગળ બોલવાને ઇંતેજાર છુ તેથી બોલતા પહેલાં મારી રગેરગમા આનદની છાયા છવાઇ રહી છે. આ વિષય વિષે બોલવાનો મારો આશય એ છે કે મડળના મેમ્બરો મારૂ બોલવુ એક ચિત્તથી સાંભળે, સાર ગ્રહણ કરે, વિષયને ચર્ચે, પોતાના વિચારોને દૃઢ બનાવે તથા પોતાની કર્તવ્ય બુદ્ધિ સમજીને પોતાની સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને માટે યથાશક્તિ પોતાથી બનતુ કરે. જો આ પ્રમાણે મંડળના મેમ્બરો પોતાનુ વર્તન રાખે તો હું જાણીને હર્ષ પામીશ કે મંડળના મેમ્બરો એક કાને સાંભળીને બીજે કાને ટાલવી દેતા નથી, પણ મંડળના હેતુઓને અમલમાં મૂકનાર ચૂસ્ત હિમાયતી છે અને બોલે તે પ્રમાણે કરી શકે તેવા છે. આટલો ઉપોદ્ઘાત કરીને હવે વિષયની શરૂઆત કરૂ છુ.

આપણી સ્ત્રીઓની માનસિક તથા શારીરિક સ્થિતિ.

વયોવૃદ્ધ બૈરાઓની શારીરિક સ્થિતિની સાથે હાલનાં જુવાન બૈરાંઓની શારીરિક સ્થિતિ તપાસતાં આપણને માલૂમ પડે છે કે ઘરડાંઓને ઘરનું કામ કરતાં કાંઈ પણ શ્રમ

પડયો લાગતો નથી ત્યારે ઘરનું થોડું કામ કરતાં કરતાં તો હાલનાં જુવાન બરાંઓ થાકી જાય છે. આ વાત ઘણીજ શોચનિય અને શરમ ઉપજાનનારી છે. આ પ્રમાણે જો આપણાં બૈરાંઓની સ્થિતિ ચાલ્યે જાય તો એ વાત નિઃસદેહ છે કે દાક્તરોનાં બીલની વાત એક બાજુએ મૂકીએ તોપણ ભવિષ્યની પ્રજા કેવી નબળી થાય તે વિચારવા જોગ છે. નબળાં અને શક્તિહીન માબાપનાં છોકરાં તેમના કરતાં પણ વધારે નબળા અને શક્તિહીન થાય, ટુંક આયુષ્યવાળા થાય અને દેશને માટે એક બોજારૂપ થઇ પડે. આ શારીરિક સડો કેવી રીતે પેઠો તે તપાસવાની જરૂર છે.

૧. છોકરાને જન્મ આપનાર માબાપ તંદુરસ્ત હોય છે તો તેમના છોકરા પણ તંદુરસ્ત થાય છે એ વાત નિઃસદેહ છે. એ તંદુરસ્ત છોકરાંઓ, અલબત, નાનપણમાં જો કે તેમની બરોબર સંભાળ લેવામાં આવતી નથી તોપણ સાધારણ રીતે તેમની શારીરિક સંપત્તિ ઠીક રહે છે. પણ માબાપ છોકરાં પરના અતિશય લાડને લીધે રખેને કામ કરતાં અથવા મહેનત કરતાં મારૂ છોકરૂ પડી જાય અથવા મારા છોકરાને ઇજા થાય એવા ખોટા ભયથી પોતાનાં છોકરાંને દોડવા, રમવા અથવા બહાર ફરવા દેતા નથી પણ ઘરમા ને ઘરમા રાખી મૂકે છે અને હદ ઉપરાંત ભારે ખોરાક ખવરાવે છે. તેને બહાર નહિ મોકલવાથી પુષ્કળ ખવરાવવાનુ પરિણામ એ આવે છે કે તેને જે કસરત અને ખુલ્લી હવા ખાધેલુ પચાવવાને જોઇએ તે મળતા નથી અને આવો ખ્યાલ મા બાપના મનમા નહિ આવવાથી અથવા આવતો હશે તો તે વિષે બેદરકાર રહેતા હોવાથી પરિણામે નાનપણથીજ છોકરાંઓ દાકતરો તથા વૈદ્યોની દવાઓનુ સેવન કરતા શીખે છે અને શરીરની ખરાબીના બીજ રોપે છે.

૨. વળી છોકરીઓ સાસરે જતી થાય છે ત્યારપછીની તેની શારીરિક સ્થિતિ વિષેનો પણ વિચાર કરવા જેવો છે, કારણ કે જે વખત તેને સાસરે જવાનો આપણા રિવાજ પ્રમાણે હોય છે તે વખત તો ખરી રીતે જોતા તેના શરીરનુ બંધારણ થવાનો છે. છોકરીને જો પરણ્યા પછી તરતજ અથવા આશરે બાર તેર વર્ષની ઉમરે સાસરે રહેવાનું થાય છે અને ત્યાર પછી થોડાજ વખતમા ગર્ભ રહે છે તો રજ પરિપક્વ થયેલુ નહિ હોવાથી ગર્ભ રહ્યા પછી પાળવાના નિયમોથી છોકરી તદ્દન અજ્ઞાન હોવાથી તેમજ છોકરીના જે વડીલો ગણાય તેઓ પણ છોકરીના શારીરિક હિત તરફ આખ આડા કાન કરતા હોવાથી જે અહિત પરિણામો આવે છે તેનાથી આપ સર્વે અજાણ્યા નહિ હો. છોકરીનું રજ પક્વ થયા પહેલાં ગર્ભ રહેવાથી છોકરીનું શરીર લથડી જાય છે અને ઘણા દાખલાઓમા આ કારણને લીધે મરણ પણ નીપજે છે. આવા બનાવો ઉપરથી ધડો લેવાનો એ છે કે જ્યા સુધી છોકરી પૂરેપૂરી સમજણી થાય નહિ, બરોબર ઉમ્મરે પહોચી હોય નહિ, પોતે પોતાની ફરજો સમજતી થઇ હોય નહિ અને તેના પોતાનામાં ડહાપણ આવ્યુ હોય નહિ ત્યા સુધી તેનાં માબાપની ફરજ છે કે તેને સાસરે મોકલવી જોઇએ નહિ અને તેનાં સાસરીઆની ફરજ છે કે તેનુ આણું કરવુ જોઇએ નહિ

૩. ત્રીજુ કારણ માનસિક છે. આપણામાં કહેવત છે કે "આહાર તેવો ઓડકાર" જેવી જાતનુ અનાજ ખાઇએ તેવી જાતની આપણા શરીર પર અસર થાય છે. હલકો અને પાચક ખોરાક ખાઇએ તો તે જલદી પચી જાય છે. ભારે ખોરાક ખાઇએ તો તે પચતો નથી અને અજીર્ણ થાય છે. તેજ પ્રમાણે આપણા મનના વિચારોનુ પણ સમજવુ. આનંદી પુરૂષ હમેશા મનથી તેમજ તનથી સુખી હોય છે. દગલબાજ અને કજીઆખોર

મનના તેમજ તનના રોગથી પીડાતા હોય છે. બંને જાતના પુરૂષોના ચહેરાઓમાં પણ ફેર હોય છે. એક પુરૂષના ચહેરા તરફ જોવાથી આપણને તેને માટે માનની લાગણી ઉત્પન્ન થાય છે ત્યારે બીજા પુરૂષ તરફ આપણને તિરસ્કારની લાગણી ઉત્પન્ન થાય છે. માણસોના સારા નરસા વિચારો પ્રમાણે તેનું શરીર દુરસ્ત યા નાદુરસ્ત રહે છે. કહેવાની મતલબ એ કે સારા નરસા આચાર તથા વિચાર પર પણ તબીઅતનો આધાર રહેલો છે. માટે જરૂરનું છે કે માબાપે પોતાની છોકરીઓમાં પોતાના સારા વર્તનથી, સારી રહેણીકરણીથી તથા સારાં ભાષણોથી સારા સસ્કારો પાડવા જોઈએ કે જેથી કરીને છોકરીઓ સારાં વર્તનથી સારી રહેણી કરણીથી અને સારા ભાષણોથી ટેવાઈ જાય, સારા અને ખરાબ વર્તન, સારી અને ખરાબ રહેણીકરણી તથા સારા અને ખરાબ ભાષણો વચ્ચેનો તફાવત સમજી જાય અને નાનપણમા પડેલી સારા આચરણની સજ્જડ છાપ મરતા સુધી તેના હૃદયમાંથી ખસે નહિ અને જ્યારે આવી છોકરીને તેનાથી વિરૂદ્ધ વર્તનવાળી છોકરીનો અનુભવ થાય અને તેની શારીરિક તથા માનસિક સ્થિતિનુ દિગ્દર્શન કરવાની તક મળે ત્યારે તેને સારાં નરસાં આચરણોનું ખરેખરૂ રહસ્ય સમજાય અને પોતાના સારા આચરણને માટે તે પોતાનાં માબાપને આશિર્વાદ દે.

શારીરક સ્થિતિ કરતા માનસિક સ્થિતિ મારા ધારવા પ્રમાણે ઘણીજ ખરાબ છે. ઘેરેઘેર ફરો, બારીક તપાસ કરો તો તમને માલમ પડશે કે એવુ કોઈકજ સુખી ઘર હશે કે જ્યાથી કજીયા કલહને દેશવટો દેવામા આવ્યો હશે. જે ઘરમાં ધણી ધણીઆણી એકલાં સ્વતત્રપણે રહેતાં હશે તે ઘરમા પણ કાઇને કાંઈ બાબતસર કકાસ થયા વિના રહેતો નહિ હોય. કોઈ દિવસ ઘરેણાની બાબત હોય તો કોઈ દિવસ લૂગડાંની બાબત હોય તો કોઈ દિવસ ઉભય વર્ગના ધારેલા કામમા ઉભય વર્ગે અતરાય નાખ્યો હોય વગેરે કારણોથી કંકાસને સ્થાન મળ્યા વિના રહેતું નથી. જે ઘરમા દીએર દેરાણી તથા જેઠ જેઠાણીને સાથે રહેવાનુ હોય છે તે ઘરમા તો નક્કી કકાસ થવા જોઇએ. કકાસ તથા કજીઓ કરવાને કારણ ખોળી કાઢતા વાર લાગતી નથી. કાતો જેઠાણી દેરાણી ઉપર ઉપરીપણું બજાવતી હોય અથવા તો દેરાણી કામમા ખેચાઈ જતી હોય, દીએર કે જેઠ વધતી ઓછી કમાણી કરતા હોય વગેરે અનેક બહાના અજ્ઞાન બૈરાઓ શોધી કાઢ છે અને પુરૂષ વર્ગ આખા દિવસની મજુરી કરીને શાતિને માટે નિવૃત્તિ સ્થાનમા પગ મૂકે છે ત્યા તો પોતાના ધારેલા નિવૃત્તિ સ્થાનને ન્યાયમદિર બનાવી દીધેલુ હોય છે, અને ન્યાય ચૂકવવાની તૈયારીઓ કરી મૂકેલી હોય છે. આવી જ રીતે એકત્ર કુટુબમા કે જ્યા સાસુસસરા, દીઅરદેરાણી, જેઠજેઠાણી નણદ વગેરે હોય છે ત્યા પણ હોય છે. વસ્તુતઃ આપણા સંસારની વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે આ વસ્તુસ્થિતિના કારણો શોધવા દૂર જવુ પડે તેમ નથી. ઘણું ખરૂ છોકરીઓ પોતાના માબાપને ઘેર લાડમા ઉછરે છે. તેની તરફ જેમ જેમ વધારે ને વધારે લાડ બતાવવામા આવે છે તેમ તેમ તે વધારે ને વધારે લાડઘેલી થતી જાય છે. છોકરીને જક કરતા રડતી જોવાને માબાપ ખુશી હોતાં નથી માટે છોકરીની અયોગ્ય જક હોવા છતાં પણ તેનુ રડવું નહિ ખમી શકાવાથી તેને નહિ રડવા દેવાને તેની અયોગ્ય જક માબાપ પૂરી કરી આપે છે છોકરીના માબાપોમાં એક હસવા જેવો વિચાર–જે વિચાર હવે થોડા માબાપોમા હશે તે જડ ઘાલી બેઠો છે કે આપણે કયા છોકરીની રળેલી બાજરી ખાવી છે? આ વિચારને માન આપીને ઘણા માબાપો છોકરીઓને નિશાળે મોકલતાં નથી પણ

તેને પોતાની સોબતમા આખો દિવસ રાખે છે અને તેને વખત ગાળવાની ખાતર નઠારાં છોકરાંની સાથે રમવા દે છે તેનુ પરિણામ ઘણુજ અનિષ્ટ આવે છે. છોકરાંઓને નાનપણમા જે સારાં આચરણોની છાપ બેસવી જોઇએ તે નહિ બેસતાં પાડોશીના તેમજ મોહોલ્લાનાં નઠારાં બૈરાઓના દુરાચરણો અને ખરાબ ભાષણની છાપ નાની વયની છોકરીઓનાં કુમળાં હૃદય પર બેસે છે. આનુ પરિણામ એ આવે છે કે સારા વિચારો ગ્રહણ કરવાને બદલે છોકરીઓ પ્રતિકૂળ સોબતને લીધે અગ્રાહ્ય વિચારો ગ્રહણ કરે છે અને પરિણામે માબાપની બેદરકારીને લીધે મોટપણમાં પોતાની છોકરીઓને સહન કરવુ પડે છે જેને માટે છોકરીઓ કદાચ મનમા પોતાના માબાપની અજ્ઞાનતાને લીધે થયેલી ભૂલને માટે તેમને ગાળો દેતી હશે.

શારીરિક અને માનસિક સ્થિતિ સુધારવાની જરૂર.

આ ઉપરથી આપ દરેકને ખાત્રી થશે કે આપણી સ્ત્રીઓની શારીરિક તેમજ માનસિક સપત્તિ ઘણીજ ઓછી છે. શરીર નિર્બળ રહે છે, શરીરમા કામ કરવાની તાકાત હોતી નથી, ન છૂટકે કામ કરવાથી થાક લાગે છે, ખાવાની રૂચી થતી નથી અને ખાય છે તો ખાધેલુ પચતું નથી, અને પરિણામે વૈદ્ય ડૉક્ટરોની દવાઓનુ સેવન કરવુ પડે છે. જેવી રીતે શારીરિક સપત્તિ ઓછી છે તેવી રીતે માનસિક સપત્તિ પણ ઘણીજ ઓછી છે. શરૂઆતમા કેળવણી મળેલી નહિ હોવાથી, સારી સોબતનો અભાવ હોવાથી માબાપના ખરાબ આચરણોની સજ્જડ છાપ મન પર બેઠેલી હોવાથી માબાપની બેદરકારી વગેરે કારણોથી છોકરીઓની માનસિક સ્થિતિ સ્થિર હોતી નથી, ડહાપણ હોતુ નથી, ક્ષમાનો ગુણ હોતો નથી વગેરે સ્ત્રીને લાયક ઘણા ગુણોની તેઓમા ખામી હોય છે. આ પ્રમાણે છે ત્યારે આપ સઘળા મારા મતને મળતા નહિ થાઓ કે આપણી સ્ત્રીઓની શારીરિક તેમજ માનસિક સ્થિતિ સુધારવાની ઘણીજ જરૂર છે

કોણ સુધારી શકે ?

ઉપર કહેવામા આવ્યુ કે સ્ત્રીઓની શારીરિક તથા માનસિક સ્થિતિ સુધારવાની ઘણીજ જરૂર છે. હવે સવાલ એ ઉભો થાય છે કે સ્ત્રીઓની શારીરિક તથા માનસિક સ્થિતિ કોણ સુધારી શકે? આ સવાલ ઘણોજ મહત્વનો છે. આપણે સ્ત્રીઓની સ્થિતિ સુધારવાની હજુ તો શરૂઆત કરવાની છે આપણી મોટી જ્ઞાતિ કે જે જ્ઞાતિની અદર કેળવાયલો પુરૂષ વર્ગ ઘણોજ નાનો છે. જે જ્ઞાતિમા જ્ઞાતિનુ શ્રેય કરનાર પુરૂષોની ઘણીજ ખામી છે. જે જ્ઞાતિનો ઘણો મોટો ભાગ અશિક્ષિત અને બલ્કે તેટલોજ ભાગ ગરીબ વર્ગ છે અને આ પ્રમાણે જે જ્ઞાતિ દરેક બાબતમા પછાત છે તે જ્ઞાતિની સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને ઘણોજ વખત લાગશે તે વાત નિઃશક છે કારણ કે જ્યા સુધી પુરૂષ વર્ગનો મોટો ભાગ કેળવાયલો નહિ થાય અને કેળવણીનુ રહસ્ય સમજતો નહિ થાય ત્યા સુધી સ્ત્રીઓની સ્થિતિ સુધરવાનો વખત ઘણોજ દૂર રહેશે. તેમ છતા પણ મડળના મેમ્બરો મારા વિચારોથી અજ્ઞાત નહિ હોય તો પણ તેમના મન પર વિચારો દૃઢ થાય અને વધારે બળવાન થાય તેની ખાતર સ્ત્રીઓની સ્થિતિ કોણ સુધારી શકે તે જણાવવુ ઘણુંજ અગત્યનુ છે. છોકરી સ્ત્રીત્વમાં આવે છે તે પહેલા દસ, બાર કે તેર વરસ સુધી તેને તેના માબાપના સહવાસમા રહેવુ પડે છે હિદુઓના લગ્ન ધાર્મિક છે અને છોકરીને પરણાવવામા આવે છે એટલે છોકરીનુ અન્ય પુરૂષને દાન દેવામા આવે છે. માટે લેનારને ઘણુંજ ઉપયોગી થઇ પડે તેવુ દાન

તેને આપવું જોઇએ કે જેથી લેનારને તે અયોગ્ય લાગે નહિ તેમ તેને તિરસ્કારી કાઢવાનો વખત પણ આવે નહિ. આ ઉપરથી ઉઘાડી રીતે દેખાય છે કે પોતાની છોકરીને નાનપણમા સારી કેળવણી આપીને, સારા આચારવિચારોનું પાન કરાવીને, તેની ફરજોથી તેને વાકેફગાર કરીને અને તેને તેના સાસરામાં સુખી થવાના તેનામા બીજ રોપીને છોકરીને લાયક બનાવવાની ફરજ શરૂઆતમા તેના માબાપને માથે છે. દરેક માબાપ આ પોતાની ફરજોથી અજ્ઞાત નહિજ હોય તે છતા પણ કેટલાંક માબાપો એવાં હોય છે કે પોતાની ફુરસદના વખતમાં છોકરી પ્રત્યેની પોતાની ફરજો મોટપણના મદમા આવીને અથવા તો આવી ફરજો બજાવવાનું કામ હલકું ગણીને બજાવતા નથી અને તે તરફ તેઓ ઘણાંજ બેદરકાર રહે છે અને તેનાં ફળ તેમને છોકરી સાસરે જતી થાય છે ત્યારે કાતો છોકરીએ ગ્રહણ કરેલી ખરાબ આદતોને લીધે અથવા ખરાબ કર્તવ્યોને લીધે તેને સાસરે રાખવામા આવતી નથી અથવા તેને સાસરે પોતાની જીદગી દુઃખમા ગાળવી પડે છે ત્યારે તેમને માનસિક પીડાના રૂપમા ભોગવવા પડે છે. તદુપરાત ઇશ્વરને ત્યા પણ પોતાની ફરજ બરોબર અદા નહિ કરવાને માટે તેમને જવાબ દેવો પડે છે.

સાધારણ રીતે છોકરી સાસરે જતી થાય છે તે વખતે તેની મગજશક્તિ પૂરેપૂરી કેળવાયલી હોતી નથી તથા તેના વિચારો પરિપક્વ થયેલા હોતા નથી. જો છોકરીને માબાપ તરફથી સારી કેળવણી મળેલી હોય છે, તે બરોબર ઉમ્મરે આવેલી હોય છે, અને તેનામા કાઇ ડહાપણનો અશ હોય છે તો તે છોકરી પોતાને સાસરે તેને શી ફરજો અદા કરવાની છે તે તે સારી રીતે જાણે છે. માટે આવી છોકરીઓના કેસોમા વધારે કહેવા જેવુ છેજ નહિ. પણ આવા કેસો આપણી જ્ઞાતિમા ઘણાજ થોડા બને છે ઘણા કેસોમા છોકરી સાસરે જાય છે ત્યારે તે પૂરેપૂરી સમજણમા આવેલી હોતી નથી. સાસરે ગયા પછીનો તરતનો વખત એવો બારીક છે કે જો તેના સાસરીઆ કેળવાયલા હોય અને વહુ પ્રત્યેની પોતાની ફરજો સમજવાવાળા હોય તો તે છોકરી સારે રસ્તે દોરવાય છે, પણ જો સાસરીઆ વહુને હલકી ગણીને તેને નોકરની પક્તિમા મૂકવાવાળા હોય તો તે વહુ ખરાબ રસ્તે દોરવાય છે એટલે તે છોકરીને તેનુ સાસરૂ કકાસનુ સ્થાન થઈ પડે છે, અને તેને તે કેદ સમાન લાગે છે. આવા બારિક સજોગોમા જે પતિ સાથે તેને આખી જીદગી ગાળવાની છે તે પતિને માથે પોતાની પત્નિપ્રત્યેની તેને સારે રસ્તે દોરવાની તેની ફરજોનુ તેને ભાન કરાવવાની ફરજ આવી પડે છે પતિએ સમજવુ જોઇએ કે પત્ની તે પોતાનુ અર્ધુ અગ છે. જયા સુધી અર્ધુ અગ સારૂ હોય છે અને બાકીનુ અર્ધુ અગ બગડેલુ હોય છે; ત્યાં સુધી આખા શરીરને દુખ ભોગવવુ પડે છે માટે અર્ધ કેળવાયલા અથવા નહિ કેળવાયલા, અપરિપકવ, અર્ધદગ્ધ સમજવાળા પોતાના અર્ધાગને કેળવવુ–પરિપકવ બનાવવુ તથા સમજવાળું બનાવવુ તે કામ તે પુરૂષનુ છે એકત્ર કુટુબમા હળીમળીને રહેવું તે વધુને ખરી કસોટીમાથી પસાર થવાનું છે. આ કસોટીમાથી પસાર થવામા વરે વધુને મદદ કરવાની જરૂર છે. તદુપરાત સાસરે ગયા પછી વધુને તદન અજાણ્યા સમૂહમા જીંદગીભર વસવાટ કરવાનો હોવાથી તેને સુખમા રહેવાનો રસ્તો તેને સારા વિચારોનુ પાન કરાવીને સરળ કરી આપવો તે તેના પતિની ફરજ છે આ પ્રમાણે છોકરીની શારીરિક તથા માનસિક સ્થિતિ સુધારવાની ફરજો બે જણને માથે છે. (૧) માબાપને માથે અને (૨) સાસરે ગયા પછી અને સ્ત્રીત્વમા આવ્યા પછી પતિને માથે.

કેવી રીતે સુધારી શકે ?

ઉપર કહ્યું તેમ છોકરીઓની શારીરિક તેમજ માનસિક સ્થિતિની સંભાળ જન્મ થાય ત્યારથીજ લેવાવી જોઇએ. સમજુ માબાપોએ પોતાની સારી બોલીથી, સારી સારી વાતોથી, પોતાનાં સારા અને દાખલો લેવા લાયક આચરણોથી છોકરીમા સારા સંસ્કાર પાડવા જોઇએ. સ્કુલમા જવા જેટલી ઉમ્મર થાય ત્યારથી તેને સ્કુલમા મોકલવી જોઇએ. સ્કુલમા મોકલવાથીજ માત્ર માબાપ પોતાની ફરજમાથી મુક્ત થતા નથી. પણ સ્કુલમાથી શીખીને આવ્યા પછી પણ માબાપોએ ફુરસદના વખતમા છોકરીને સ્કુલમા જ્ઞાન મળે છે તે ઉપરાત સારી સારી બોધદાયક વાતોથી તેના જ્ઞાનમા ઉમેરો કરવો જોઇએ. મગજશક્તિ તથા બુદ્ધિ ખીલે તેવા સવાલો પૂછવા જોઇએ. વાતોના રૂપમા નીતિનો બોધ આપવો જોઇએ. કોઈ પણ રીતની મારઝુડ કરવી નહિ જોઇએ અને ગાળોથી શીખામણ દેવી નહિ જોઇએ. કારણ કે આવા ઉપાયથી ધારેલી મુરાદ બર આવતી નથી પણ તેનુ પરિણામ વિપરીત આવે છે. ઉપર કહેવામાં આવ્યુ છે કે ઘણા દાખલાઓમા છોકરી સાસરે જતી થાય છે ત્યારે તેની સમજ પકવ થયેલી હોતી નથી અને તેની જીદગી સુખી કે દુખી થવાનો તે બારીક સમય છે. સાસરે જવાથી છોકરીને પોતાનો અભ્યાસ છોડી દેવો પડે છે, અને કાઇ વધારે જ્ઞાન મેળવવાનો વખત આવે છે તે વખતે તેના રસ્તામા શ્વસુરગ્રહ રૂપી વિઘ્ન આવી નડે છે. પતિની સુખ દુઃખની ભાગીદાર તેની પત્ની છે માટે પતિએ લખતા વાચતા જાણનાર પોતાની પત્નીને નવરાશના વખતમા બોધ ગ્રહણ કરવા જેવા પુસ્તકો વાચવાનો શોખ ઉત્પન્ન કરવો જોઇએ, તેમજ વાચેલો વિષય બને જણે અરસપરસ ચર્ચવો જોઇએ કે જેથી કરીને પોતાની સ્ત્રીના વિચારોમા વધારો થઈ શકે, બુદ્ધિબળ ખીલવવાનો તેને પ્રસગ મળે, અને તેની જ્ઞાનમર્યાદા વિશાળ થાય. પ્રાણી જાતિમા કુતરૂ જેમ પોતાના ધણી તરફ નિમકહલાલ છે તેમ મનુષ્ય જાતિમા સ્ત્રી પોતાના પતિ તરફ નિમકહલાલ હોય છે માટે જેવી રીતે પાળેલા કુતરાની ઘણીજ સારી સભાળ લેવામા આવે છે તેજ પ્રમાણે પોતાની સ્ત્રીની તરફ પતિની વર્તણુક રહેવી જોઇએ. કેટલાક દાખલાઓમા છોકરી સાસરે જાય છે ત્યારે તેનામાં તેના માબાપ તરફથી કેળવણીના સસ્કાર પડેલા હોતા નથી તથા લખતા વાંચતાં બિલકુલ શીખેલી હોતી નથી, આવા દાખલાઓમા પુરૂષને પોતાની આવી તદ્દન નિરક્ષર સ્ત્રીને એકડે એકથી શીખવવાતુ શરૂ કરવુ તે ઘણુ કટાળા ભરેલુ લાગે છે. પુરૂષની પોતાની સ્ત્રી પ્રત્યેની ફરજની ખરી કસોટી આ વખતે થાય છે. માટે પુરૂષે પોતાની અજ્ઞાત નિરક્ષર સ્ત્રીને પોતાના જ્ઞાનનો લાભ ખરા દિલથી આપવો જોઇએ અને આ બાબતમા તેણે દૃઢ વિચારના રહેવુ જોઇએ. કેટલાક દાખલાઓમા સ્ત્રી લખતા વાચતા શીખેલી હોય છે, તેનુ બુદ્ધિબળ પણ ખીલેલુ હોય છે પણ તેનામા કાઇક ખામી હોય છે જે ખામી તેના પતિને નિરાશાનુ કારણ થઈ પડે છે જ્યારે સ્ત્રી ભણેલી અને બુદ્ધિબળવાળી હોય છે ત્યારે આવી સ્ત્રીની ખામી પોતાના બુદ્ધિબળથી સુધારવી તે કામ તેના પતિનુ છે. પોતાના બુદ્ધિબળથી કેળવાયલી પોતાની સ્ત્રીને મ્હાત કરવી અને તેની ખામીઓ દૂર કરવી તે કામ અઘરૂ નથી. તમારી સ્ત્રીની દલીલો તમે સાભળો અને ત્યાર પછી તમારી દલીલો તેને સભળાવો એટલે પોતાની કેળવાયલી સ્ત્રી તરત તેની અને તમારી દલીલો સામસામા મનરૂપી પલ્લામા મૂકીને તેની તુલના કરશે. તમારી સબળ દલીલોને તે કદી માન આપ્યા વિના રહેશે નહિ. આ રીતે તમારી નિરાશા આશામા ફેરવાઈ જશે અને પતિપત્ની સુખમા દિવસો ગાળશે.

છેવટ.

બન્ધુઓ ! છેવટે મારે આપ સઘળા સમક્ષ એટલુજ કહેવાનુ છે કે આપણી અધમ સ્થિતિનો ઉદ્ધાર એકલા પુરૂષોનીજ કેળવણી ઉપર રહેલો નથી તેમજ ભાષણો કરવામાં તથા ભાષણો સાભળવામા પણ રહેલો નથી. આપણો ઉદ્ધાર પહેલાં ભાષણોમાંથી સારા વિચારો ગ્રહણ કરવા ઉપર ત્યાર પછી તે વિચારોનુ મનન કરીને તેમને દૃઢ બનાવી તે વિચારો નિડરપણે આચરણમા મકવા ઉપર રહેલો છે. આપણી અધમ સ્થિતિનો ખરેખરો ઉદ્ધાર આપણી સ્ત્રીઓની માનસિક કેળવણી ઉપર રહેલો છે. તેમના મગજ કેળવીને, તેમના સકુચિત વિચારોનું તેમને ભાન કરાવીને, આપણા દૃઢ વિચારોનું તેમને પાન કરાવવું જોઇએ. આમ કરવાથી તેઓ આપણને આપણા વિચારોને અમલમા લાવવામાં અડચણ કર્તા નહિ થઈ પડે અને તેમની સહાયથી આપણ ધારેલુ કાર્ય થોડા વખતમા પાર પાડવાને આપણે શક્તિવાન થઇશુ. માટે હે મારા બન્ધુઓ ! તમે દરેક જણ તમારી મડળ પ્રત્યેની કર્તવ્ય-બુદ્ધિ સમજીને તમારા આ વિષય વિષેના વિચારો દૃઢ બનાવીને તેને અમલમાં મૂકવાની તૈયારીઓ કરો અને પછી જુઓ કે આપણી ઉન્નતિનો માર્ગ કેવો પાસે આવતો જાય છે.

ઉગરચંદ જેઠાલાલ શાહ.

---

(૭)

" લાડુનો લ્હાવો. "

સૂર્ય અસ્ત થતા દેવ દેવસ્થાનોમા નગારા અને ઘટના નાદો સાથે દેવોની આરતી ઉતરી રહી હતી. ધર્મ પર શ્રદ્ધાવાન્ સજ્જનો પશુઓ ચારો ચરી ઘેર જતા હોવાથી ઉડતા ધૂળના ગોટાઓમાં થઈ પ્રભુના દર્શનાર્થે ઉતાવળે મંદિર તરફ જતાં હતા; અને ધર્મ પર આસ્થાહિન મૂર્ખ મનુષ્યો તેમની નિદા અને હાસ્યવિનોદ કરતા ચાલ્યાં જતા હતા. પક્ષિઓ દિવસનો ચારો ચરી શ્રમિત થયેલા હોવાથી પોતપોતાના માળા પ્રત્યે વિવિધ પ્રકારના અવાજ કરતા વિરામ લેવા ઉડતા ઉડતા જતા હતા. સૂર્યાસ્તને જેમ જેમ વખત થતો તેમ તેમ ચંદ્ર પોતાના શીતલ તેજમા વૃદ્ધિ કરતો લોકોના થાકથી કટાળેલા મગજને શાતિ આપતો અને વેલા વૃક્ષો તેમજ છોડવાઓને પોતાના કાચરૂપી પાગ્દર્શક રૂપેરી તેજથી ઢાંકી શાત પાડી પશુપક્ષીઓના ભયથી આશ્વાસન આપી મુક્ત કરતો હોય તેમ ભાસતો હતો.

આ સમયે પૂર્વ દિશામા આવેલા ગામ બહારના એક સુદર બગલાના બગીચામા સામસામા ગોઠવેલા બે કોરમાના એક કોચ પર એક ઘરડો એટલે આશરે ૫૦ વર્ષની વયનો મજબુત બાધાનો પુરૂષ આરામથી બેઠેલો હતો. તેની મુખાકૃતિ જોતા તે કોઈ બાળ-બચ્ચાવાળો ગૃહસ્થાશ્રમી હોય તેમ લાગતો હતો. કોઈ કોઈ વખત તે કાઈ કાઈ બબડયા કરતો હતો. " મ્હારા ફરવા ગએલા પુત્રો હજી કેમ ન આવ્યા. રસોઇ પણ ટાઢી થઇ જાય છે. શુ તેઓ ભૂલા પડયા હશે ? શુ તેઓને કોઇ ઉપાડી ગયુ હશે ? ના ! ના ! તેમ ન બને. રામો જોડે છે એટલે તેમ તો ન બને. મારૂ ધારવુ તદ્દન ખોટું છે. હમેશ કરતાં આજ તેમને વધારે મોડુ થયુ નથી. કદાચ તેઓ વધારે દૂર ફરવા ગયા હશે. એટલે તો હવે આવતા હશે. '

આવા આવા અનેક તરંગો કરે છે એટલામા પોતાના સન્મુખ આવેલા દરવાજામાં ફરવા ગયેલા તેના બે પુત્રો એક ૧૬ વર્ષની વયનો અને બીજો ૧૨ વર્ષની વયનો તથા તેમની સાથે ગએલા નોકર રામાને આવતા જોઇ એકદમ હર્ષથી ઘેલો થયો અને બહાર ફરી થાકી આવેલા પુત્રોને આરામ લેવા પોતાની સન્મુખ આવેલા બીજા કોચ પર બેસાડી આજ તેમણે નવુ શુ અવલોકન કર્યું અને શાથી વાર થઈ તે પ્રશ્ન કર્યો.

સુમન (વડો પુત્ર):—પિતાશ્રી, આજ અમે સર્વોત્તમ ચીજ એટલે જે ચીજ પર પ્રાણી માત્રનો જીવન આધાર રહેલો છે, તેનુ બરોબર રીતે અવલોકન કરતા તમારી આતુરતાના તેમજ ચિંતાના કારણરૂપ થઇ પડયા છીએ.

પિતાઃ—બેટા ! કઈ ચીજ ? પાણી ! હવા !

ધીરૂ (નાનો પુત્ર):—ના ! ના ! બાપાજી ખેતીવાડી.

પિતા:—દીકરા આ વર્ષે તમને ખેતીવાડી કેવી લાગે છે ?

ધીરૂઃ—બાપાજી ઘણીજ સારી. આ વર્ષે આપણી નાતોમા જમણવાર પુષ્કળ થશે, અને બાપુજી લોકોના બારમા તેરમા અને મરણની નાતો બાકી છે તેમનો લાડુનો લાભ આપણને પુષ્કળ મળશે

પિતા:—કારણ ?

સુમન.—પિતાજી આ વર્ષે અનાજ પુષ્કળ પાકશે, જેના સસ્તા ભાવો લોકોને જમણુવાર કરવા ઉશ્કેરશે.

પિતાઃ—તમારી શાથી માન્યતા છે કે પાક પુષ્કળ થશે ?

ધીરૂ.—અરે બાપાજી ! ખેતરો એવા તો લીલાછમ જેવા દેખાય છે કે જાણે પૃથ્વી માતાને લીલી ચુંદડી પહેરાવી હોયને ! પણ બાપાજી વધારે આશ્ચર્ય પામવા જેવું એ છે કે આજે મે કોઈ પણ જગ્યા એવી નથી જોઈ કે જ્યા લીલોતરી નહતી.

પિતા.—બેટા ધીરૂ, લીલોતરી પુષ્કળ જોઈ તેથી તમારે એમ ન માનવુ કે ખેતીવાડી સારી અને ફળદ્રુપ છે બેટા, ખેતીવાડી કરી પાક સારો ઉતારવો એ કાંઈ સાધારણ મહેનતથી બનતું નથી. તે તમો શુ જાણો ! તે તો માત્ર જેને કરવી પડતી હોય તેજ જાણે.

ધીરૂ—બાપાજી ! તેમા તો વળી શી મહેનત. જરા જમીન ખોદી માહી જે અનાજ જોઈતું હોય તેના દાણા નાખી દઈ તે જમીનને જળપાન કરાવ્યુ કે તરતજ ઉગી નીકળે, થોડેક દિવસે તેમાથી ઇચ્છિત અનાજ મળી શકે. પિતાશ્રી મારાથી થોડા દિવસ ઉપર આપણા ઓટલા આગળ બ્રાહ્મણને બાજરી આપતા થોડાક દાણા વેરાઇ ગયા હતા જે એક વર્ષાદ પડયા બાદ ઉગી નીકળ્યા હતા, પણ બાપાજી એક બકરીનુ બચ્ચુ આવી તે છોડ ખાઇ ગયુ. નહિ તો તમોને પ્રત્યક્ષ બતાવત કે તેમાથી બાજરી થઈ છે કે નહિ.

પિતા.—ભાઈ ધીરૂ ! તારી અક્કલના પ્રમાણમા તારામા ઘણુ થોડુ જ્ઞાન છે.

સુમન:—કેમ ? પિતાશ્રી મારા કરતા તો તે વધારે હોશીઆર અને ડાહ્યો ગણાય છે.

પિતા.—તો તારામા પણ અક્કલ ઓછી છે. કારણ કે જે ચીજ વિના તમારા બધાનું જીવતર અશક્ય છે તે ચીજ વિષે જ્યા સુધી તમે જ્ઞાન મેળવ્યુ નથી ત્યા સુધી તમે બીજા વિષયોનુ જ્ઞાન મેળવવા બીલકુલ નાલાયક છો

ધીરૂ—તો પિતાશ્રી અમોને તે જ્ઞાન આપી આપ અમને આભારી કરશો.

પીતા.—બેટા જુઓ સાભળો, ખેતીવાડી એટલે ધીરૂના કહેવા પ્રમાણે જમીનમા દાણા

નાખવા એમ નહિ પણ જમીનમા દાણા નાખ્યા પહેલાં વાવેતર કરવાની જમીનને ખાતર પૂરવું પડે છે. (એટલામા ધીરૂ બોલી ઉઠે છે.)

ધીરૂઃ—બાપાજી ખાતર એટલે શું ?

પીતાઃ—અરે તું ખાતરનો અર્થ નથી સમજતો. જો ખાતર એટલે છાણ, રખીઆ, પરાળ, જગ્યા ઉપર પડેલી ધુળ, ઘરનો ગધાતો કચરો વગેરેનો સમૂહ. ખાતર પૂર્યા બાદ તે જમીનને પાણી પાઈ તેમા ક્યારા એટલે ફીનારી બાધીને જમીનના જુદા જુદા ભાગો કરવા પડે છે. ત્યાર બાદ તે ક્યારાઓની જમીન પોચી કરવા માટે પાણી પાતું પડે છે. એક બે દિવસ પાણી પી જમીન પોચી થયા બાદ તેમા હળ ફેરવવામા આવે છે. હળ ફેરવ્યા પછી તેના ઉપર ચાસ ફેરવાય છે. ત્યાર પછી પાછો હળ ફેરવી વાવેતર કરી ફરી ચાસ ફેરવાય છે.

સુમન.—બાપાજી ! બીજી વખત ચાસ ફેરવવાનુ કારણ ?

પીતાઃ—બેટા, વાવેલા દાણા જો ઉઘાડા રહી જાય તો ચકલા, કાગડા, મોર વગેરે તે દાણા ચરી જાય, અને છોડ ઓછા ઉગે. વાવેતર કરી ચાસ ફેરવ્યા પછી તેમા ક્યારા થાય છે અને છ સાત દિવસે તેમા ફણુગા ફુટયા પછી તેને હમેશા જોઈતું પાણી પવાય છે.

ધીરૂઃ—પછી તો તેમાથી અનાજ થાયને બાપાજી !

પીતા.—બેટા, મહેનત અને તેની બરાબર સભાળ તો હજી બાકી રહી. ન્હાના બાળકને ઉછેરવામા માતા પિતાને જેટલી મહેનત વેઠવી પડે છે તેટલીજ મહેનત દાણાના છોડ ઉછેરનારને પડે છે. ન્હાના બાળકને બળીયા, ઓરી, મદવાડ વગેરેમાંથી બચાવવાને સંભાળ રાખવી પડે છે તેવીજ રીતે અનાજના છોડને ટાઢ, તાપ, તથા ઢારના બીગાડથી બચાવવાને સભાળ રાખવી પડે છે. માણસના દસ, બાર છોકરાઓમાથી ત્રણ ચાર સારી રીતે ઉછરી પિતાને જેમ મદદ રૂપ થઇ પડે છે તેમ આટલા બધા છોડોમાંથી અડધા અથવા તેથી પણ ઓછા ઉછરી ફળ આપવા લાયક થાય છે. વળી ઉછરેલા છોકરાઓ તેમની ખરાબ સ્રીઓ તથા ખરાબ મિત્રોની ખરાબ સોબતથી તેઓ તેમના બીજા જ્ઞાતિ ભાઇ તથા દેશ ભાઇઓને નુકસાનકારક થાય છે તેવીજ રીતે બચેલા આ છોડોમાના કેટલાક તીડ, ઉંદર, તથા કેટલાક જગલી પ્રાણીઓના ઉપદ્રવથી નીરૂપયોગી બની જાય છે અને બચેલા માત્ર થોડાજ છોડવાઓ ફળ આપે છે.

ધીરૂ—બાપાજી, તમે કહો છો કે થોડાકજ છોડવાઓ ફળ આપે છે તો આ[illegible] કેમ ભરાય છે ? આટલુજ નહિ પણ જ્ઞાતમા ઘણીકવાર મિષ્ટાન્ન પણ મળે છે.

પીતાઃ—બેટા, હવે મિષ્ટાન્ન ઝાપટવાનો અવસર નથી કારણ કે પૃથ્વીના પાંચ ખંડો કે જેનાં નામ તું જાણે છે તેમા તો કેવળ આપણોજ દેશ બરાબર રીતે અનાજ પેદા કરી શકે છે, જે બાકી રહેલા ચાર ખડેમા પુરૂ પાડવામા આવે છે. જેના બદલામાં આપણે સાંચા કામ, કપડા વગેરે બીજી કેટલીક ચીજો મેળવીએ છીએ.

સુમનઃ—બાપાજી, ત્યારે આગળના વખતમા વરા નહોતા થતા ?! શુ આપણા પૂર્વજો મૂર્ખા હતા ?

પીતાઃ—મૂર્ખા નહિ, બહુજ ડાહ્યા પણ દીકરા સુમન, તેઓના વખતમા ઉપર કહેલા બીજા ચાર ખડો વિષે તે બીલકુલ અજ્ઞાત હતા, કારણ કે હાલના જેવી સ્ટીમરો કે આગગાડીઓ તે વખતમા નહોતી જેથી આપણા દેશમા પાકતું અનાજ આપણેજ ખાવાનુ

હતું. જે આપણી વસ્તીના પ્રમાણમા ઘણુ જ વધારે હતું, જેથી તેનો વરા વગેરેમા ઉપયોગ કરવો પડતો. જો તેમ ન થાય તો અનાજ બગડી નીરૂપયોગી થઇ જાય.

ધીરૂ:—બાપાજી, જો હાલના વખતમાં આપણે માણસોનું અને ખેતીનુ પ્રમાણ સરખાવીએ તો આપણે જે ખાઈએ છીએ તે પણ ન મળવુ જોઇએ. ત્યારે આપણને ખાવા અન્ન મળે છે તેનુ કારણ શુ ?

પીતાઃ—આપણે પૈસાદાર અને સારી સ્થિતિમા છીએ જેથી આપણને વધારે ખાવા મળે છે. પણ દીકરા આપણા દેશમા કેટલાક ગરીબ લોકને તો અન્નને અને દાતને વેર હોય છે.

સુમનઃ—આવી હકીકત હોય તો ફરજીયાત અથવા દેખાદેખી જમણ કરનાર મૂર્ખા છે.

ભલાભાઇ માણેકલાલ મહેતા.

(૮)

જ્ઞાતિનું જમણ.

જમણ તે એક આનન્દ છે, ઉમંગ છે.

જ્યારે યમદૂતથી પૃથ્વી અને સ્વર્ગ કહો કે નર્ક કહો તે એકાકાર થાય છે, વાતાવરણમા જીદગીના ઘટાના નાદ સંભળાય છે, વાયુ ધીમે ધીમે વાતો જણાય છે, તે વખતના દેહનો વાયુ શાન્ત ચિત્તે શરીરમાથી પોતાની અવધી પુરી થવા આવી હોય તેમ માની સ્થૂલ દેહને છોડી સૂક્ષ્મ દેહનુ મન્થન કરવા ઉડી જાય છે. તે આત્માનુ શુ થશે ? ક્યા હશે ? ગતિ સદ્ કે અસદ્ હશે ? તે સર્વ સાફલ્યતામા લાવવાને તેના સગાવહાલાઓ પોતાના ગીરફ્તાર ઉંડા શોકમા પારકાના મનને રજ પમાડવા તેમજ મૃત દેહના આત્માને ઉદ્ધારને દરવાજે પહોચાડવા ઉજાણીઓ આપે છે. આવી ઉજાણીઓનો લાભ લેવાય કે ગેરલાભ લેવાય પણ ઉછળતા મોજાં દરેકે દરેક ઉજાણીના ઉપભોગ કરનાર પ્રત્યેકે પ્રત્યેક જીવનમા ઉજાણીના અવસર પહેલા ચાર કલાકથી ઉછાળા મારે છે તેથી મોજા ઘણીવાર તો એવા તો મોટાઈ અને ભવ્યતાને પામે છે કે પ્રાત કાળની મીઠી મધુરી આનન્દી રસોઇને એકદમ નિરાધાર નજીવી નિઃસ્વાદી ગણાવે છે આખો દિવસ ભૂખે શેકાવુ પડે છે પણ આનન્દમા તેનુ કાઈ લાગતું નથીજ. આવો આવો ઉપરનો આનદનો આડમ્બર હોવા છતા પણ અવસરનો ઉપભોગ થતો નથી. ઉપભોગ વિયોગનુ સ્થાન લે છે.

હવે આટલો બધો આનન્દ તે કઈ જાતનો હશે? એવુ તે શુ લોહચુમ્બક હશે કે દરેકે દરેક જ્ઞાતિમા (with some exceptions) ઘણા માનસિક તેમજ શારીરિક બળો તે બાજુ ઘસડાતા હશે. એવી તે શી મીઠાસની લહરી વહેતી હશે કે જે લહરીથી આવી વિયોગની ચાદર ઘણાના મન ઉપર પથરાતી હશે.

શુ તે મીઠાશ ઘીમા છે કે ઘઉંના લોટમા છે, દાળમા છે કે ભાતમા.

ના, ના, ફક્ત એક બે રૂપિયાભાર શાકના નજીવા કારણને બધા ભૂતો બની વળગે છે, અન્તે ભડકાનો ભભૂકો નિકળે છે જે પહેલાં ક્લેશનો ધુમાડો ઉત્પન્ન કરે છે, અને ક્રોધાગારના ઝરણામા અગ્નિ પ્રજ્વલિત કરે છે.

ક્યાં તે સવારની મીઠાશ ! ક્યા અત્યારનો ક્રોધ !

આવા ક્રોધાંગારમાં જમાડનાર મળ સત્વને સર્વ કરતા વિશેષ હાનિ જણાય છે. રગદોળાય, ચગદાય, કચડાય, ધૂળમાં ધૂળ થાય તો પછી જ્યારે અંતમાં જરા તાણુ આવે ત્યારે જમાડનારને નાનપ કે સર્વ ક્રોધાંગારના ભૂતોને નાનપ.

તેજ ક્રોધાંગારના જીદ્દરંગી મનુષ્યોમાં જીદ્દવૃક્ષ સદા ફેલાએલુંજ હોય છે. જ્યારે એક બાજુ આવી ધમાધમ ચાલે છે ત્યારે સ્ત્રીવર્ગમા નજર ફેંકતાં તાદશ્યજ થાય છે કે જમણુમાં પુરતી જગ્યા હોય છતાં સ્વમાન ખાટવા પોતાના અન્ય સેજ ઓળખીતા જનને જગ્યા આપવા સ્ત્રીઓ કુશળ જણાય છે. કોઇ નિર્દોષ બાળા ફાંફાં મારતી હોય છે પણ જગ્યા તેને માટે અભાગી બને છે.

બીજી તરફ નજર ખેંચતા, યુવાનીમાં લચપચતા, મદમાં અન્ધ બનેલા યુવકો કહેવાતા ચાલુ જમાનાને અનુસરી કેટલાક મનો ચાળા કરે છે, કેટલાક દેહચેષ્ટા કરે છે, કેટલાક વાક્પટુતા બતાવે છે ત્યારે જવલ્લેજ કોઈ શોકમાં ગીરફતાર જણાય છે. આમાં શુ ગુહ્ય સમાયેલું હશે ? જુવામર્દીમા પોતાથી બીજાને મોહ થાય, ફક્ત અલ્પ સુખ તેથી મળે, નયને નયનમાં, ઐક્યતાનુ નિર વહે તેટલાજ સારૂ ઉપર વર્ણવેલા પહેલી ત્રણ જાતના યુવકો ચેષ્ટામાં માલુમ પડે છે. ત્યારે છેલ્લી જાતના યુવકમાં શોક હોવાનુ શું કારણુ ? તે બિચારો પોતાના હીનભાગ્ય ઉપર તેમજ બીજાના આવા કમબખ્ત આચારથી ઉત્પન્ન થતા ભાગ ઉપર વિચાર કરે છે.

આવા ઉંડા વિચારમા તે યુવકને એક સુસ્વપ્ન આવે છે. સ્વપ્નમાં તે એક ધોળો પહાડ જુવે છે. જે દેખીને તેની કાયા થરથર કંપિત થાય છે. પણુ મહામુશીબતે તે શ્વેત પર્વત ઉપર ચઢે છે. અડધો માર્ગ કાપતા ઉપરથી એક અંધકારના અંબારનો શ્યામ ગોળો રગડતો રગડતો માલમ પડે છે. તળીએ પહોચતા ઉંડી જાય છે, નાશ પામે છે. આવા આભાસમા તલ્લીન થયેલા આદમીનુ ત્યા એકદમ ક્રોધાગારમાથી ભભુકાના ભડકામાં બળી મરતા કોલાહલથી ધ્યાન ભંગ મન ભગ થાય છે. આ ભગ તેને તે સ્વપ્નનુ સાર્થક કરી બતાવે છે. તે એજ કે શ્વેતતામા ચ્હડાણુ તે કઠણુ હતું, પણુ કાળાશમાં ઉતરવુ તે સહેલ હતું દુનિયાના દોરંગ તે આજ. એટલામા વળી બહારથી એક વેદાંતી યુવકોનું ટોળુ આવતું જણાયુ. પંડિતાઇનો ડોળ કરી નીચેના શબ્દો સંભળાતા હતાઃ—

માર શુ તમાર શું,

માર્રું તે તમારૂ છે,

તમારૂ તે અમારૂ છે,

નથી આપણુ થનારૂ છે.

અહોહો ! આ કવિતામા કેવો અગમ્ય અર્થ સમાયેલો છે, જેનો ભાસ તે યુવકો કાળાશમાં લઈ જાય છે. તેઓ વેદાંતના છીછરા પાણીમાંથીજ પાછા આવે છે. તેઓને ક્યાંથીજ મનવાસ હોય કે ઉંડા પાણીમાંથી તરી સામો કાંઠો ઝડપવામા શુ તત્વ સમાયેલુ છે

જેના બાપદાદાઓ આગળના વખતમા મૃત દેહના પીંડ વાસ્તે યોગ્ય રચનાઓ રચતા હતા, તેનાજ પુત્ર-પૌત્રો હાલ ક્રોધાગારથી ઉજાણીમા કલેશ અનુભવતા માલમ પડે છે

મહેતા વૈકુંઠલાલ પ્રાણુલાલ.

(૯)
યુવક ભાઈઓને ખાસ વિનંતિ.

તેમણે અદા કરવી જોઇતી ફરજ.
જ્ઞાતિ ઉન્નતિ માટે આપવો જોઇતો નજીવો ભોગ.

યુવક ભાઈઓ, આપ સઘળાને વિદિત છે કે આપણી જ્ઞાતિ ઘણીજ અધમ સ્થિતિ ભોગવે છે. તેનાં જે જે કારણો છે તે સઘળા તમારી નજર બહાર નહિ હોય. આ પ્રસંગે તે સઘળા કારણો વિષે લખવાની કાઇ જરૂર નથી. પરતુ જે મુખ્ય કારણ હાલની સ્થિતિમા આપણી જ્ઞાતિને ઘસડી લઇ જવામા પ્રાધાન્યપદ ભોગવે છે, તે કારણ મરણ પાછળ દેખા-દેખી ફરજીયાત જેવા થઈ પડેલા જ્ઞાતિ ભોજનો અપાય છે તેજ છે.

આપણી જ્ઞાતિમા ઘણુખરૂ ત્રણ પ્રસગે જમણવાર થાય છે. તેમા લગ્ન પ્રસગે તથા સિમંત પ્રસગે જે જે જમણવારો થાય છે તે જમણવારો ખુશાલીના પ્રસંગના હોવાથી આ પ્રસંગે આપની આગળ તેના વિષે કાંઈ કહેવાની જરૂર નથી. તે જમણો સ્થિતિ અનુસાર ન હોય તો તે કોઇ પણ રીતે આવકારદાયક લેખી શકાય નહિ. પરંતુ મરણ પાછળ જે જે જમણો થાય છે તે જમણો સ્થિતિ અનુસાર હોય કે ન હોય તોપણ તે તો નિંદવા લાયકજ છે.

મરણનો પ્રસગજ મૂળમા દિલગીરી ઉપજાવનારો છે તો તેનુ જમણ ધિક્કારપાત્ર હોય તેમાં કાઇ નવાઈ જેવુ હોયજ નહિ જ્ઞાતિમા જે જે મરણો થાય છે તે તે મરણો ત્રણ વિભાગમા ગોઠવી શકાય. (૧) બાળ મરણ, (૨) યુવાન મરણ અને (૩) વૃદ્ધ મરણ. જેને આપણે બાળ મરણ કહીએ છીએ તે મરણ પાછળ આપણી જ્ઞાતિમા કોઇ પણ જાતનુ જમણ થતું નથી, પરતુ બીજી અને ત્રીજી જાતના મરણોની પાછળ એક પણ અપવાદ સિવાય જમણ થયાજ કરે છે. ગાવે તો જમણ કરનારાની સ્થિતિ તે વખતે દયાજનક હોય, આર્થિક સ્થિતિ ખરાબ હોય અને સસારની ઉપાધિ વધી પડી હોય, પણ તેવાં જમણો થયા વિના રહેતાજ નથી.

"મરણ પ્રસંગના ન્યાતવરા તો છેકજ નિંદવા લાયક છે. જમાડનાર તો ફરજનો માર્યો કદાચ જમાડે, પણ જમવા જનારને તે કેટલુંબધું શરમ ભરેલું છે? જેને ઘેર લોહીની નીકો ચાલી ગઈ હોય, જેનો ઉમરો ઉખડી ગયો હોય, જેને કોઈ પાળનાર ના રહ્યું હોય, ત્યાં જતાં પગ પણ કેમ ઉપડે? જો ખાસ લાગણી થતી હોય, તો જાતે જઈને દિલાસો આપી આવવો, ને મદદ કરવી, અથવા પત્રથી દિલાસો મોકલવો, પણ એવે પ્રસંગે બારમા-તેરમામાં જમવા જવું એ તો છેકજ હલકામાં હલકું છે. કાણમોકાણને માટે જવું ને મરનારને ત્યાં બઇદર ઘીનો ખાડો પાડવો એમાં શી દાઝ બતાવી?"

("જ્ઞાતિની ઉન્નતિનાં સાધનો"માથી).

લાબા વખતથી ચાલ્યો આવતો આવો કનિષ્ઠ રિવાજ જો આખી જ્ઞાતિ ધારે તો તે એકદમ દૂર કરી શકે. પણ મારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે આપણી જ્ઞાતિ બધા-રણનું કાંઈ ઠેકાણું નથી અને આવી ને આવી ગેરવ્યવસ્થા હવે કેટલા વર્ષ ચાલશે તે પણ

કહી શકાય નહિ. પણ એટલું તો દરેક જ્ઞાતિબંધુ સારી રીતે સમજે છે કે આ દુષ્ટ રિવાજ એકાદ દસકો વધારે રહે તો જ્ઞાતિની સ્થિતિ દયાજનક થઈ જશે.

યુવક ભાઇઓ ! આપણે સઘળા તો આ રિવાજનુ જડમૂળ કાઢવાને ઘણાજ તત્પર છીએ. પણ આપણે સઘળા ઘરસંસારમાં હાલમાં સ્વતંત્ર નથી એજ મોટું વિઘ્ન આપણી વચમાં આવે છે, છતા પણ અશ્રુથી ભરેલી આંખો વડે આ રિવાજ હવે લાબો વખત જોવાને આપની કોઇની પણ જીજ્ઞાસા હોય નહિ. જે જે આપણી સત્તામાં હોય તે તે જો આપણે અમલમાં ન મૂકીએ તો આપણે બધા દોષિત કહેવાઈએ એજ વિચારથી કેટલાક જ્ઞાતિ ભાઈઓએ સોગદ સાથે જણાવ્યુ છે કે **બાપ અને મોસાળના કુટુંબમાં થતાં જમણ સિવાય બીજા કોઇને ત્યાં અને આખી ન્યાતના જમણ સિવાય બીજા મરણ પ્રસંગના જમણમાં અમે જમવા જઈશું નહિ.** એ સંખ્યા લગભગ સીત્તેર યુવકોની હાલમાં છે. માટે મારા યુવક ભાઇઓ ! તમને વિનતિ સાથે જણાવવાનુ કે જો તમે બધા એ પ્રમાણે સોગંદ લ્યો અને આવા જમણનું બળીદાન આપો તો મને ખાત્રી છે કે એ જમણો એકદમ બંધ થઈ જાય.

જ્યારે યુવક જમવા નહિ જાય ત્યારે તેમના વડીલો શુ તેમને મૂકીને જમવા જશે? અને કદાચ જમવા જાય તો તેમને ગળે લાડવા ઉતરે પણ કેમ? ખરેખર યુવાનોને ઘેર મૂકીને તેઓ જમવા જતા શરમાશે અને તેઓ પણ આવો માર્ગ ગ્રહણ કરવાને દોરાશે અને બીજાને દોરશે તથા પાચ સાત વરસમા આવા જમણ કરવાનો રિવાજ નાબુદ કરવાને એકત્ર પણ થશે એવી આશા રાખીએ છીએ.

દેશના હિતને માટે મોટા મોટા આત્મભોગ આપવા પડે છે અને સ્વાર્થત્યાગ કરવો પડે છે. સ્વ. ઑ. મી. ગોખલેએ દેશસેવાને માટે પોતાની સઘળી કમાઇનો ભોગ આપી દીધો. લોકમાન્ય મી. ગાધીએ પોતાના દેશીઓના હકને માટે લાખો રૂપિયાની કમાઇનો ભોગ આપી દીધો. જ્ઞાતિનો એક રિવાજ સુધારવાને માટે જે કાંઈ ભોગ આપવો પડે તે તો ઉપર બતાવેલા ભોગના હિસાબમા કાઇજ નથી. મરણ-જમણ બધ કરાવવાને માટે જે **કાંઈ તમારે ભોગ આપવો પડશે તે માત્ર બે લાડુનોજ છે.** લાખો રૂપિયાની કમાઇનો ભોગ ક્યા અને બે લાડુનો ભોગ ક્યા. તમારા બે લાડુને લીધે પૈસાનો ખોટો વ્યય થતો બચશે અને એટલા પૈસાનો ન્યાતમા બચાવ થશે.

ટુકામા સમજણ પડવા સારૂ જમણનુ પૃથક્કરણ નીચે પ્રમાણે છે —

જમણ
- લગ્ન જમણ. સીમંત જમણ.
  - બન્ને જમણ ખુશીના પ્રસગના છે પણ સ્થિતિ અનુસાર હોય તો આવકારદાયક.
- મરણ જમણ.
  - બાળ-મરણ-જમણ. — આવકારદાયક નથી અને જમનારને શરમ ભરેલુ છે.
  - યુવાન-મરણ-જમણ. — ધિક્કારપાત્ર છે અને જમનારને તે નીચુ જોવા જેવું છે.
  - વૃદ્ધ-મરણ-જમણ. — નિંદવાલાયક છે અને જમનારને શરમ ભરેલુ છે.

ચીમનલાલ લાલભાઈ શાહ બી. એ.

(૧૦)

મહેરબાન પ્રિય જ્ઞાતિબંધુઓ ! હુ આપની સમક્ષ "મડળથી થતા ફાયદા" તથા દશાપોરવાડ યુવક મિત્રમડળ એ વિષય ઉપર યોડુક લખવા રજા લઉં છુ. તેમા કોઈ પણ જાતની ખામી આપની દષ્ટિએ પડે તો તે સુધારી લઇ વાચવા કૃપા કરશોજી જેથી હું આપનો આભાર માનીશ.

મંડળ શબ્દનો અર્થ

જયા થોડા ઘણા માણસો એકસપ થઈ એકાદા કાર્ય વિષે રૂડી રીતે ચર્ચા ચલાવે તેને મડળ મળ્યુ કહે છે. ચાર અથવા વધારે માણસો અનીતિના ટપ્પા મારે, કેફ કરે, અથવા કોઈ પણ જાતનું ટાહેલુ કરતા હોય તેની અદર થોડા ઘણા વિદ્વાન તથા આબરૂદાર માણસો હોય છતા પણ તેને મડળ કહેવાશે નહિ. પરતુ થોડા ઘણા માણસો મળી કોઇ વિદ્યાજ્ઞાનના, જશ થાય તવા તથા લાભ થાય તેવા કામના વિચાર સભ્યતાથી કરે તેને મડળી અથવા મંડળ કહે છે. તેવા મડળો હાલમા ઘણી જાતના છે. જેવા કે રાજકારભારીઓનુ, વિદ્વાનોનુ, વેપારીઓનું, જ્ઞાતીનું તથા વિદ્યાર્થીઓનુ એવા અનેક જાતના મડળો હોય છે. તેવું આ આપણું પણ એક "દશાપોરવાડ યુવક મિત્ર મડળ" છે. આપણી જ્ઞાતિમા પ્રથમ એક બે મડળો ઉભા થઇ નિર્માલ્ય અવસ્થામા આવી જઇ છેવટે ગત થયા છે એ દીલગીરી ભરેલુ છે. પરંતુ હાલમા ચાલતું આપણુ મિત્રમડળ બે વરસથી ચાલે છે તે ટકી શકે તેવી અવસ્થામા હોવાથી આપણે બધાએ ખુશી થવા જેવુ છે. આ વિષય ઉપર ચર્ચા ચલાવતા પહેલાં મારે તમને ત્રણ સામાન્ય વાતો યાદ દેવડાવવાની જરૂર છે.

(૧) મંડળ નહિ ભરાવાથી નુકશાનો, (૨) મડળ મળેથી શાશા ફાયદા થાય છે, (૩) મડળોની અદર ભાષણો અથવા ચર્ચા કેવી રીતે ચલાવવી અને કેવા કામા કરવા જાઇએ.

મડળ નહિ ભરાવાથી થતા નુકસાન.

આપણો હિદુસ્તાન દેશ ઘણા પ્રાચીન સમયમા જગતથી પ્રસિદ્ધ છે. પરતુ પ્રાચીન સમયમા જેવો પ્રકાશ હતો તેવો હાલમા નથી. તેનુ કારણ શુ ? કેટલાક લોકો કહેશે જગતમા ચડતી પડતી થયા કરે છે જેવી રીતે ઉદય અસ્ત, ભરતીઓટ વગેરે જગતમા ઇશ્વિરેચ્છા થયા કરે છે. પણ આ રીતે કે ઇશ્વિરના ઠરાવેલા નિયમ પ્રમાણે કારણ ઉપરથી કાર્ય બને છે કોઇ પણ કાર્ય કારણ વગર બની શકતું નથી. હિદુસ્તાનની પડતીના ઘણા કારણો છે. તેમા આ પણ (મડળો નહિ ભરાવાનુ) મુખ્ય છે અને તે કારણથી આપણા રાજ્ય ગયા, આપણી મના ગઈ, અને આપણા માન ગયા, અને આપણે મર્ખ, કાયર, આળસુ, દરિદ્રી, વ્યસની બની ગયા છીએ. એ કેટલુ દીલગીરીભરેલુ છે. માટે મડળીઓ મળી એકસંપથી વિચાર કરી ઉદ્યમ નહિ કરીએ તો આફ્રિકાના સીધી લોકો તથા અમેરિકાના ઇડિયન લોકો જેવી રીતે પોતાનુ ગુજરાન ચલાવે છે, તે મુજબ આપણે પણ દહાડા પુરા કરવા પડશે. તેવીજ રીતે આપણી જ્ઞાતિમા પ્રાચીન કાળથી મડળ ન હોવાથી આપણી જ્ઞાતિ હાલ નજરે પડતી દુખદાયક સ્થિતિ ભોગવે છે

મડળો ભરાવાથી શા શા ફાયદા થાય છે

મડળોથી ઘણા ઘણા ફાયદા થાય છે તેવી રીતે આપણી જ્ઞાતીમા જે આ નાનું સરખુ બે ત્રણ વરસની બાલ્યાવસ્થામા રમતુ યુવકોનુ મિત્રમંડળ સ્થાપ્યુ છે, તેનાથી આગળ જતા ઘણા ઘણા ફાયદા થશે. વેપારી અથવા કારીગરોના મંડળોમા પોતપોતાના વિષયના વિચારો ચલાવવાથી વેપાર તથા કારીગરી વધે છે, ને દ્રવ્ય સપાદન થાય છે. તેવાજ લાભો યુવક

મિત્ર મંડળના નિબંધો વાચવાથી ને પછી ચર્ચા ચલાવેથી ભાષા સુધરે છે, મનમાની વાત સહેલથી બહાર નીકળે છે, ઘણા માણસોની અંદર નિયમિતપણે અને સભ્યતાથી બોલતા આવડે છે, સમજશક્તિ વધે છે, ઘણી ઘણી બાબતની જાણ થાય છે, ઓળખાણ થાય છે, ને તેમની જોડે સ્નેહ બંધાય છે, નવી નવી યુક્તિઓ જડે છે, દુરાચરણ ત્યાગ કરવાનુ ને સદાચરણ ગ્રહણ કરવાનુ શીખાય છે, ને આપણે સદાચારી, ઉદ્યમી, અને પ્રતિષ્ઠિત થઇએ છીએ.

નિબંધો લખવા તથા ભાષણો કરવા એ કાઇ નાનીસુની વાત નથી. પોતાના વિચાર એક પછી એક ક્રમિક તકરાર તથા દાખલા સાથે, સામાને અસર કરે તેવી રીતે દર્શાવવા જોઇએ. એને માટે ઘણા પુસ્તકોનુ વાચન તથા વિદ્વાનોના મત તથા બોલવા તથા લખવાની રૂઢી આપણે જાણવાની જરૂર છે, અને એ કામ પ્રેક્ટીસ (અભ્યાસ) થી આવડે છે, અને તે પ્રેક્ટીસ કરવાનુ સ્થળ મંડળ છે. આપણા હિંદુસ્તાનમા મંડળો મળવાનો ચાલ નહિ હોવાથી હાલ તેઓ મંડળથી શા શા ફાયદા થાય છે તથા ન હોવાથી શા શા નુકસાન થાય છે એ તુરત સમજી શકશે નહિ. પરંતુ જેમ જેમ જ્યા મંડળો મળવાનો ચાલ છે, ત્યાના લોકો સાથે સંબંધ થશે ત્યારે તેમને ખાત્રી થશે કે મંડળથી હમેશા ફાયદાજ થાય છે. તેવીજ રીતે આપણી જ્ઞાતિમા કેટલાક લોકોના મનને મંડળ એ પૈસા લુટી ખાવાનુ સ્થળ છે તથા તેની અંદર .સામેલ થનારા લોકો લુટી ખાનારાઓ છે એવી જે ખોટી લાગણી છે તે કાળ જતા મિત્ર મંડળ સારા સારા કાર્યો આદરી લોકોને તેનુ ઓળખાણ કરાવશે અથવા મંડળથી થતા સુધારા લોકોના જાણવામા આવશે ત્યારે તેમના હૃદયમા રહેલી ખોટી લાગણી ભુસી જઇ સારી લાગણીના અંકુરો સ્ફુરશે.

પ્રાચીનકાળમા ઇંગ્લાંડ દેશના લોકો કેવળ જંગલી અવસ્થામા હતા. તેઓ પ્રથમ જાનવરોના શિકાર કરી તથા માછલાઓ મારી પોતાનો ઉદરનિર્વાહ ચલાવતા હતા. તેજ અંગ્રેજ લોકો આજે પુષ્કળ દ્રવ્ય સંપત્તિ કમાઇને મોટા વેપારી થયા છે, અને જેની રાજસત્તા આપણા પર ચાલે છે. એ સ્થિતિ બદલાવવાના ઘણા કારણો છે, પરંતુ તેમા મુખ્ય કારણ એ જોવામા આવે છે કે તે દેશમા સર્વ પ્રસંગોએ મંડળીઓ ભેગી થઇ વિચારો કરતી, અને બધાઓએ એકસંપથી કામ કર્યા છે. કોણ નથી જાણતું કે અંગ્રેજ લોકો પ્રથમ આ દેશમા કંપની રૂપે વેપાર અર્થે આવ્યા હતા. તેમાથી ઘણુ દ્રવ્ય પેદા કરી આખરે રાજ્યની સત્તાવાળા થયા. એનુ મૂળ કારણ એ છે કે ત્યા ગામેગામ અને શહેરેશહેર મંડળો ભેગા થાય છે તે એકસંપે વર્ત્તે છે. મંડળમા દાખલ થવાથી અજ્ઞાન, દુ:ખ, દુરાચરણ, અને કેટલાક દુર્ગુણોનો નાશ થઇ સર્વ પ્રકારના સુખ તથા સદાચાર પ્રાપ્ત થાય છે. એકસંપથી કામ કરવાનો ચાલ થવાથી ઘણો ફાયદો થાય છે. લોકો ગાંડાના ડાહ્યા, મૂર્ખના વિદ્વાન્ તથા દરિદ્રીના ધનવાન બને છે તે સૌ મંડળીઓના પ્રતાપેજ.

મંડળમા ભાષણો કેવી રીતે કરવા તથા ચર્ચા કેવી ચલાવવી તથા કેવી જાતના કામો કરવા જોઇએ ?

કાંઇ પણ રીતનો ફાયદો થાય ને કોઇ પણ રીતનો જશ મળે ને નિંદા ન થાય તેવા કાર્યો મંડળના કરવા જોઇએ, અને એવાંજ કાર્યો "દશાપોરવાડ યુવક મિત્રમંડળ" કરે છે ને કરશે એવી આશા છે. સંપમા રહીને કામ કરવા માટે મંડળ છે. જે રીતે જ્ઞાતિમા સંપ વધે, બળ વધે, વિદ્યા વધે, દ્રવ્ય વધે એવા કામો મંડળ કરે છે, ને કરશે. હું-ડાહ્યાપણુ (મમતા), અપ્રમાણિકપણું, અવ્યવસ્થિતપણું, નિરાશા તથા કાયરપણું વગેરે કારણોથી મંડળ ટકી શકતું નથી ને શોભતું નથી માટે એ દુર્ગુણો મં-

ળમાં છે નહિ પરંતુ ઉત્પન્ન થવા દેવા જોઇએ નહિ. તે દુર્ગુણો ન વધે અને સંપ તથા સદ્ગુણની વૃદ્ધિ થાય અને જ્ઞાતિને લાભ થાય તેવે પ્રકારે મંડળનું કાર્ય ચાલવું જોઇએ.

મંડળની અંદર ભાષણ કરવાની રીત આ પ્રમાણે હોવી જોઇએ કે જેઓ જે વિષય પર વિચાર કરવા એકઠા થયા હોય તેઓમાંના શક્તિમાન પુરૂષોએ વારાફરતી ભાષણો કરી પોતાના વિચારો નિવેદન કરવા. પછી એકનું ભાષણ પુરૂં થએથી બીજાઓએ વારાફરતી વિવેકની વાણીમાં પોતાના વિચારો દર્શાવવા. ઘણી વખત જ્ઞાતિની તથા શાસ્ત્રકારોની સભામાં વાદ ચલાવતાં ક્રોધાવેશમાં એકબીજાને તુચ્છકાર શબ્દો વાપરે છે, ને વખતે મારામારી પર પણ આવે છે તે બહુ ખોટું છે. ઘણાખરા માણસોની અંદર સભ્યતાથી ભાષણ કરવાની ટેવ અભ્યાસથી (પ્રેક્ટીસથી) વધે છે. માટે અભ્યાસ પાડવા માટે શરૂઆતમાં એટલે નાનપણથી વિદ્યાર્થીઓએ મંડળો કાઢી તેમાં ભાષણો કરવાની ટેવ પાડવી જોઇએ. એ હેતુ પણ આપણા યુવક મિત્રમંડળથી પાર પડે છે.

મંડળો મળવાનો ચાલ અંગ્રેજ રાજ્યના પ્રતાપે નીકળ્યો છે. કારણકે પ્રથમ તેમનામાં આવા મંડળો નીકળતા હતાં તેમનું જોઇને આપણે શીખ્યા. દરેક જ્ઞાતિમાં મંડળો સ્થપાય છે. ધન, ઉદ્યમ, વિદ્યા, સદાચાર, કુલીનતા, સંપ, જ્ઞાન, શ્રગતન વગેરે મંડળથી વધે છે. સુધારાનો મૂળ પાયો મંડળ (સંપ) છે. કહેવત છે કે "જીવ જાય તે સારૂં પણ જીવનગાળો જાય તે નઠારૂં." અજ્ઞાનને નિર્ધન અવસ્થામાં જીવવું એ કરતાં મરી જવું બહેતર છે. માટે આપણે સંપ રાખવાનો અભ્યાસ જારી રાખવો કે જેથી આપણો તેમજ આપણા પરિવારનો જીવ ન જાય તેમ જીવનગાળો પણ જાય નહિ. પરંતુ સંપ મંડળમાં જોડાવાથી વધે છે.

ઉપરનું લખાણ વાંચી મનન કરી તેના ઉપર આપની બુદ્ધિનો વિચાર કરી જ્ઞાતિ-

ઉપસંહાર બંધુઓ આપણી જ્ઞાતિના મંડળમાં ભાગ લઇ, જ્ઞાતિના હિતનાં કાર્યો કરવા માટે તત્પર થાઓ અને તેમાં આપનો આત્મભોગ આપો.

સાંકળચંદ મોતીલાલ શાહ.

---

(૧૧)

આપણી જ્ઞાતિ સુધરે કેમ ?

(દ્રુતવિલંબિત).

પ્રિય હશે નિજ ધર્મ, કુલીનતા, હિત થશે શુભ કર્મ કર્યે સદા,
પરમ હેતુ ઉરે વસશે યદા, નિકટ છે સ્વજનોન્નતિ સુખદા

અસ્તોદયના નિયમાનુસાર દેશ, ગ્રામ, જ્ઞાતિ, કુટુંબ અને પ્રત્યેક મનુષ્યપર ચડતી પડતી વારાફરતી આવે છે. આપણી પ્રાચીન સ્થિતિ ઇતિહાસો દ્વારા જાણી, તેને આપણી આધુનિક સ્થિતિ સાથે સરખાવીશું તો આપણને જણાઈ આવશે કે, આપણે એકદમ અવનત દશામાં આવી પડ્યા છીએ. આપણી આવી સ્થિતિ શાથી થઇ ? કોણે કરી ? વગેરે વિચારો કર્યા કરતાં આપણે પાછા અસલ સ્થિતિએ–ઉન્નત–દશાએ કેમ પહોંચીએ એ તરફ દૃષ્ટિ દોડાવવી વધારે શ્રેયસ્કર છે. આધુનિક જમાનો સુધારાનો છે, સ્થળે સ્થળે સુધારાની

ગર્જના થઇ રહી છે. કેટલાએક વીરનરો આત્મભોગે દેશ સુધારવા મથી રહ્યા છે. કેટલાક પોતાની જ્ઞાતિ સુધારવા મંડી પડયા છે. જ્યારે કેટલાએક મંડળો, સસ્થાઓ, વ્યાપાર, ઉદ્યોગાદિમા સુધારો કરવા પ્રયત્ન કરી રહ્યા છે. આવા સમયમા ઉક્ત પ્રશ્ન (આપણી જ્ઞાતિ સુધરે કેમ ?) આપણા કેટલાક જ્ઞાતિબન્ધુઓના હૃદયમા ઉદ્ભવે એ અસંભવિત નથી. અને આવી ભાવના જ્યારે કોઈ દેશ અથવા વર્ગના હૃદયમાં ઉદ્ભવે છે ત્યારેજ તે ઉન્નતદશાને પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાતિ સુધારવાની ભાવના આપણા બન્ધુઓના હૃદયમા ઉત્પન્ન થયા છતાં આપણી જ્ઞાતિ સુધરતી નથી, તેનું કારણ ફક્ત એટલુજ છે કે, ઉક્ત ભાવના આપણા જ્ઞાતિ બન્ધુઓના હૃદયમા બહુ થોડોજ વખત ટકે છે. કંઇ વિઘ્ન આવે તો, તેને આનવાર્ય ગણી ઉદ્ભવેલી ઇચ્છાને તેઓ નષ્ટ કરી નાખે છે, અને કઇ ને કઇ બ્હાનુ આગળ ધરે છે.

કેટલાએક કહે છે કે, કેળવણીની ખામીને લીધે જ્ઞાતિ સુધરતી નથી, ઐક્યના અભાવે-કુસંપને લીધે જ્ઞાતિ સુધરતી નથી, એમ પણ કેટલાએકનુ બોલવું છે. વળી કોઇ એક તો જ્ઞાતિના કેટલાએક અગ્રેસરોપર પક્ષપાતિ કૃપણાદિના દોષો મૂકે છે, અને એમ જણાવે છે કે, આવા અગ્રેસરો જ્યા સુધી જ્ઞાતિના અગ્રપદપર વિદ્યમાન્ હશે ત્યા સુધી જ્ઞાતિ સુધરવાની આશા વ્યર્થ છે. જ્યારે કેટલાએક એમ બોલે છે કે, બાળલગ્ન, વૃદ્ધલગ્ન ઇત્યાદિ અનિષ્ટ રિવાજોનું જ્યાં સુધી આપણી જ્ઞાતિમાથી નિકંદન નીકળ્યુ નથી ત્યા સુધી જ્ઞાતિને ઉન્નત દશામાં જોવાની આશા રાખવી એ ધૂમાડાના બાચકા સમાન છે આમ જેને જેમ ફાવે તેમ બોલે છે. અને છેવટે નિશ્વાસ સાથે " આપણી જ્ઞાતિ સુધરશેજ નહિ " આવા નિર્માલ્ય શબ્દો ઉચ્ચારી વિરમે છે. આમ બોલવુ તેમનુ કેટલેક અંશે ખરૂ પણ છે, પરન્તુ કર્ત્તવ્યથીજ કાર્યસિદ્ધ છે-બોલવાથી નથી. "બોલવામા શૂરા પણ કર્ત્તવ્યમા અધૂરા ' મનુષ્યો કાઇ પણ કરી શકતા નથી. આવા કર્ત્તવ્ય વિમુખ મનુષ્યો પોતે જ્ઞાતિથી નિરાળા-ત્રાહિત હોય અને જ્ઞાતિ પ્રત્યે પોતાની કાઇ પણ ફરજ ન હોય એમ સમજે છે. પરતુ તેઓએ સમજવું જોઇએ કે આપણા બધાની જ્ઞાતિ પ્રત્યે સરખીજ ફરજ છે " જુદી જુદી વ્યક્તિઓના વ્યવહાર સંઘટ્ટનથી થયેલા સમુહને જ્ઞાતિ કહે છે. " અને એ સમુહ-જ્ઞાતિ માહેના આપણે એક છીએ, અને તેને ઉચ્ચ સ્થિતિમાં આણવા માટે બનતા પ્રયત્ન કરવાની આપણી ફરજ છે.

કેળવણીનો બહોળો પ્રચાર કરવો, ઐક્ય સાધવુ, જ્ઞાતિના અગ્રેસરો લાયકાતવાળા બનાવવા, અનિષ્ટ રિવાજોને ટાળવા એ સઘળુ આપણા હાથમા છે. પરતુ તે આવડે તોજ.

જ્ઞાતિના પ્રત્યેક મનુષ્યમા પ્રથમ હુ, પછી મારૂ કુટુબ અને ત્યાર પછી મારી જ્ઞાતિ કેમ સુધરે ? એ ભાવના ક્રમવાર ઉદ્ભવવી જોઇએ પોતાના છોકરા કાળા અક્ષરને કૂટી મારે એવા હોય, ઘરમા બાયડી અને બ્હેન વચ્ચે દરરોજ યુદ્ધ મચ્યા કરે તેનો ન્યાય કરતા જેના ઉપર પોતાનો વધારે પ્રેમ હોય અને તે ગુન્હેગાર હોય છતા તેને કઇ ન કહેતા નિરપરાધીને શાસન થાય, પોતાનો છોકરો આઠ નવ વર્ષનો થાય કે તેના લગ્નનો લ્હાવો લેવા મન તલપાપડ થઈ રહે, છોકરી હોય તો વરને માટે દોડધામ થઇ રહે, અને કોઈ શ્રીમાન્ રડાયો તો તે પછી કાણો હોય કે કુબડો હોય, ભણેલો હોય કે ઠોઠ હોય, બાળ હોય કે વૃદ્ધ હોય, લોભી હોય કે ઉડાઉ હોય, ચાહે તેવો હોય, ફક્ત દ્રવ્યવાન છે કે નહિ તેનીજ તપાસ કરે છે, અને તે તપાસમા તેઓની ખાત્રી થાય છે કે તે દ્રવ્યવાન છે તો જોડુ કજોડુ ન જોતા પોતાની બાળ કન્યાને ઝટ દઇને વરાવી દે છે. આવી રીતે જેના

ઘરનો કારોબાર ચાલતો હોય, અને તે મનુષ્ય જ્ઞાતિ સુધારવાની વાત કરે તો કટલી મૂર્ખતા ? આવા મનુષ્યોએ પ્રથમ સુધરવું, સદાચરણી, સદ્દવિચારી અને સત્યવક્તા બનવું. પછી પોતાના છોકરાંઓને ધર્મ અને નીતિયુક્ત કેળવણી આપવી. ઘરમા કંકાસ થાય એવો પ્રસંગજ આવવા ન દેવો. સૌને સામાન્ય દૃષ્ટિથી જોવા. પોતે ઐક્ય સાધવુ અને પોતાના કુટુમ્બીઓને તે સાધતા શીખવવું. આ ફરજ જ્ઞાતિના દરેક મનુષ્ય (શ્રીમાન્ અને ગરીબ) ની છે. અને તે બજાવવા દરેક જણે કર્ત્તવ્યપરાયણ થવુ.

આ ઉપરાંત જ્ઞાતિના અગ્રેસરો અને શ્રીમાનોની વિશેષ શુ ફરજ છે તે તરફ દૃષ્ટિ કરીએ. જ્ઞાતિના અગ્રેસરોએ જ્ઞાતિમાંથી કેટલાક જુના પૌરાણિક હાનિકારક રિવાજોને દૂર કરવા, અને તે ઠેકાણે દેશકાળને અનુસરી સારા રિવાજો દાખલ કરવા, જ્ઞાતિમાં ફરજીઆત ધર્મ અને નીતિયુક્ત કેળવણી દાખલ કરવી, જ્ઞાતિ બાંધવોને નિષ્પક્ષપાત ન્યાય આપવો—એવુ ન થાય કે પોતાના સાળા કે બનેવી ખાતર ત્રાહિત માર્યો જાય. એકંદરે જ્ઞાતિને ઉચ્ચ સ્થિતિએ આણવા માટે ચાંપતા ઉપાયો લેવા. જ્ઞાતિમાંના ધનાઢ્યોએ " **उदार चरितानां तु वसुधैव कुटुम्बकम्** " એ વાક્યાનુસાર જ્ઞાતિને પોતાના કુટુમ્બ સમાન ગણી તેને પોતાના દ્રવ્યનો લાભ આપવો, શાળાઓ, મ ડળો, પરદેશ જઇ ઉચ્ચ કેળવણી લઇ ત્યાના હુન્નર–ઉદ્યોગ શીખી લાવવા, ઔદ્યોગિક વેતનો (સ્કૉલરશીપો), પુસ્તકાલયો, અનાથાશ્રમો, હૉસ્પિટલો, સેનેટેરિયમો વગેરે જ્ઞાતિ ઉપયોગી ખાતાઓ સ્થાપવા. આવી રીતે સમસ્ત જ્ઞાતિ પોતાની સામાન્ય ફરજ સમજે. અગ્રેસરો અને શ્રીમાનો પોતાની સામાન્ય તેમજ તે ઉપરાતની વિશેષ ફરજો છે તે સમજે અને તે પ્રમાણે વર્તન કરે તો જ્ઞાતિ સુધરવી મુશ્કેલ નથી.

નારણદાસ જીવણલાલ શાહ.

(૧૨)

'દશાપોરવાડ યુવક મિત્રમંડળ'માં વંચાયેલું ભાષણ.

પ્રભુતા.

જીવન ક્ષણભગુરતામા એક અલ્પ ક્રીડા રૂપે ભરાયેલુ છે. પવનના ન્હેજ સપાટે ધુળમાં ધુળ થાય છે. ટકવુ તે શબ્દ માનસિક મનમા અનિશ્ચિત જેવો ભાસ કરાવે છે. તેહની નિસ્તેજતા તેજ ખરો અત છે. તેનોજ પળે પળે ક્ષણે ક્ષણે અતરમા રવ રમી રહેલો છે. જયારે બાહ્ય આવી અજાનતા પ્રદર્શનમા મુકાયેલી છે, ત્યારે તે જીવનમા રહેલો આત્મા સૂક્ષ્મ દેહ ધારીને અંતે કેવુ ફળ પામે છે તેથી સર્વ બાહ્ય જગત અજાત છે કિન્તુ તેની ગતિ સદ્ અથવા અસદ્ થશે તે વિચારનુ નિર્માણ કરાવવા વાસ્તે મુખ્ય વસ્તુ ફક્ત વ્યવહાર અને પરમાર્થ, સસાર અને મોક્ષ, સુખ અને દુખ, સ્વપ્ન અને જાગૃતાવસ્થા એટલીજ છે. જેમ દુધને વલોવતા સદા તેનુ તત્વ માખણ છે, તેમજ આ બધી વસ્તુઓને જગતની માટલીમા બાહુબળના દોરડાવતી અને સ્થૂલ શરીરના થાભલાવતી ધર્મના ઠેકાણે વલોવતા સદા તત્વ એજ નીકળે છે કે જે સત પુરૂષોના અણુએ અણુ ભાગમાં રોમેરોમ પ્રદેશમા પ્રતિમ તેજના અબારમા પ્રસરાએલો છે, તે ફક્ત ત્રણજ અક્ષરનો છે, પરન્તુ અર્થમાં અગાધ અદ્ભૂત છે. જે ત્રણ અક્ષરમા મોક્ષ, મુક્તિ, પરમ ધામ, નિર્વાણ, કૈવલ્ય આદિ અનેક વેદોક્ત પરમપદના ભિન્ન ભિન્ન નામો સત્યજ્ઞાનમા સમાયેલા છે, તે કેવળ

બીજો એક પણ શબ્દ નહિ પણ પ્રભુતાજ છે. પ્રભુતાના નામનો માત્ર ઉચ્ચાર પોકારવામા અલભ્ય સુખ તો એવું સમાએલુ છે કે જે સુખ અખંડ સોનાના ગૃહોમા મળતું નથી, એક પર્ણકુટીમા રહેવાથી મળતું નથી, પર્વતની એકાતમાં કે જ્યાં સૂર્ય ચદ્રનું પ્રતિબિબ પણ પ્રવેશ કરી શકતું નથી ત્યા પણ તે સુખ મળતુ નથી પણ જ્યારે જીવ પોતાનો નિષ્કામ પ્રેમ પ્રભુ પ્રત્યે પ્રયોજે છે, જ્યારે તે પુરૂષ વાસનારહિત પોતાની પ્રિય ફરજો અદા કરે છે, અને પોતાને ફળની મનમા લવલેશ ઇચ્છા પણ નથી તેજ મનુષ્ય પોતાના અંતમાં અનત તેવા સુખનો ભાસ કરે છે, પરમતત્વ શુ છે, દુનિયા ફાની ક્યારે છે, ઇત્યાદિ અગમ્ય વાક્યોનો તત્વ સારી પેઠે સમજી શકે છે. આવી ઇચ્છાઓ ધરાવનાર અનેક છે પરન્તુ તેજ ઇચ્છાઓને પરિપકવ કરનાર ઘણાજ થોડા છે. કારણ કે કહેવુ સહેલ છે પણ કરવુ મુસ્કેલ છે. તેના વિષે દૃષ્ટાત આપી સાબિતી કરવી વધારે સુખદાયક છે. જ્યારે મનુષ્યનુ ચિત્ત મોહના આવેશમા મસ્ત બને છે ત્યારે તેના મનના દુણા ભાગ થાય છે. એક પ્રકારનુ મન તેને એમ સૂચવે છે કે મોહના રસ્તે જતા તૃણથી આચ્છાદિત એક કુવો છે, ત્યારે બીજી તરફનું મન એમ કહે છે કે તેજ કુવામા એક સુખદાયક વહાણ છે. ત્યારે પહેલુ મન જવાબ આપે છે કે તે વહાણમા છતી આખે અધ બની ઉતરતા વહાણ ઠોકરે ચઢે છે જેથી વહાણુ વધારે વાર ટકતું નથી પરંતુ અલ્પ સુખ આપી તે અનન્ત ઉંડા કૂપમા રડવડતો મૂકી અદૃષ્ય થાય છે. પહેલી જાતના મનથી માણસ એમ વિચાર કરે છે કે થોડી વાર મોહમા મુગ્ધ થયા પછી પશ્ચાત્તાપ કરી અનન્ત પ્રભુતાના ફળને પમાય તેવા આચાર આચરીશુ. પરન્તુ આવા અને આવા ક્ષણિક મોહો ડગલે ડગલે અને પગલે પગલે તેને એટલા બધા આવી નડે છે કે ઘડીએક ફુરસદ સતધર્મમા વાપરવી તે તેને અકારૂ લાગે છે. બલકે તેવો વિચાર પણ તેના મગજમા પેસી શકતો નથી. ખાસ એટલુ તો ધ્યાનમા રાખવાનુ કે જ્યારે મનુષ્યને આવી રીતે મોહ મનમા લપટાયેલો છે, ત્યારે પહેલી જાતનુ મન બીચારૂ ગરીબડુ બની જ્યારે અનહદ મોહરૂપી શત્રુ બીજી જાતના મનમા વધી જાય ત્યારે હલકા ડખ માર્યા કરે છે કે જે ડખ મનુષ્ય પોતાના ખ્યાલમા બીલકુલ અનુભવતો નથી. તે ડખ બીજો કોઈ નથી, પરન્તુ ફક્ત પ્રભુતાના પદને પામવાના પારસમણી જેવો છે. પ્રભુએ આવી રીતનુ જે ચક્ર આત્મા ઉપર ફરતુ રાખ્યુ છે તેજ દરેક મનુષ્યને સાબીત કરી આપે છે કે પ્રભુતા તે એક નાની વસ્તુ નથી, પરન્તુ અગમ્ય વસ્તુ છે.

સમયને અનુસરતા અનુસરતા એક સમય એવા સજોગોમા સપડાયો કે બપોરના બાર વાગે કાકરીયુ તળાવ એક મારી સફરનુ સ્થાન થયુ. આવા અવસરમા સૂર્ય સર્વદા જાણે મનુષ્યોના પાપોથી તે કોપાયમાન થતો ન હોય તેવી રીતે પોતાના ક્રોધને પોતાના નયનોમા સમાવી નહિ શકતા પૃથ્વી ઉપર તે ક્રોધને ફેકતો માલુમ પડે છે. છતાં પણ પ્રભુકૃતિ એવી છે કે પૃથ્વી ઉપર સદા મેરગજ છે જ્યારે એક બાજુ ઉષ્ણતાનો ઢગલો ઉપરથી પડે છે ત્યારે કાકરીયુ તળાવ નીચેથી શીતળતાને ઢાલ બનાવી તે ઉષ્ણતાને પોતાની ઢાલ ઉપર ઝીલી મનુષ્યોને આરામ આપે છે. આજ કુદરતની પ્રભુતા. આવા વખતે મારી નજરે એક ફકીરોનું અવનવું ટોળુ ચીથરે હાલમા અવ્યવસ્થિતપણે બેઠેલું જણાયુ, ત્યારે બીજી બાજુ ગામડામાથી તેજ દિવસે ઉમગનો આનન્દ કરવા આવતી નિર્દોષ નારીઓનુ ટોળુ જણાયુ. ત્યારે ત્રીજી બાજુ કાકરીયા તળાવની સપાટી ઉપર હાલમડોલમ થતું એક અનિશ્ચિત વહાણુ હતું કે જેમા કેટલાક જીવો આનન્દ કરતાં હતા. કેટલાંક બાળકો બ્હીકથી

થરથરતા હતા ત્યારે કેટલીક સ્ત્રીઓ કાળા પાણીને જોઈ વમળમા હતી ત્યારે કોઈ પુરૂષ તત્વજ્ઞાનના ઉડા વિચાર વમળમા હતો. ફકીરો શુ, સ્ત્રીઓનુ જ્ઞાન શું, વહાણુ શું, ઇત્યાદિ સર્વ રગો ઉપર વિચારગ્રસ્ત થતા મને માલુમ પડયુ કે તે સર્વ પ્રભુતાજ જુદા જુદા પ્રભાવે છે ફકીરોનુ ટોળુ એમ સૂચવે છે કે સસાર ફાની છે. સ્ત્રીઓનુ જ્ઞાન એમ સૂચવે છે કે નિર્દોષતા તેજ ખરો આનન્દ છે, ત્યારે વહાણનુ હાલમડોલમ એમ દર્શાવી આપે છે કે જગતના ઉડા સસારમા દરેક મનુષ્ય વહાણરૂપી છે. વહાણનુ હાલમડોલમ તે નિર્દોષતાનું ચલિત થવુ છે. આ બધી જાતના રગ તમોગુણી તેમજ સાત્વિક મિશ્રણ છે. તેમાં પ્રભુતા અને અમત્યતાનો જમાવ છે. પરન્તુ તે બન્નેમાથી ખાટી છાશ કાઢી માખણ ખાનાર અન્તે સુખી થાય છે. પ્રભુતાને પહોચી જાય છે. આવી પ્રભુતા તે અભેદપણાનો માર્ગદર્શક છે. અદ્વૈતવાદીઓમા શકા પેસી જાય છે કે પ્રભુતા તે માર્ગદર્શક કેવી રીતે, પરન્તુ સાધકને સત્યતત્વનુ ગૂઢતામા સતત અભ્યાસથી ભાન થાય છે દ્વૈતવાદીઓ ઠોકરો ખાધા પછી અન્તે પોકારે છે કે મારો બચાવ નથી, અભેદજ નિત્ય છે, છતા અભેદને ભેદવાળું ગણી ભેદતાનુ અવલમ્બન કર્યા જઇએ છીએ. ભેદમાથી અભેદનુ દર્શન કરવા પ્રયાસ કરીએ છીએ, પરન્તુ તેનુ સ્પષ્ટીકરણ વિવેચકના હાથમા છે જે વિવેચકની શક્તિ અમારામા કયાય પણ નથીજ.

આવી રીતે પ્રભુતાનો કટ્ટો શત્રુ અસત્યતા પ્રસરેલો છે, તેના પઝા એટલા બધા ગહન હોય છે કે તેની ચુડમાથી માણસ કદી છુટતો નથી અને જવલ્લેજ છુટે છે તો એકદમ સીધો પ્રભુતાને પહોચી જાય છે આનુ સ્ફોટન દાખલાથી જલદી થશે. વાદળ રાત્રિને સમયે કાળાશથી ભરપુરજ હોય છે અને તે વળી લાબો વખત રહે છે. સવારના પ્રહરમા જ્યારે પ્રભાતની સુવાસ સુગન્ધવાળી બહેકે છે, ત્યારે નભ અવનવા રગોમા તરંગિત થતું જણાય છે જે વખતે મનુષ્યના મન આહ્લાદમા ગરક થાય છે, પવિત્રતાના મોજામા ડુબી જાય છે, કટુતા સર્વ રીતે અદ્રશ્ય થાય છે, આખી રાત જે કાળાશ રહી તેજ અમત્યતાનો લાબો વખત અને ફરી પ્રહરની પ્રભાતે લહરી તેજ દિવ્ય પ્રભુતા.

દિવસના સમયમા પછી પ્રભુતા અને અસત્યતાના મિશ્રણવાળા પહરો ચાલે છે કે જેમા રાજ્ય અને વ્યવહાર, ધર્મ અને કર્મ એ સર્વમા અદ્વિતીય–પ્રેમ બ્રહ્મનુ દર્શન છે. તેનુ રહસ્ય જાણવુ તે એક સામાન્ય બાબત નથી, તેમજ અડ્ણાની પ્રવૃત્તિ પ્રકૃતિ તે જાણવાને સમર્થ પણ નથી. અજાણ અને અજ્ઞાન પુરૂષો તો ઉત્કૃષ્ટ અભિલાષાઓને પારમાર્થિક અને ઉત્કર્ષકારક દ્રષ્ટાતોને તુચ્છ અને ઠડા પહોરની ગપોમા ગોઠવે છે. આવી ગપો વ્યવહારમા કાઇક ઠીક ગણાય પરન્તુ તે તો સોનાની થાળીમા લોઢાની મેખ જેવો ઘાટ જણાય. અનેક મુમુક્ષુઓ બાદશાહી ભલે ભોગવે, અનેક રાજ્યકારોબારમા કુશલ ભલે રહે, અનેક ગરીબાઈમા રીબાતા ભલે રહે, પરન્તુ પ્રભુતામા લીન થએલાઓજ સદા આનન્દની લહરીઓનુ ભોજન કરે છે અને કરાવે છે. એક ઝાડને વાસ્તે ખાડો ખોદવામા આવે, પાણી પીવરાવવામા આવે પણ બીજ વાવવામા ન આવે તો તે ઝાડની ઉન્નતિ કયાથીજ ઉદ્ભવે ? તેવી રીતે મનુષ્યજીવનમા જો માતાપિતા અથવા ગુરૂ સત્યતાનુ પાણી પાય, પાણી વાસ્તે ખેડાણ કરે પરન્તુ જો તેમા પ્રભુતાનુ બીજ રોપી પાયો મજબુત ન કરે તો પછી તે મનુષ્યની માનસિક સ્થિતિનો ઉદ્ધાર તે કયાથીજ ઉદ્ભવે

પ્રભુતાનો ખરો આભાસ તો સદા સત્સગમાજ સમાયેલો છે. જેવી રીતે સમજો કે, એક નાનું બાળક ઉમર વધે એનુ આપણે કેળવવાનુ છે. તે બાળક બ્રહ્મ શુ છે કે કર્મ શુ છે,

પાપ શુ છે કે પુણ્ય શુ છે, ઉંઘ શુ છે ક જાગૃતાવસ્થા શુ છે, તે બીલકુલ જાણતું નથી. હવે ત્યાર પછી આપણે તેનુ નામ પાડીએ છીએ. તે નામથી જ્યારે આપણે ઉચ્ચાર કરીએ છીએ ત્યારે તે બાળક આપણા સામુ જોઇ રહે છે. થોડા વર્ષ પછી તે બાળક આપણું અનુકરણ કરતા શીખે છે અને માતા, પિતા, બ્હેન ઇત્યાદિ તેવા શબ્દો કાલા કાલા બોલી માતાપિતાના મનને રંજન કરે છે તેજ ઉમરમા જો આપણે તેના મનમા પ્રભુતાના પાઠ ભણાવીએ છીએ તો તે બાળક જગતના તેજમા વિચરતો થાય છે. અને સર્વે નાનપણના સસ્કારોનો જે ઢગલો તેણે કરી રાખ્યો છે તેમાથી થોડુ થોડુ કાઢી કર્તવ્યમા કરી બતાવે છે. કારણ કે એક નાનો છોડ હોય તેને જો આપણે નાનો ચીરો મુકીએ તો જેમ છોડ ઝાડ બને છે તેમજ તે ચીરો મોટો થાય છે. તેવી રીતે જે સંસ્કારો બાળકમાં રોપાયા છે તેજ સસ્કારો મોટી ઉમરે મોટાપણુ ધરાવે છે. પ્રભુતા ના હોય તો તે પ્રભુતાપણુંજ ધરાવે છે. આનુ દૃષ્ટાત આપવાથી વધારે ખાત્રી થશે. એક કથામા સન્યાસીએ સોનીને કહ્યુ કે પ્રભુને વીંટી આપો. દરજીને કહ્યુ કે પ્રભુને લુગડા આપો. મોચીને કહ્યુ કે પ્રભુને જોડા આપો. ત્યારે બધા શ્રોતાઓ એકદમ ચીરડાઇ બોલવા લાગ્યા કે આ સ્વામી તો ઢોંગી ધુતારા છે, વગર ભાડાની કોટડી વાસ્તે લાયક છે આવુ સાભળી સન્યાસી (તો મહા પરમજ્ઞાની હતા) એ બે શબ્દો સભળાવવાની વિનતિ કરી, જેમા તેમણે કહ્યુ કે પૃથ્વી કોની છે, ચદ્ર કોનો છે, સૂર્ય કોનો છે? એકી અવાજે જવાબ મળ્યો કે પ્રભુનો. આ દેહ કોનો છે, આ હાથ કોનો છે, આ પગ કોનો છે? એકી અવાજે જવાબ મળ્યો કે પ્રભુનો. ત્યારે સન્યાસીએ જવાબ આપ્યો કે જ્યારે બધી વસ્તુ પ્રભુની છે તો પ્રભુને પહેરાવવામા અથવા તેની થાપણ પાછી સોપવામા ક્રોધ શાનો. આ સાભળવાથી લોકોની અજ્ઞાનતા દૂર થઇ. માટે પ્રભુતા સત્સગ ઉપર મુખ્ય આધાર રાખે છે. પ્રભુતા સત્સંગથીજ અનુભવાય છે. જેમ એક માળા ઉપરથી પીઠ ઉપર જાય છે ત્યારે માણસ ભાન ભૂલી જાય છે અને નહિ જોવાથી ખોળખોળ કરે છે કોઈ આવીને કહે છે કે માળા તો પીઠ ઉપર છે ત્યારે તે ખુબ આનન્દ પામે છે. તેવી રીતે જે **अहंभावना** હૃદયમા છુપાએલી છે તે ફક્ત છુપાએલી હોવાથી મનુષ્યમા અજ્ઞાન છે પણ સત્સગ જ્યારે તે **अहंभावना**ને માળાની પ્રમાણે તેનામા વિજળીની માફક પ્રભુતાને જગાડે છે કે તરતજ અજ્ઞાનતા દૂર થઈ જાય છે અને પ્રભુતાનો લેપ તેના શરીર ઉપર ચોટવા માડે છે.

જેવી રીતે પ્રભુતા અને સત્સંગ યાત્રિક રીતે જોડાએલા છે તેવીજ રીતે સત્સંગ અને ચાલુ વાતાવરણ પણ યાત્રિક રીતે જોડાએલા છે જો આ ત્રણે દિવ્યતાઓમા ખામી પડે તો જરૂર પ્રભુતા નિષ્કલકે કદી પણ પ્રકાશે નહિ. પણ આવી અવસ્થાનો અનુભવ મનુષ્ય ચિત્તને જગતના આચાર વિચાર અને અનાચારનો ખરો આભાસ થાય છે ત્યારેજ તે અનુભવનો ભાસ થાય છે જેમ એક નદી હોય અને જો ચોમાસાનુ વાતાવરણ તેના વાસ્તે સુકુ હોય તો કદી પણ નદી લીલી રહે નહિ જેથી ખેતરોમા ઘણીજ હાનિ પહોંચે. તેવીજ રીતે જો સત્સંગ વાસ્તે મનુષ્ય ચિત્તને જો સત્સગનો ઉંધો અર્થ સમજાવવામા આવે તો ખરેખર પ્રભુતા અપૂર્ણતામાજ પ્રકાશે અને તેનુ ખરૂ સ્વરૂપ સર્વદા છાનુજ રહે. જેમકે કોઈ મહા પુરૂષ (બારીસ્ટર હોય છતા) દેશસેવાનુ એક મહાન કર્મ કરી પોતાને દેશ આવતા હોય. સ્વાભાવિકજ છે કે દેશજનો તેને ઘણુ માન આપે, પણ આપણી ગીર્વાણ ભાષામા કહેવત છે કે **मुण्डे मुण्डे मतिर्भिन्ना** તે રીતે કોઈ પુરૂષ પ્રખ્યાત L. L. B


હોય પણ પોતાની જીભ ઉપર તો સરકારી મનુષ્યોના કામ કરવાનાજ સસ્કારો છપાયા હોય તો પછી તેનુ મન દેશભક્ત તરફ કેવી રીતે ખેંચાય. તે તો તેને જોતાજ તદ્દન ઝાંખો પડી જાય. પરન્તુ જો કોઈ મોટો ગવર્નર આવતો હોય તો તે આપણા પ્રખ્યાત L. L. B. પોતાની જીહ્વા ઉપર માખણ ચોપડી તે ગવર્નરને લેવા એકદમ લોહચુબકની તરફ લોહની માફક જાય છે. આજ વાતાવરણનો અને સત્સંગનો મહાન્ ફેરફાર. માટેજ મહાપુરૂષોના રોમેરોમ ભાગમા એવુ દેખાય છે કે કરો કરો અને પામો. આ સર્વ વર્ણન આત્મપ્રભુતા તેમજ દેહપ્રભુતાનુ હતું. હવે આપણે આપણુ ધ્યાન મન પ્રભુતા તરફ ખેચીએ.

મનપ્રભુતા તે કુદરતપ્રભુતા સાથે તો સજ્જડ જોડાએલી છે. જો કોઈ પણ જાતનુ સારૂ કામ આપણા વાસ્તે કોઈ પ્રસગે ઉદ્ભવવાનું હોય તો તેના પડછદા આપણને પહેલેથીજ પડે છે, તડકામા મનુષ્ય છે કે ઢાર છે તે આગળ ચાલનારો માણસ તેના પડછાયા ઉપરથી એકદમ કળી શકે. તેવી રીતે સારા અથવા નરસા કામના પડછદા પહેલેથીજ પડે છે.

મન પ્રભુતા કેવી રીતે કેળવાય તે બાબતમા એક મોટા યત્રની જરૂર છે. જે યત્ર લોઢાનુ નથી કે કોઇ પણ અન્ય ધાતુનું નથી, પરન્તુ ફક્ત અમુક દૈવી નામોનુજ છે. ધારો કે પ્રભુતાને એક મોટું કુટુંબ છે. તેને બે મોટા છોકરાઓ છે. એકનુ નામ ચાલચલગત અને બીજાનુ નામ ચાલચલણ. ચાલચલગત અને ચાલચલણને ત્રણ ત્રણ પેટા છોકરાઓ છે. ચાલચલગતના છોકરાઓ વિચાર, ટેવ અને કર્તવ્ય છે. ચાલચલણના છોકરાઓ વાતાવરણ, સજોગ અને વલણ છે.

એક જાતનું તત્વજ્ઞાન કે જેને અગ્રેજીમા psychology કહે છે, તે એમ સિદ્ધ કરી આપે છે કે જો કોઇ પણ વિચાર આપણા મગજમા ઉત્પન્ન થાય છે તો તે વિચાર એકદમ મગજના જ્ઞાનતતુઓમા મોટરના જેવી ઝડપથી પેસી જાય છે, અને ત્યા થોડોક વિસામો લઈ તેજ વિચાર બાહુબળોમા એક જાતની શક્તિ રેડે છે, જે શક્તિથી તે વિચાર કર્તવ્યમા બહાર પ્રકાશે છે.

આવા વિચારો જ્યારે એકઠા થાય છે ત્યારે તેઓ કર્તવ્યોનું રૂપ લે છે, અને જ્યારે એક જાતના કર્તવ્યો ભેગા થાય છે ત્યારે ટેવ બધાય છે, અને જ્યારે એકજ જાતની ટેવો ભેગી થાય છે ત્યારે ચાલચલગત બધાય છે તેવીજ રીતે ચાલચલણના વિષયમા એવુ છે કે જે પ્રકારનુ વાતાવરણ તેજ પ્રકારના સજોગ, અને જે પ્રકારના સજોગ તેજ પ્રકારનુ વલણ. હવે આ ચાલચલગત અને ચાલચલણ જો સારા વલણ અને સારા કર્તવ્યોથી થયા હોય તો તેઓના તત્વમા મન પ્રભુતાના કામો કરવાના હેતુથી ઉભરાઇ જાય છે.



સ્વપ્નની પ્રભુતા—તેમજ જાગૃતાવસ્થા સાથે સરખામણી. વર્ષાની કુદરતની પ્રભુતા.

Nothing Impossible.—જે જે વિચાર મનમા ઉદ્ભવે છે તે તે દરેક વિચાર સિદ્ધતામાજ હોય છે. આ એક અમેરિકન લૉ છે.

મનુષ્યનુ ઉત્પન્ન થવુ તે પણ એક જાતની પ્રભુતા.

વૈકુંઠલાલ પ્રાણલાલ મહેતા.

(૧૩)

કુદરતી જીવન.

આ લેખ લખવામા ડૉ. બેનેડીક્ટે ન્યુ યૉર્કમા આપેલા ભાષણની મદદ લેવામા આવી છે.

સપૂર્ણ આરોગ્ય મેળવવાને અર્થે જો આ સ્થળે અમો એકાદ કોઈ દવાનો ટુચકો આપીએ, તો વાચકો તેને આતુરતાથી ઝડપી લેશે. પણ જ્યારે સ્વચ્છ હવાથી ઉત્તમ આરોગ્ય મેળવી શકાય છે એમ જણાવીશુ ત્યારે ઘણાક વાચનારાઓ, એમાં કશુજ નવું જાણવાનું નથી અને તે વાત તો અમે ઘણા વખત પહેલાથી જાણતા આવ્યા છીએ એમ ગણી તુરતજ આ પાનુ ઉથલાવીને બીજો વિષય શોધી લેશે. આ ભોળા માણસો એમજ સમજતા હોય છે કે કુદરતમા સાદી વાતોને માટે કોઈ સ્થાનજ નથી. પણ મનુષ્ય સ્વભાવની નબળાઈ એવી છે કે સાદી વાતોને તુચ્છકારી કાઢે છે. આ વૃત્તિ ધિક્કારને પાત્ર છે, અને જ્યારે અમે સ્વચ્છ હવા સંબધી બોલવા જઈશું ત્યારે ઉપર કહ્યા જેવા નબળા મનના મનુષ્યો તેમા કશી કીંમત નહિ સમજી તેની અવજ્ઞા કરશે. અમે તેવાઓને એટલુજ કહીશું કે જો તમે આ વિષય વાચ્યા વિના કુદી જવાનો વિચાર રાખતા હો તો તે આપને અર્થેજ લખાયો છે. કેમકે આપને તેની જેટલી અગત્ય છે તેટલી અગત્ય ધૈર્યથી આ વિષય વાચનારને માટે નથી.

શરીરના અદરના પ્રદેશોને સ્વચ્છ રાખવા માટે પુષ્કળ ચોખ્ખી હવાની જેટલી જરૂર છે, તેટલી જરૂર અન્ય કશાની નથી. ફેફસાને સાફ અને મળરહિત કરવા માટે જે કાર્ય હવાનો એક શ્વાસ કરે છે તે કાર્ય માત્રાથી થતું નથી. તેવાં ઔષધો મનુષ્યો માટે કુદરતે પેદા કર્યા હોત તો તેમની ઉત્પત્તિ હવાની માફક અત્યત બહોળા પ્રમાણમા હોત. મનુષ્યના આરોગ્ય માટે જે પદાર્થોની આવશ્યકતા કુદરતે ધારેલી છે તે પદાર્થો, અધિક પ્રમાણમાં કુદરતે આપણી આસપાસ પેદા કર્યા છે હવા, પ્રકાશ, જળ, અન્ન, ક્ષાર વિગેરે તત્વોનો શરીરના રક્ષણ સાથે જેટલે અશે સબધ છે તેટલે અશે તેઓની ઉત્પત્તિ ગણાય છે. પણ મનુષ્ય દિનપ્રતિદિન કુદરતના સાચા, સુદર, અને સરલ સિદ્ધાંતોથી દુર નાસતો જાય છે. મનુષ્ય જેમ જેમ કુદરત સાથે ગાઢ રીતે બધાતો જાય છે તેમ તેમ તે કુદરત માતા પોતાના બાળકની સંભાળ વધારે કાળજીથી રાખતી જાય છે. પરતુ જ્યારે મનુષ્ય તે દેવીના સહવાસથી વિખુટો પડી અધમ આચાર સેવતો જાય છે ત્યારે તેનો બદલો તે વિવિધ રસ્તે લીધા વિના રહેતી નથી. તે અનેક પ્રકારના વ્યાધિઓને વસવાનુ સ્થાન થઈ પડે છે. શરીરને નિરામય રાખવા માટે જે કાંઇ કરવાનુ છે તે માત્ર કુદરતના નિયમોને આધીનજ થવાનુ છે. (Return to nature) અને પુષ્કળ પ્રમાણમા સ્વચ્છ ખુલ્લી હવાનુ સેવન એ કુદરતનો સૌથી અગત્યનો મહા નિયમ હોવાથી તેનુ શરણ આરોગ્યને ઇચ્છનાર કોઇ મનુષ્યે કદી છોડવુ યોગ્ય નથી.

પશ્ચિમના (Scientists) વિજ્ઞાનવિદો કહે છે કે ઑક્સિજન નામની હવાથીજ મનુષ્યનું જીવન ટકી શકે છે, અને તે વાતાવરણમા અખૂટ પ્રમાણમાં ભરેલું છે. મનુષ્યમા જે શક્તિ, વીર્ય, શૌર્ય (Energy, force) વિગેરે છે, તે આ તત્વનાજ પરિણામો છે. શરીરને જીવન આપનાર આ તત્વજ છે. યોગી જનો તેને મોટા પ્રમાણમા ધારી

રાખવાની યુક્તિ વડે મહાન્ આશ્ચર્યકારક કાર્યો કરી શકે છે. તે તત્વને અન્યના શરીરમા સંકલ્પ દ્વારા પ્રેરી તેને નિરોગી બનાવી શકે છે. અને આસપાસના મનુષ્યોમા સાહસ અને શૌર્ય ઉપજાવી અસાધારણ કાર્યો કરાવી શકે છે કીંમતી ધાતુ અને ખનીજોની માફક આ તત્વ કોઇને ત્યા ઇજારે કે પટ્ટે નથી અને તેથી પ્રત્યેકને તેનો ઉપયોગ કરવાનો સમાન હક્ક છે. પરંતુ મનુષ્ય તેના કમનસીબ યોગે તે દિવ્ય બક્ષીસને લગભગ નિરૂપયોગી સમજે છે. અને ચોતરફ ફરીયાદ કરતો ફરે છે કે ખરા રહસ્યો તો કુદરતે મનુષ્યથી ગુપ્ત રાખ્યા છે. પણ તે વાત ખરી નથી. તે રહસ્યો ચોતરફ વેરાયેલા છે. પરંતુ તે બહુ સાદાં અને સરલ હોવાથી મનુષ્યની એમા શ્રદ્ધા રહેતી નથી. તે તત્વને દાબમા રાખી અલૌકિક **શક્તિ પ્રાપ્ત** કરવાની વાત હાલ બાજુએ રાખી આપણા સામાન્ય આરોગ્ય સાથેનો તેનો સબધ મનુષ્યો સમજતા થાય તો પણ હાલ તો તે ઘણુ છે. શ્વાસદ્વારા લીધેલી હવા ફેફસા માહેનો કચરો સાફ કરી જીવનતત્વને આખા શરીરમા બધે ઠેકાણે તે પહોચાડે છે. ફેફસાનો કચરો મળ કરતા ઓછો ત્રાસદાયક નથી, અને પુરતી હવા ફેફસામા ગયા વિના તે ત્યાથી બહાર નીકળી શકતો નથી. તે સડો ત્યા ભેગો થયા કરે છે પરિણામે તે સડો ફેફસાને લાગુ પડી, હૃદયની નબળાઇ હાફણ અને ક્ષય જેવા વ્યાધિઓ ઉપજી આવે છે. આવા પરિણામો એ માત્ર મનુષ્યોની **બેદરકારીનુંજ** ફળ છે પુષ્કળ ચોખી હવાને શ્વાસમા લેવાનો તેઓ નિયમિત અભ્યાસ રાખે તો આવા અનેક દરદોથી તેઓ પોતાનુ રક્ષણ ડૉકટરોના બીલથી બચવા સાથે, સહેલાઇથી કરી શકે તેમ છે. કેટલાક અજ્ઞાન લોકો એમ માને છે કે નસીબમા લખ્યુ હોય તેજ બને છે. એટલે કે કોઈ પણ વ્યાધિ નસીબમા લખી હોય તોજ થાય છે. અને જ્યારે તેમને જણાવવામા આવે છે કે અમુક ઉપચારો પહેલેથી આદર્યા હોત, તો એવુ પરિણામ થાત નહિ, ત્યારે તેઓ તેના જવાબમા જણાવે છે કે “ઉપચારો કર્યા હોત તોપણ જે વ્યાધિ નસીબમા નીર્માણ કરેલી છે તે તેના શીકાર થયા વિના રહેત નહિ. આવા મનુષ્યોને મારે વિનતિ સાથે જણાવવુ પડે છે કે તમે મહેરબાની કરીને અમેરિકાના લોકો તરફ જરાક નજર કરો ' તે લોકો જણાવે છે કે “કારણ વિના કાર્ય થતુંજ નથી” એટલે કે કોઇ પણ રોગનુ અમુક કારણ હોય છે. અને તે કારણની ઉત્પત્તિ વિના રોગ જન્મ લઇ શકેજ નહિ વળી તે લોકો આટલેથીજ અટક્યા નથી વિશેષમા તેઓ જણાવે છે કે “મોતના પણ કારણો હોય છે” અને જો મનુષ્યને વધારે જીવન પ્રાપ્ત કરવુ હોય તો જેમ બને તેમ તે કારણો ઉત્પન્ન થવા દેવા નહિ. અને આવા કારણોને જેમ બને તેમ અટકાવવાને ઉપચારો લીધાથીજ તે દેશના ઘણા લોકો લગભગ સો અને તેથી પણ વધારે વર્ષ સુધી જીવે છે. ત્યારે બીજી બાજુએ આપણા લોકો એમજ માનીને બેઠા છે કે “છઠની સાતમ કોઇ કરવાનુજ નથી” એટલે કે અમુક દિવસે મોત નિર્માણ કરેલુ છે અને તે તે દિવસે થશેજ. આવા વિચારથીજ તેઓ શરીરની સભાળ લેવામા ઘણીજ બેદરકારી બતાવે છે અને મૃત્યુનુ જલદી આવવુ તે પણ તે બેદરકારીનેજ આભારી છે. આવા વિચારના મનુષ્યોએ એક સાધારણ દાખલા ઉપર ખુબ વિચાર કરવાનો છે, ધારો કે એક માણસે અમુક ચીજ ખરીદી. હવે સાધારણ નિયમ એવો છે કે “જેમ જેમ વધારે કાળજીથી તે ચીજ વપરાય તેમ તેમ તે ચીજ વધારે ચાલે છે.” જો કોઇ અકસ્માત થાય તોજ તે ચીજ વહેલી નાશ પામે છે પણ આવા અકસ્માત તો ભાગ્યેજ થાય છે, તો આ દાખલા ઉપરથી જો માણસ

વિચાર કરશે તો તેને માલુમ પડશે કે શરીરની પણ જેમ જેમ વધારે સભાળ લેવામા આવે અને તન્દુરસ્તીના જેમ જેમ વધારે ઉપચારો લેવામા આવે તેમ તેમ જીવન લંબાય છે.

જ્યારે શ્વાસમાં લેવાની હવામા ઓછાપણામાંથી પ્રગટતાં વ્યાધિઓ ઉગ્ર સ્વરૂપ પકડે છે, ત્યારે તરતજ વૈદ્ય અને ડૉક્ટરોનું શરણુ લેવા માણસો દોડાદોડ કરી મુકે છે. પરંતુ ખરો ઉપાય જે તે કાળે લેવો વ્યાજબી છે તે એજ કે કુદરતના નિયમોનુ ઉલ્લંઘન કરવામાંથી તે જનમ્યા હોય તે નિયમોનું અધિક પ્રમાણમાં અનુકરણ કરવુ. પણ વ્યાધિના પ્રસગે તેવા સાદા ઉપચારો સેવવાનુ કોઇને ભાન સરખુ રહેતું નથી, અને પરિણામ તેથી ઘણા બુરાં થાય છે.

During his eloguent and impressive speech before the German–Nature Cure Society in New York, Dr. Benedict Lust N. D. remarked with emphasis in the following words:—

"The nature-cure is based on the old great, irrefutable, eternal laws. Heat expands or dissolves, cold draws together, makes strong or hard. There is only one law. Follow nature. Every man needs air to breathe, the purer the air, the healthier the man, the better he feels, the purer his blood. In order to remain in good health the body has to inhale as much fresh and healthy air as possible. What a healthy man must have in order to remain in good health, a sick man ought to have in order to come back to health The same holds good to light, air and rest. People ought to understand that a physician or a doctor can never cure but only support the natural powers of the patient. I admit that medicine can soothe pain but it can never bring about a thorough, permanent cure which is effected viz returning to nature."

આનો સાર એવો છે કે માણસે પોતાની તન્દુરતી જાળવવી હોય કે પોતે સાજા થવુ હોય તો માત્ર કુદરતના નિયમોને આધીન થવુ જોઇએ. પોતે ઘણાજ મોટા પ્રમાણમા સ્વચ્છ હવા લેવી જોઇએ વૈદ્યો અને ડૉકટરો તો ફક્ત દુખ ઓછુ કરી શકે છે પણ રોગ તો કોઈ દિવસ મટાડી શકતા નથી."

આપણને રાત્રે નિદ્રાવશ રાખવામા કુદરતનો શુ હેતુ છે તે તમે જાણો છો? તે હેતુ ઘણો સાદો પણ સમજવા જેવો છે. તે એ છે કે દિવસે જે ઘસારો શરીરની શક્તિઓને પહોચ્યો હોય છે અને તેથી જે વ્યય થયો છે તેની પૂર્તિ કરવાની તક, કુદરત આપણને નિદ્રામાં આપે છે. દીવસમા શ્રમ પડ્યે જે શક્તિ ખરચાય છે તે નિદ્રામાં ખરચાતી બધ થાય છે અને ગુમાવેલી શક્તિને વિશ્રાંતિ દ્વારા મેળવી લઈ બીજે દિવસે તાજા થઇને ઉઠાય છે. તે શક્તિઓને મેળવા માટે બદલા તરીકે કુદરત આપણી પાસે કશુ ધન કે દોલત માગતી નથી. તે સ્વચ્છ પુષ્કળ હવા માગે છે, ત્યારે રાત્રે સૂવાના

ઓરડાના બધાં બારી બારણા બંધ રાખવા જેવી મર્ખાઇ ભાગ્યેજ બીજી કોઈ હોઇ શકે. બંધ હવા કુદરત માગતી નથી. તે હવા તેને અન્ન સમાન નહિ પણ ધૂળ સમાન છે. બંધીયાર હવામાથી તમારૂ પોષણ કરવાનુ કામ કુદરતને તમે સોંપો અને પછી તે પસ્તાવા જેવું પરિણામ તમારી આગળ રજુ કરે તો તેનો દોષ આરોપ તમારા પોતાના ઉપરજ કરવાનો છે.

ચીમનલાલ લાલભાઈ શાહ.

---

(૧૪)

કન્યાવિક્રય.

સ્મશાન ભૂમિ ! સર્વ જગતની શય્યા દેવી ! ખરેખર અખડ શાન્તિના ભંડાર ! અંતમાં રાય હો કે રંક હો, ભિક્ષુક હો કે ધનવાન હો—સર્વને એક ખોળામા સુવાડનાર જનની ! તારો પ્રભાવ અગાધ છે ! તારો પ્રેમ અપૂર્વ છે ! અત્યારે સ્મશાન ભૂમિનો દેખાવ ભયંકર દિસે છે. એવી ભયંકરતા પ્રગટાવનાર શુ કારણભૂત હશે. ખરેખર આકાશમા ધીમે ધીમે કાળાશનો અંધાર પ્રસરતો માલુમ પડે છે. તારાઓ એક પછી એક ઉગે છે તો પછી જેમ સોનુ અને સુગંધ મળવાથી સત્યતા પ્રકાશે તેમ નિર્જનતા અને અંધકાર ભેગા થવાથી ભયંકરતા કેમ ન વ્યાપે !

આવા ભયાનક સમયમાં સર્વત્ર શાન્તિ પ્રસરેલી છે, પક્ષીઓનો રવ ભયકરતાને વધારે ભયંકર બનાવે છે. ત્યા નદીનો ખળખળાટ અને પવનનો ઝણઝણાટ એ મિશ્ર થતા ભૂતનો ઉપદ્રવ છે તે વાકય ઉત્પન્ન થાય છે. આગીયા કીડાઓનુ તેજ ભૂતનુ ઉડી જવુ મનાય છે. આવા અઘોર સમયમા કેટલાક મનુષ્યો કાઇક ઉપાડી તેજ સ્મશાન ભૂમિ તરફ આવતા માલમ પડે છે. આ લોકોમા એક ધોળા વાળોથી આભૂષિત પુરૂષ ઉંડા ગિરફતારમા માલુમ પડે છે, પણ હાથના કર્યા હૈયે વાગે, બીજાને રગે તો પોતેજ રંગાય તે સૂત્રોને અનુસરી કેવું કઠીન પરિણામ આવે છે તે તે બુઢાની મુખમુદ્રા થોડાજ સમયમા દર્શાવશે. મુખનો સિક્કો દુઃખના ભારથી કસાએલો દેખાતો હતો. લટકતી ચાલ કંપિત હતી, ચામડીઓ કરચલીઓથી આભૂષિત હતી. અંગે પ્રસ્વેદની ભભૂતિ લગાવી હતી. મુખમુદ્રા શ્યામ હતી. આવી સ્થિતિનુ શુ તત્વ હશે. ચાલો તેનો ખુલાસો કરીએ.

હાલના જમાનામા મનુષ્યો પોતાની છોકરીઓને એક વેપારનું સાધન ગણે છે. જે વેપારમા સારા પૈસા પેદા કરાય છે. આવાજ વિચારનો આજ બુઢ્ઢો બાવો હતો. વરમા શુ કિંમત છે તે જેનો વિષય સગો નથી પણ કર અને ધર જેના વહાલામા વહાલા સગા છે તેવા આ બુઢ્ઢાએ પોતાની છોકરીને છતી આંખે દીવા વિના અંધારાના કૂપમા હડસેલી હતી.

બાલીકા પરણી સાસરે આવી કન્યાવિક્રય તેથી સાસુ નણંદના તોરનુ તો પુછવુજ શુ ? જે તોરમા વહુ ગુલામ છે તેનો સમાવેશ હતો.

यत्र नार्यस्तु पुज्यन्ते रमन्ते तत्र देवता :

(રમે છે દેવતાઓ ત્યા જ્યાં નારી પામે સન્માન.)

તે સૂત્રને તો હાલ તે જુરીમાજ પુરી મૂકવામા આવ્યો લાગે છે. એક તરફ ઘરનો ભાર તો બીજી તરફ ભરથારની માંદગીની સેવાનો ભાર, બન્ને ભાર નીચે સદા પામર નીચે

કચરાય. તેવીજ રીતે આ બિચારી નિરાધાર બાલીકાનુ થયુ. શરીરની ક્ષીણતા અને મનની અસ્વસ્થતા તેનો અનુભવ તેણીને પુરો થયો. આવા કસોટીના સમયમાં જ્યારે નારી પોતાનુ ભૂષણ તેમજ શીયળ છોડતી નથી ત્યારેજ તે ખરી પતિવ્રતા ગણાય. બિચારી બાળાને દુ:ખના ઝાડ ઉગ્યા. અધુરામા તેનો સ્વામી માદગીમાથી કાળનો ભક્ષ થયો.

વિચારો ! તે બાળાની સ્થિતિ શુ ! અન્તરમા ને અન્તરમાં આગના ભડકા હવે સદા રહેવાના, તેના મનની સર્વ આશાઓ ધૂળધાણી થવાની, સાસુના સતાપો વેઠવાની, અને વહુના પગલાં ખરાબ તે સાભળવાની, તેવી સ્થિતિનો આપ સુજ્ઞ વાંચકોજ વિચાર કરો. આ કન્યાવિક્રયનુ ફળ આતે લગ્નમા સુખની ખાણ કે કાણમા દુ ખની મોકાણ.

વૈકુંઠલાલ પ્રાણલાલ મહેતા.

(૧૫)
કેળવણી.

ખરી કેળવણી કોને કહે છે એ વિષયમા ઘણા મતભેદ જોવામા આવે છે. કેટલાક ધારે છે કે, મનની સઘળી વૃત્તિઓનો ઉપભોગ કરીને યુનિવર્સિટી (વિશ્વવિદ્યાલય)ની પરીક્ષા પસાર કરવી તેને ખરી કેળવણી કહે છે. આજકાલ ઘણાખરા માણસોનો તો એજ અભિપ્રાય જોવામા આવે છે, તેથીજ જેઓ યુનિવર્સિટીની પરિક્ષા પસાર કરે છે, તેઓજ ખરા શીખેલા ગણાઇને સમાખ્યાત અને સમાનિત થાય છે. પણ કેવળ મનનુ શક્તિ તેજ કેળવવુ એ કેળવણી નથી, પણ માણસની સઘળી શક્તિઓની ઉન્નતિ કરવી તેજ ખરી કેળવણી કહેવાય. માનસિક શક્તિઓજ માણસની પ્રકૃતિ કહેવાતી નથી, પણ શરીર મન અને આત્માની સમષ્ટિઓ મનુષ્યની પ્રકૃતિ કહેવાય છે. એ બધી જ્યારે કેળવાય ત્યારે ખરી કેળવણી લીધી કહેવાય. આ ખરી કેળવણી પૃથ્વિની કોઇ પણ યુનિવર્સિટીમા મળી શકતી નથી, પણ એ કેળવણી મળવી તે દરેક માણસના યત્ન અને ચેષ્ટાની ઉપર સમ્પૂર્ણ આધાર રાખે છે. શારીરિક કેળવણી મેળવવી હોય તો, આજસુધી શારીરિક તત્વજ્ઞ પંડિતોએ શરીર રક્ષા માટે કહેલા સર્વ નિયમ પાળવા એ કર્ત્તવ્ય છે. માનસિક કેળવણી મેળવવી હોય તો આપણી દરેક માનસિક વૃત્તિઓ કેળવવી એમ નહિ, પણ સઘળી વૃત્તિઓને કેળવવી જોઇએ, અને એનેજ ખરી માનસિક કેળવણી કહેવાય. આત્માની ખરી કેળવણી મેળવવી હોય તો આપણી આધ્યાત્મિક સઘળી વૃત્તિઓને જેવી જોઇએ તેવી વશ કરવી જોઇએ અને સઘળી પશુ પ્રવૃત્તિઓને વશીભૂત કરી નાખી તેઓને જોઇએ તેવા વ્યવહારમાં આણવી જોઇએ.

શરીરની સાથે મન અને આત્માનો એવો મજબુત સબંધ બાધેલો રહેલો છે કે શરીરની ઉન્નતિ અથવા અવનતિ થવાથી મન અને આત્માની ઉન્નતિ વા અવનતિ થાય છે, અને મન તથા આત્માની ઉન્નતિ અથવા અવનતિ થયાથી શરીરની ઉન્નતિ અથવા અવનતિના પક્ષે વિશેષ મદદ કરે છે. શારીરિક ઉન્નતિ અથવા અવનતિ માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ અથવા અવનતિને આધારે છે; અને માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ અથવા અવનતિ શારીરિક ઉન્નતિ અથવા અવનતિને આધારે છે; એટલા માટે શરીરની કેળવણી

મેળવવા માટે માનસિક અને આધ્યાત્મિક ખરી કેળવણી મેળવવી જરૂરની છે. શરીર, મન અને આત્માની વચ્ચે આવી રીતનો નજીક નજીકનો સબંધ રહેલો છે, એ મનુષ્ય સ્વભાવિત પંડિતોનો આ એક સ્થિર સિદ્ધાન્ત છે.

શરીરના ઉપર મન અને આત્માનો ઘણો પ્રભાવ અને આધિપત્ય રહેલુ છે. નિયમિત રૂપથી સઘળી માનસિક વૃત્તિ ચલાવ્યાથી શારીરિક તન્દુરસ્તિ સચવાય છે.

પાશ્ચિમાત્ય ડૉક્ટરો, વિદ્વાનો અને પંડિતો કહે છે કે "તન્દુરસ્તીની રક્ષાને માટે સર્વ માનસિક વૃત્તિઓ કામે લગાડવાની આવશ્યકતા છે. બુદ્ધિની પરિચાલના તન્દુરસ્તી આપે છે ને તેનુ રક્ષણ કરે છે. બુદ્ધિ વૃત્તિની ચર્ચા કર્યાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે." આ સઘળા વાક્યો સત્ય અને યથાર્થ છે, એમા કાંઈ સંદેહ નથી, કારણ કે પૃથ્વિના સઘળા કાળના, સઘળા દેશના જ્ઞાની પુરૂષો ઘણું કરીને દીર્ઘાયુષી થઈ ગયા છે. આધ્યાત્મિક સર્વ વૃત્તિનુ પરિચાલન કરવાથી પણ શરીરની તન્દુરસ્તી સચવાય છે. વળી વિદ્વાન્ ડૉક્ટરોના મત છે કે "સત્ય, પ્રશાન્ત, ચિત્ત અને બીજા સઘળા આધ્યાત્મિક નિયમને વશીભૂત રાખ્યાથી આપણી શારીરિક તન્દુરસ્તી અને સૌન્દર્યતા અધિકાધિક વધે છે. જે માણસોનો આત્મા સમાન રૂપે પરિપુષ્ટ થયો છે, તે બીજા મનુષ્ય કરતા શરીરે પવિત્ર ને સૌદર્યવાન હોય છે. નીતિ અને આધ્યાત્મિક સઘળી વૃત્તિઓનુ પરિચાલન કરવાથી આયુષ્ય, આરોગ્યતા, અને સુખ વધે છે."

મન અને આત્માના ઉપર શરીરનો વિશેષ પ્રભાવ જોવામા આવે છે. શરીર નિરોગી અને સબળ હોય તો માનસિક તેમજ આધ્યાત્મિક સઘળી વૃત્તિઓ તેજદાર હોય છે. તેમજ શરીરમા રોગ થયાથી અને નિર્બળતા આવ્યાથી મન અને આત્મા ક્ષીણ અને નિસ્તેજ થઇ જાય છે. બીજા વિદ્વાન્ ડૉક્ટરોના અભિપ્રાય છે કે, "જે કાંઈ શરીરને બળવાન કરે છે, તેજ મનને સુખદાયક છે. શારીરિક તન્દુરસ્તીનો ઉપાય માનસિક તન્દુરસ્તીના ઉપાયથી વિભિન્ન કરી શકાતો નથી. જૂદા જૂદા શરીરના રોગથી જૂદા જૂદા માનસિક રોગ ઉત્પન્ન થાય છે, અને શરીરના નાના પ્રકારના અસુખના કારણોથી માનસિક નાના પ્રકારનાં અસુખના કારણો થાય છે."

ઉપર લખવાના સારથી એમ સમજાય છે કે શરીર, મન અને આત્મા એ ત્રણેને સમાન અને સમ્પૂર્ણ કેળવણી મળે તેનેજ ખરી કેળવણી કહેવાય. માણસનું જીવન સમ્પૂર્ણ કેળવણીનું જીવન છે. એજ ખરી કેળવણી મેળવવા શ્રમ કરવો એ મનુષ્યના જીવનનુ મહાન કાર્ય અને ઉદ્દેશ છે. એ પ્રમાણે જે વર્તે છે, તેજ ઇશ્વિરનુ પ્રિય કાર્ય કરવાને શક્તિવાન બને છે. આવી ખરી કેળવણી પાછળ જેઓ ઉદ્યોગ કરે છે, તેઓજ જીવનનુ સાર્થક કરે છે, અને તેજ આ લોકમા અને પરલોકમા અમોઘ સ્વર્ગીય આનન્દ અને શાન્તિનો અધિકારી થાય છે.

નારણદાસ જીવણલાલ શાહ.

(૧૬)
ખરૂં તપ–જન સેવા.

અન્ય જીવોને સુખી કરવા મનુષ્ય પોતાનો પ્રાણ પાથરે, પરના શ્રેય અર્થે પોતાના સુખને તિલાંજલી આપે તે ખરૂ તપ છે. અજ્ઞાનપણે અનાહારથી શરીરના રસો સુકવવા એ તપ નહિ. અત્યારે જે તપને નામે ભુખમરો ચાલે છે તેને અમે તપ કહીશુ નહિ, તેને માટે તો તાપ એજ ખરો અર્થસૂચક શબ્દ છે.

અન્યના હિતાર્થે આપણા નાના મોટા સ્વાર્થો તજવા, તેમના સુખ અને તૃપ્તિમા આપણુ સુખ તથા તૃપ્તિ ઉપજાવી લેવી એજ તપનો રાજમાર્ગ છે. જે મનુષ્ય અન્ય જીવોને દુઃખી થતા જોઇ શકે છે અને છતા આનદથી પોતાના સુખમાજ મશગુલ રહે છે તેણે તપ મુદ્દલ સિદ્ધ કર્યું કહેવાય નહિ. દરેક માણસે બીજાને અર્થે પોતાના સુખની લાલસા ત્યાગવા પ્રયત્ન કરવો જોઇએ. સુખની લાલસા તજાય નહિ ત્યા સુધી માણસની નાલાયકી કાયમજ રહે છે. પોતાના અભિમાનને તજવુ, હું મારે અર્થે નહિ પણ પરને અર્થે છુ, એ ભાવનામાજ ખરૂ તપ સમાયેલું છે.

મનુષ્યને ઉપવાસ જેવી ક્રિયાની બહુ ઓછી અગત્ય છે શરીરના રસોને બાળવાની અમો ભલામણ કરી શકતા નથી. મનુષ્યના મુખ ઉપર લોહીની પૂર્વના જેવી લાલી હવે કયા રહી છે? આજે અમારા શરીરમા રક્તનો પ્રવાહ બહુ મદ ગતિથી વહે છે, કેમકે તેનો અંશ ઘાતકી જ્ઞાતિ બધનોથી, બાળ લગ્નથી, જીવનના નિયમોના અજ્ઞાનથી બહુ ન્યૂન થઇ ગયો છે. તેવા જીવનના સમયમા હવે ઉપવાસ વગેરેની ક્રિયાઓથી વધારે રક્ત સુકાવવાની ભલામણ કોણ કરી શકે ? **બંધુસેવા કરવી એજ વાસ્તવિક અને ઉત્તમ તપ છે.** શરીરના ધાતુઓનુ બધુસેવા અર્થે જેમ બને તેમ પોષણ કરો. આ જમાનામા મનુષ્યોને માટે પરોપકારનું જેટલુ વિશાળ ક્ષેત્ર છે તેટલુ પૂર્વે કદી નહોતું. હિંદમાં હવે દિવસે દિવસે "Industrialism and commercialism નો પ્રચાર વધતો જાય છે. તેથી ધનવાનો અધિક ધનવાળા અને ગરીબો વધુ ગરીબ બનતા જાય છે. જે દેશમાં ગરીબોની સખ્યા અધિક હોય ત્યા બંધુ સેવાનુ સ્થાન પણ વિસ્તરતું જાય છે. તેવા દેશકાળમા મનુષ્યોએ મનુષ્ય સેવાનું વ્રત લેવાનીજ અગત્ય છે. કાળ અનુસારે વ્રતના ધોરણો પણ બદલાવા જોઇએ. મનુષ્યની શક્તિનો ઉપયોગ, જે રીતે બીજાને લાભદાયક થય તે રીતે થવો જોઇએ. તમારા બંધુઓને છે તેથી વધારે સુખી, વધારે જ્ઞાની અને વધારે બળવાન બનાવો. એજ સાચું તપ છે. નાની નાની સગવડોનો ભાગ આપતા શીખો. શરૂઆત હમેશાં ઘરથી કરવાનું ભૂલતા નહિ.

બધુ સેવાના સ્થળો તીર્થના સ્થળો સમજો. જ્યાં બીજાને અર્થે, પોતાના સ્વાર્થનો ભોગ અપાય એ તપ છે. એ તપ મનુષ્ય પોતાના કર્તવ્યમાં આણી શકે તેમ છે. એ તપ ગુપ્ત હોવુ જોઇએ. વિશ્વમા તમારી કીર્તિનું જાહેરનામુ ફેરવવાની લાલચ થઈ આવવી તે નિર્બળતા છે. કીર્તિમાંજ કાર્યનું ફળ મનાય તો તે ફળની અસર ત્યાંજ સમાપ્ત થાય છે.

ફળની આકાંક્ષા રાખો નહિ. હુ તો માત્ર કુદરતનુ હથીયાર છુ. હુપણાને ભૂલવું એજ શાસ્ત્રોનુ લક્ષ છે.

મનુષ્ય સેવામા જેઓ લીન થયા છે તેઓની વિશ્વ સ્તુતિ કરવા લાગી પડે છે- આ વાક્યનો વિચાર કરતાજ મી. ગોખલે, મી. ગાંધી, મી. દાદાભાઇ નવરોજીના નામ આપણી સમક્ષ રજુ થાય છે, કારણ કે તે મહાશયોએ એક પણ પળ જનસેવા સિવાય બીજામા ગુમાવી નથી. જો તેઓ ઇ. સ. પૂર્વે થઈ ગયા હોત, તો તેઓ "Demi Gods" દેવ તરીકે પુજાતા હોત. જનસેવાની ભાવના એજ મનુષ્યને દેવ બનાવે છે.

આ લેખ વાચતા, આપ જ્ઞાતિજનોએ ખાસ ધ્યાનમાં રાખવુ જોઇએ કે ઇંગ્રેજી કહેવત "Charity begins at home" મુજબ જનસેવા બજાવતા પહેલા જ્ઞાતિ સેવા ભૂલતા નહિ. કારણ કે આપણી જ્ઞાતિ કેવી અધમ સ્થિતિમાં આવી છે અને તેના શા કારણો છે તે આપ સઘળા જાણો છો, માટે તે વિષે મારે કાઇ લખવાની જરૂર નથી. તે છતા એટલુ તો મારે જણાવવુ પડે છે કે અધમ સ્થિતિનુ મુખ્ય કારણ અસલના જ્ઞાતિ બધારણમા સમયાનુસાર ફેર નહિ કરવાની આળસજ છે. ગયા વર્ષના બે ત્રણ અગત્યના બનાવો, કે જેનાથી આપ સઘળા વિદિત છો, તેનાથી સાબીત થાય છે કે આપણે હવે પછી અધારામા પડી રહેવાને લાયક નથી. હાલમા વહાણરૂપી આપણી જ્ઞાતિને પવન ઘણોજ માફકસર છે. માટે જો કોઇ મહાશય આ વહાણને બીજી પાર ઉતારવાનો હાલમા પ્રયત્ન કરે તો જરૂર તે ફત્તેહ પામે. માટે જેઓ જેઓ એમ મનમા જાણે છે કે જ્ઞાતિનો સુધારો અમારી શક્તિમા છે તેઓને વિનતિ સાથે જણાવુ છુ કે તમારૂ નામ અમર કરવાની આ ઉમદા તક ગુમાવતા નહિ આપની નાની સગવડોનો ભોગ, જ્ઞાતિના ભલાવે આપો. તમારા સુખના ભોગે અન્યના સુખમાં વૃદ્ધિ કરો. "Individualism" (સ્વાત્મ સુખવાદ) ભૂલી જાઓ અને તેને સ્થાને જ્ઞાતિબધુત્વનો અભિષેક કરો. એજ સાચુ તપ છે, એજ મોક્ષનુ દ્વાર છે.

પ્રિયબધુ, અમને તમને અને સર્વને આ ભાવના પ્રકટ થાય એવી પરમકૃપાળુ પિતાને મારી વિનતિ છે. પ્રપચોની જાળમા ન ફસાતા જે તમને અને જગતને ઉપયોગી થાય તેવી વૃત્તિથી કલ્યાણ કરવા તત્પર થાઓ. એમા આપણું આર્યત્વ છે. મોક્ષના દ્વારે પહોચવાનો તે પરમ માર્ગ છે.

ચીમનલાલ લાલભાઇ શાહ.

(૧૭)

"થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી?"*

ગઝલ.

જગતદેવી તણા બાળો, થયા શા હાલ નિહાળો,
ડુબી ગઇ કોમ આ આખી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૧
ગઈ રિદ્ધિ અને સિદ્ધિ, ગઇ હા સુખ સંપત્તિ,
ગયા વીરો બધા ત્રાસી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૨
નથી દરકાર જ્ઞાતિની, નથી પરવા બિરાદરની,
નથી દિલ દાઝ જાતિની, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૩
વણિકની કોમમાં દિસે, **કુળાભિમાન બુરૂં રે;**
હમેશાં સ્વાર્થના સાથી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૪
બિછાવી પુષ્પની શય્યા, તળે જો ઝાળ સર્પોની,
નથી ઈર્ષ્યા હજી ત્યાગી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૫
દયાળુ શારદા આવી, કટોરો દૂધનો પાતી,
પીવા ઇચ્છા નથી હોતી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૬
કરે જો મ્હેર લક્ષ્મિજી, બને છે લહેરી લાલાજી,
ઉડાવે મોજ શોખોથી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૭
ગુમાવે વૈશ્ય ગૌરવને, ડુબાવે તાતના કુળને,
ખુમાવે બુદ્ધિ ને શુદ્ધિ, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૮
દીનોના દુઃખ હરવાને, નથી ખરચાઇ કોડીરે,
પરાર્થે પુઠ દેખાડી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૯
હજારો દીન દંડાએ, અરેરે બારમા કાજે;
રૂઢી એવી નથી ત્યાગી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૧૦
અરેરે બારમા સાથે, શિશુ લગ્નો તણાં કાજે,
કરે સૌ લક્ષ્મિની હાની, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૧૧
અતિ લોભી અને ક્રોધી, કુટુંબી સાથ વિરોધી,
ન જાણે સ્નેહિની રીતી, થશે ત્યાં ઉન્નતિ ક્યાંથી? ૧૨
કહ્યું થોડું ઘણું માની, સ્વભાવો ત્યાગી ગુમાની,
કરો જો સંપ જ્ઞાતિમાં, થશે તો ઉન્નતિ ક્ષણમાં. ૧૩
"બોલે તેવું કરનારા", પ્રભુને પ્રાણથી પ્યારા,
ગ્રહી એ સૂત્રને કંઠે, પળો કર્ત્તવ્યને પથે. ૧૪

શાહ સાંકળચંદ મોતીલાલ.

---

* એક કાવ્ય ઉપરથી.

(૧૮)

જ્ઞાતિબંધુઓનાં અરસપરસ કર્તવ્યો.

ચાલુ જમાનામાં દેશભક્તિ અને દેશભાઇઓ પ્રત્યે બંધુભાવ એવી ભાવનાઓ સર્વ દેશોમાં ચાલી રહી છે. આપણા હિંદુસ્તાનમાં પણ આ ભાવનાઓ આપણી નજરે પડે છે. આવા સમયે આપણામાં જ્ઞાતીય બધુભાવનો ઉદ્દભવ થવાની જરૂર છે. જ્યાં સુધી જ્ઞાતીય બધુભાવ આપણી દષ્ટિએ પડે નહિ ત્યાં સુધી દેશભક્તિ અને દેશભાઇઓ તરફનો બધુભાવ નજરે પડવો ઘણો મુશ્કેલ છે. કારણ કે દેશ જ્યારે સખ્યાબંધ માણસોને લક્ષે છે ત્યારે જ્ઞાતિ તેના પ્રમાણમા ઘણાજ થોડાં માણસોને લક્ષે છે, પણ તે થોડા માણસો આપણાં વધારે નિકટનાં સગી અને સબધી હોવાથી તેમને માટે આપણી લાગણી વધારે ઉશ્કેરાવી જોઇએ અને તેમને માટે આપણા માથે વધારે કરવાપણું, અને વળી પ્રસગોપાત નહિ પણ કાયમની જવાબદારી પ્રાપ્ત થવી જોઇએ. જેમ દેશભાઇઓ કરતાં શહેરીભાઇઓમા, અને શહેરીભાઇઓ કરતા પોતાના લત્તામા વસતા ભાઇઓમા વધારે બંધુભાવ હોય છે, તેમ જ્ઞાતિબધુઓમા જ્ઞાતિભક્તિ અને જ્ઞાતીય બંધુભાવ તેથી પણ વિશેષ હોવા જોઈએ. જ્યાં સુધી આ ગુણો નજરે પડે નહિ ત્યા સુધી દેશભક્તિની તો વાતજ ક્યાથી થાય ? જ્ઞાતીય બધુભાવ ઉત્પન્ન થયો એટલે દેશ બધુભાવ ઉત્પન્ન થવાનોજ.

"જ્ઞાતિ" શબ્દ "જ્ઞા" ધાતુ ઉપરથી થયેલો છે. "જ્ઞા" એટલે જાણવુ—ઓળખવુ, 'જ્ઞાતિ' એટલે જાણીતા ઓળખીતાનો સમૂહ. તે ઉપરથી તેનો અર્થ રોટી વ્યવહાર અને સાથે સાથે બેટી વ્યવહારનો સંબંધ રાખનારા માણસોનું કુંડાળું થાય છે. આ જ્ઞાતિ-બધુઓ તો જન્મથીજ એટલે બધે દરજ્જે આપણા સાથી, સગી, અને સબધી છે કે પહેલા મેળાપ વખતે પણ જ્ઞાતિભાઇ સાથે ઘરવટ જેવો પણ સંબધ કરવો હોય તો તે સહેલાઇથી થઈ શકે. આવા જ્ઞાતિબધુઓ પોતાની અરસપરસની જોખમદારી સમજી જ્ઞાતિ બધુઓની ઉન્નતિ અર્થે પોતાના કર્તવ્યો બજાવવામા તત્પર રહે તો જરૂર તેઓ તેમા ફતેહ-મદ નીવડે, અને તેમ કરવાથી તેમણે જ્ઞાતિનુ તેમજ દેશનુ કલ્યાણ કરવામા ઘણો ભાગ લીધો છે એમ કહીએ તો તેમા જરા પણ અતિશયોક્તિ હોઈ શકેજ નહિ.

હવે આ લેખમા હુ જ્ઞાતિની ઉન્નતિ અર્થે જ્ઞાતિબધુઓએ અરસપરસ કયા કયા કર્તવ્યો કરવાના છે તેમાના કેટલાક મુખ્યનુ એક પછી એક વર્ણન કરીશ.

જ્ઞાતિના સર્વ માણસો જ્ઞાતિબંધુઓ તરીકે ઓળખાવાને તૈયાર થાય છે, પરતુ ખરો જ્ઞાતિબધુ કોણ કહેવાય તે સમજનાર ઘણા થોડાજ હોય છે. ખરો ઓળખીતો, ખરો જ્ઞાતિલો, ખરો જ્ઞાતિબધુ કોણ ? જે આફત વેળાએ સહાય ન કરે આફત વેળાએ જે બધુ કૃત્ય કરે તેજ ખરો બાધવ—જ્ઞાતિ બાધવ. કોઈ પણ જ્ઞાતિબધુની આફત વિષે સાભળતાજ આપણી કુદરતી લાગણી આપોઆપ તેને મદદ કરવા પ્રેરાય એજ ખરી જ્ઞાતિ-ભક્તિ. જ્ઞાતિબધુઓની સેવા કરવી એજ નિસ્વાર્થ પરોપકાર, અને ખરા દાનધર્મની કેળવણીનુ સાધન છે, અને તે સૌ પોતપોતાના ગજા પ્રમાણે અવલબી શકે એવુ છે.

નબળી સ્થિતિના જ્ઞાતિબંધુઓ પ્રત્યે આપણું કર્તવ્ય.

જ્ઞાતિના જે કુટુબોમા મરદો રહ્યાજ ન હોય, બૈરા છોકરાજ રહ્યા હોય, ઘરમાં કોઈ કમાનાર હોય નહિ, આગલા સંચયમાથી પૂરતી આવક ન હોય, તેવા જ્ઞાતિબંધુઓને નબા-

વવા એ સારી સ્થિતિવાળા જ્ઞાતિબંધુઓની મોટામા મોટી ફરજ છે. જ્ઞાતિએ આવા એકલા પડી ગયેલાના કુટુંબી થવું જોઇએ. આખી જ્ઞાતિએ તેની સંભાળ લેવી જોઇએ. જ્ઞાતિજનોએ તેવા માણુસોને પોતાથી બનતી મદદ કરીને આશ્વાસન આપવુ જોઇએ. જ્ઞાતિનુ કોઈ પણ માણુસ કોઈ પણ જાતની આફતમા આવી ન પડે એવુ આપણે ઇચ્છવુ જોઇએ, અને સમજવુ જોઇએ કે એક બીજાને સહાય આપવી, પડતાને ટેકો આપવો, અને થાકેલાને તેનો હાથ ઝાલી આગળ દોરવો એ આપણું એક ખરૂ કર્તવ્ય છે. મદદ કરવા ઇચ્છિનારે સમજવાનુ છે કે નબળી અને નિરાધાર સ્થિતિમાં આવી પડેલાં પણ આપણી જ્ઞાતિના સઘળા માણસો સરખાંજ કુળવાન છે. તેમણે તેમનો સ્નેહ મેળવી તેમના મનમાં વિશ્વાસ બેસાડવો જોઇએ. સ્નેહ અને વિશ્વાસને લીધે તે માણુસો પોતાની શરમ છોડશે, અને મદદ સ્વીકારવાને તૈયાર થશે. આ મદદ ફાવે તો ભેટ તરીકે, ઉછીની, પ્રકટ કે ગુપ્ત, ટુકી મુદત માટે કે કાયમની, વગ વડે કે જાતિ સેવાથી, કે બીજી ગમે તે કોઈ રીતે થઈ શકે. મદદ કરતી વખતે શ્રીમતાઇનો મત્સર કે દોર એવી કોઈ પણ જાતની હલકાઈ ન જોઇએ. આ બાબત લક્ષમા રાખી જો મદદ કરવામા આવે તો અવશ્ય આપણા નબળી સ્થિતિવાળા જ્ઞાતિબંધુઓના સુખમાં વધારો થવા પામે.

જ્ઞાતિમાં કેળવણીનો પ્રચાર કરવો.

કોઈ પણ જ્ઞાતિની ઉન્નતિનો આધાર તે ટોળામાની ઉછરતી પ્રજામા જ્ઞાન અને નીતિબળનો વધારો કરવામા છે. જ્ઞાતિબંધુઓમા તેમના જન્મ પછી ભવિષ્યના સુયોગને માટે જ્ઞાન–કેળવણીની ખાસ આવશ્યકતા છે; તે વિના તેઓ નિરૂપયોગી અને ભારવતજ થઇ પડે છે. આપણે જાણીએ છીએ કે **विद्या विहिनः नरः पशुः** એ સૂત્રાનુસારે સુકેળવણીના અભાવે સખ્યાબંધ લોકો પશુ સમાન ગણાય છે. જો કોઇ પણ જ્ઞાતિબંધુ પોતાનુ ભવિષ્ય સુધારવા ઇચ્છનો હોય તો તેણે અવશ્ય કેળવણી સપાદન કરવી જોઇએ. કેળવણીને જીદગીના સુખનો પાયો કહેવામા આવે છે તે સત્ય છે. તેથી જીંદગી અને આત્મા બન્નેનુ કલ્યાણુ સધાય છે. કેળવણીથી સારી આજીવિકા વડે જીદગીના ઐહિક સુખો મેળવી શકાય છે, અને કેળવણીથી નીતિ બળ પણુ વધે છે. કેળવણીથી સત્યાસત્યના જ્ઞાને ધર્માધર્મનું ભાન થવાથી સદ્વર્તન વડે આત્માનું પણુ કલ્યાણુ સાધી શકાય છે. આળસ, અવિચાર, અહંકાર, ઈર્ષા, સ્વાર્થ, અન્યાય, અપ્રમાણિકપણુ, કુછંદ, કુસગ વગેરે સર્વ જાતનાં અજ્ઞાન અને પાપ જે દુઃખમાં પરિણુમ્યા વગર રહેતાં નથી, તે ઉછરતી પ્રજાની કેળવણી જેમ જેમ સુધરતી જાય તેમ તેમ ઘટતા જાય, અને જ્ઞાતિબંધુઓની પ્રગતિ થતી જાય. તેટલાજ માટે આપણે જ્ઞાતિના છોકરા છોકરીઓની કેળવણી તરફ કાઇક વધારે લક્ષ આપવાની જરૂર છે.

છોકરાઓની કેળવણી.

બેશક આપણે ખુશીની સાથે કબુલ કરવુ પડશે કે સાપ્રત કાળમાં સમયના વહેવાની સાથે દિન પ્રતિ દિન સાસારિક, વ્યવહારિક, અને માનસિક શક્તિની અભિવૃદ્ધિને અર્થે આપણી જ્ઞાતિમા કેળવણીના પ્રચારને જન્મ મળ્યો છે, અને તે વૃદ્ધિંગત થતો જોવામા આવે છે એ એક મહા સુભાગ્યની નિશાની છે.

પરંતુ આપણી જ્ઞાતિમા કેટલાક માણુસો તો પોતાના છોકરાઓને ભણાવવાને બિલકુલ શક્તિમાન હોતા નથી. તેઓને ભણાવવાની ઘણી ઉમેદ હોય છે, પણ પોતાની પાસે

કેળવણી પાછળ ખર્ચ કરવાના સાધનના અભાવે તેઓ તેમ કરી શકતા નથી. તેમને પરાણે પરાણે ગુજરાતી અને બે ત્રણ અંગ્રેજી ધોરણ સુધી ભણાવી તેમનો અભ્યાસ અધવચમાંથી મુકાવી દેવરાવે છે. જ્યાં સુધી આ છોકરાઓને જમાનાને અનુસરતી અને જરૂર જેટલી કેળવણી મળે નહિ ત્યાસુધી તેઓ પોતાની જીંદગીમા સુખી નીવડે એમ આપણાથી કેમ ધારી શકાય ! કદાચ કોઈ જ્ઞાતિબંધુઓ આવા કેટલાક છોકરાઓને તેમના અભ્યાસમા મદદ કરવાને તૈયાર થાય, પરંતુ તેઓની પાસેથી મદદ લઈ આવતાં તેઓ શરમાય, અને કદાચ તેઓ તેમા પોતાની હલકાઈ પણ સમજે. કારણ કે સર્વે જ્ઞાતિબંધુઓ સરખા હોતા નથી, કેટલાક તેમને હલકો પાડવામા બિલકુલ આચકો ખાતા નથી. આવી તેમને ધાસ્તી રહે છે. આ છોકરાઓ પોતાની જ્ઞાતિના માણસો પાસેથી મદદ લઇ આવતાં કરતા કોઇ બીજી જ્ઞાતિના માણસો પાસેથી મદદ મેળવવાનુ વધારે પસંદ કરે છે. આવી મદદ મેળવવાની ઇચ્છા ધરાવનારા જ્ઞાતિમાં એટલા બધા છોકરાઓ હોય છે કે તે સર્વેને બહારથી પૂરતી મદદ મળી શકતી નથી, અને તેથી ઘણા છોકરાઓને પોતાનો અભ્યાસ વહેલો મુકી રૂ. ૧૦–૧૨ ની નોકરીમા કે કોઇ નજીવા વેપારમા પોતાની નાની વયમા પડવું પડે છે. ભવિષ્યમા સારી આશા આપનારા છોકરાઓને પણ પોતાનો અભ્યાસ મુકી દેવો પડે છે. કોઇ કદાચ એમ ધારે કે આપણી વણિક કોમમા વધારે ભણી શકે એવા ભાગ્યેજ હોય. એવુ ધારવુ ભૂલ ભરેલું છે. આપણી અત્રેની જ્ઞાતિમા યુનિવર્સિટીની કેળવણીની લગભગ દરેક શાખામા પસાર થયેલા વિદ્યાર્થીઓ છે. રસાયનશાસ્ત્ર, એન્જીનીઅરીંગ, કાયદા અને સિવિલ સરવીસ જેવી સઘળી પરીક્ષાઓ પાસ કરનાર વિદ્યાર્થીઓ આપણી જ્ઞાતિમા છે. બીજા એવા વિદ્યાર્થીઓ આપણી જ્ઞાતિમા નહિ હોય એમ કેમ માની શકાય? મદદના અભાવે જ્ઞાતિના વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ મુકી દે અને જો ભવિષ્યમા તેઓ સુખી નીવડે તો ખરેખર તેઓ ભાગ્યશાળી કહેવાય, પણ તેમ બનવુ ઘણું અસંભવિત છે. આવા છોકરાઓનુ ભવિષ્ય સુધારવાની ખાતર જો સમસ્ત જ્ઞાતિને માટે એક કેળવણી ફંડ થાય કે જેમાથી અભ્યાસના અમુક ધોરણથી ઉપરના જ્ઞાતિના સર્વે છોકરાઓને પોતાના અભ્યાસમા મદદ મળી શકે. આવી મદદ ખાસ કરીને મફત ફી અને મફત પુસ્તકો આપીને થઇ શકે. મફત ફી અને મફત પુસ્તકો મળવાની ખાસ જરૂર છે. કદાચ કોઈ એમ ધારે કે આખી જ્ઞાતિના છોકરાઓને મફત ભણાવવાના સાધન તૈયાર થઇ શકે નહિ, પણ તેમણે લક્ષમા રાખવુ જોઇએ કે આ બાબતમા આપણે પહેલ કરનાર નથી. આવી રીતે મદદ આપવાનુ સાધન ઘણી જ્ઞાતિઓમા થઇ ગયુ છે. આપણે તો તેમનુ અનુકરણ કરીએ છીએ. ખરેખર વ્યાજમાથી મફત કેળવણી આપી શકાય એવુ મોટુ સ્થાયી ફંડ એકદમ એકઠું કરવુ મુસ્કેલ લાગે, પણ જો જ્ઞાતિના સખી ગૃહસ્થો ધારે તો તે પણ થઇ શકે તેમ છે. જો કોઇ પણ કારણોને લીધે આ બાબતમા ફાવવુ મુશ્કેલ લાગતું હોય તો મારે પહેલા તૈયાર થયેલી એક બીજી યોજના તરફ તમારૂ લક્ષ ખેંચવુ જોઇએ. આજથી આશરે સાતેક વર્ષ ઉપર જ્ઞાતિના કેટલાક કેળવાયલા ભાઇઓએ જ્ઞાતિમા મદન કેળવણીના પ્રચાર અર્થે સ્થાયીની સાથે ચાલુ કેળવણી ફંડની યોજના ઉભી કરી હતી. તે પણ અમલમા આવી શકે તેવી હતી. પરંતુ તે બંધુઓને એકદમ છૂટા પડવુ પડયુ તેથી તે યોજના પાર પડી શકી નહિ. પરંતુ આવી યોજના કરતા પહેલી બતાવી તે સ્થાયી ફંડની યોજના પાર પડે તો વધારે સારૂ. શરૂઆતમા ફંડ નાનુ લાગશે, પણ જ્ઞાતિબંધુઓ અયોગ્ય ન્યાતવરાઓ (મુવા

પાછળની મિજલસો) કરવામા ખર્ચ થતી રકમો બચાવી તે આવા ફંડમા નાખે તો આ ફંડ મોટું થાય. વળી શરૂઆતમા આપણને ખર્ચ વધારે લાગશે. પરંતુ થોડા વર્ષ પછીથી ભણવા આપેલી ચોપડીઓ પાછી આવવાથી ચોપડીઓનું ખર્ચ ધીમે ધીમે કમી થવા લાગશે. આપણે એવી પણ આશા રાખી શકીએ કે મફત ચોપડીઓ અને ફી વડે ભણેલા જ્ઞાતિ બંધુઓ ભવિષ્યમાં આ ફંડમાં વધારો કરવા પ્રેરાશે. આ પ્રમાણે કેટલુક ખર્ચ કમી થશે, કે જેથી કરીને નજીકના ભવિષ્યમા આપણે સહેલાઇથી સારૂ સ્થાયી કેળવણી ફંડ કરી શકીશુ.

આ સ્થળે એક બીજી વાત પણ ધ્યાનમા રાખવાની છે, અને તે એ છે કે આ કેળવણીમા યુનિવર્સિટીની તેમજ ટેકનીકલ (હુન્નર ઉદ્યોગની) કેળવણીનો સમાવેશ થઇ જાય છે. ફક્ત યુનિવર્સિટી કેળવણીથીજ માણુસ પોતાનુ ભવિષ્ય સુધારી શકે એમ છેજ નહિ. હાલના સમયમાં દેશને હુન્નર ઉદ્યોગની પણ ખાસ જરૂર છે. આવી કેળવણી લેવા ઇચ્છનાર જ્ઞાતિ બંધુઓને પણ પોતાના અભ્યાસમા મદદ મળવી જોઇએ. કદાચ કોઇ બાહોશ અને હુશિયાર છોકરાઓ જાપાન, અમેરિકા જેવા હુન્નરમા આગળ વધેલા દેશોમાં જઇને તેવી કેળવણી લેવા ઇચ્છતા હોય તો તેમને મદદ કરવા માટે કાંઇ નહિ તો શિષ્ય વૃત્તિઓ (Scholarship) જેવા પણ સાધનો તૈયાર થવા જોઇએ. આ પ્રમાણે જ્ઞાતિમા જો કેળવણીનો પ્રચાર થશે તો હાલ બીજી જ્ઞાતિઓ કેળવણીની બાબતમા આપણા જેવી જ્ઞાતિઓ ઉપર સરસાઇ ભોગવવાનો જે હક ધરાવે છે તે હકમા આપણે પણ તેમની સાથે ભાગીદાર થઇશુ.

જ્ઞાતિ બંધુઓને માનસિક કેળવણીની સાથે શારીરિક કેળવણી પણ મળવી જોઇએ. શરીર અને મનને એટલો બધો સબંધ છે કે શરીર ખીલ્યુ હોય તો મન એકદમ અને બહુ સારી રીતે ખીલી શકે. જ્ઞાતિ બંધુઓમા કેટલાકના શરીર તો એવાં માલુમ પડે છે કે તેઓ લાંબો વખત જીવી શકે એમ આપણે ધારી પણ શકીએ નહિ. વળી જ્ઞાતિના વિદ્યાર્થીઓમાના કેટલાકનાં શરીર પણ એવા માલુમ પડે છે. વિદ્યાર્થીઓનાં શરીર ખીલે તે માટે તેમને અંગ કસરત મળવાની સવડ જ્ઞાતિમા થવી જોઇએ. સ્કુલમાં હોય છે તેવી સવડ ન હોય તો સારી અંગ કસરતની પણ સવડ થવી જોઇએ, ફાવે તો વિદ્યાર્થીઓને ક્રિકેટ રમાડવાની સવડ કરી આપો, અગર તેઓ કોઇ અખાડામા જઇને અંગ ખીલવી શકે એવી જ્ઞાતિનો અલગ અખાડો કાઢવાની અથવા તો કોઇ અખાડાવાળા સાથે ગોઠવણ કરવાની ખાસ જરૂર છે.

સ્ત્રી કેળવણી.

જ્ઞાતિની ઉન્નતિનો આધાર જ્ઞાતિ વ્યક્તિઓની કેળવણી ઉપર રહેલો છે એમ સર્વ માન્ય કરે છે. પરંતુ મારે અહિં કહેવુ જોઇએ કે તે સ્કુલ કેળવણી ઉપર છે એમ નહિ સમજવુ જોઇએ. જ્યા સુધી માનસિક કેળવણીની સાથે નૈતિક કેળવણી મળી નથી ત્યા સુધી આપણે પૂરેપૂરી ઉન્નતિ મેળવી શકીએ એમ ધારવું ભૂલ ભરેલુ છે. જ્યાં સુધી ભણતા છોકરાઓની ટેવો સદાચરણ તરફ દોરાઇ ન હોય ત્યા સુધી આપણી સર્વ આશાઓ મિથ્યા છે એમ ચોક્કસ સમજવુ. આમ નહિ થવાથી કેળવણીનું સારૂ ફળ આવવાને બદલે ઉલટુ વિપરિત ફળ આવવાનો સભવ છે છોકરાઓ નીતિ તરફ દોરાય તે માટે નીતિ શીખવનારી ગમે તેવી સસ્થાઓ સ્થાપીએ તો પણ જેટલુ સત્સંગ અને સારી દેખરેખથી નાની વયના

કુમળા બાળકોનુ જીવન સદાચરણ તરફ વળી યોગ્ય ટેવોવાળું થાય તેટલું આ સંસ્થાઓથી થાય. ઘરની દેખરેખ ઉપરજ તેમની કેળવણી કેવી નીવડે છે તેનો આધાર છે, પણ ઘરની દેખરેખનો આધાર બૈરાઓ ઉપર છે, કુટુબમા કેળવાયલા અને સમજુ બૈરા હોય તો તેમના છોકરાં છોકરીઓના ઉછેર અને કેળવણીમા ઘણો ફેર પડે છે. જ્ઞાતિના હિત ચિંતકોએ આ સર્વ ધ્યાનમાં રાખવુ જોઇએ. જો જ્ઞાતિમા સ્ત્રીઓને સારી કેળવણી મળી હશે તો લગભગ આખી જ્ઞાતિને આગળ વધારવામાં કોઈ પણ જાતની હરકત નડશે નહિ. ખુશી થવાની વાત છે કે આપણી જ્ઞાતિમા બાળાઓને હાલ કેળવણી આપવામા આવે છે, પરંતુ હજુ તેમને પૂરતી કેળવણી મળતી નથી. કેટલાક માબાપો પોતાની છોકરીઓને એક બે વર્ષ નિશાળે મોકલી તેમ કરવાનું બંધ કરે છે. પરતુ જ્યા સુધી તેમને ખપ જેટલી સ્કુલની તથા વ્યવહારિક કેળવણી મળે નહિ ત્યા સુધી ઇચ્છિત ફળ મેળવવુ પણ મુશ્કેલ છે. યાદ રાખવું જોઇએ કે હાલ જે બાળાઓ છે તે ચૌદ પદર વર્ષ પછી માતાઓ થવાની. આ બાળાઓ જો અત્યારે પૂરતી કેળવણી પામી ન હોય તો જ્યારે તેઓ માતાની સ્થિતિમાં આવે ત્યારે તેમના છોકરાની કેળવણીનો પાયો નાખવાને તેઓ શી રીતે શક્તિમાન થાય ? જો આ બાળાઓને જરૂરિયાત કેળવણી મળી હોય તો તેઓ તેમનું જીવન મોટપણે એટણે પરણ્યા પછી પણ ઘણી સારી રીતે ગુજારી શકે. તેઓ પોતાના પતિને જ્ઞાતિસેવા તેમજ દેશસેવા બજાવવામાં મદદગાર થઈ શકે, એટલુંજ નહિ પણ પોતાનો વખત નિદા કરવામા બિલકુલ નહિ ગાળતા ધાર્મિક અને નૈતિક જ્ઞાન મેળવવામા ગાળવા તરફ પ્રેરાશે. દેશ હિતચિતક મિ મોહનલાલ કરમચંદ ગાધીના પત્ની આફ્રિકામા આપણા હાડમારી ભોગવતા દેશભાઇઓના દુઃખ નિવારણ કરવાના કામમા પોતાના પતિને કેટલા સહાયભૂત થયા તેનો દાખલો મોજુદ છે ભણેલી બાળાઓને મોટી થયેલી કોઈની કુથલી કરવાનુ મન થશેજ નહિ. વળી યાદ રાખવુ જોઇએ કે હમેશા કલેશ અને તકરારોની ઉત્પત્તિ સ્ત્રીઓમાથી થાય છે, કેમકે જ્યારે તેઓને કાંઈ કામકાજ હોતું નથી ત્યારે તેઓ અનેકની સારી માઠી કુથલી કરવામા વખત કાઢે છે, પણ કેળવાયલી સ્ત્રીઓ ફુરસદના વખતે ધાર્મિક અને નૈતિક જ્ઞાન મેળવવામા રોકાવાથી તેમને તેવો નકામી કુથલી કરવાનો વખત મળશે નહિ. બીજુ હાલ કેટલીક વખત જ્ઞાતિમા લગ્ન પ્રસગે જે બિભત્સ ગીતો ગવાય છે તે ગાતા તેઓ શરમાશે. વળી જે અધમ રૂઢીઓ આપણી જ્ઞાતિમા કેવળ કેળવણીના અભાવથીજ વૃદ્ધિ પામવા લાગી છે, તે રૂઢીઓ જો બાળાઓના અતઃકરણમા કેળવણી અર્થાત્ જ્ઞાનનું બીજ રોપવામા આવે તો કદાચ તેઓ ભવિષ્યમા સર્વાંશે નષ્ટપ્રાયઃ થઈ જાય. આવી સ્ત્રીઓ મુવા પાછળ થતી મિજલસો, ખોટુ રડવુ કુટવુ વગેરે જેવા ઢોગી રિવાજો દૂર કરવામા જ્ઞાતિને પોતાની પૂરતી મદદ આપશે.

આપણે જાણીએ છીએ કે કેટલીક અભણ માતાઓ પોતાનુ બાળક ચાર પાચ વર્ષનુ થાય ત્યારથીજ તેની સાથે તેના વિવાહ સંબંધીની ખોટી વાતો કરે છે. જ્ઞાતિની કોઇ નાની અવિવાહિત છોકરી જોઇ કે તરતજ પોતાના બાળ છોકરાને કહેશે "ભાઈ, તારો વિવાહ આ છોડી સાથે કરીશુ," "તને આ છોડી ગમશે," અને જો વિવાહની ગોઠવણ થઇ શકે તેમ હોય છે તો બાળ લગ્નના કડવા ફળનો વિચાર પણ તેમને આવતો નથી. ભણેલી માતાઓને આવા વિચારો આવવાના પણ નહિ.

જ્ઞાતિની બાળાઓની કેળવણી વિષે કેટલુંક વિવેચન કર્યા પછી જ્ઞાતિની હાલની સ્ત્રીઓ સબધી કેટલુક કહેવાની મારી ઇચ્છા થાય છે. જ્ઞાતિમા હાલમા કેટલીક

મોટી ઉમ્મરની સ્ત્રીઓ એવી છે કે તેમને બિલકુલ લખતા વાંચતા આવડતું નથી. આવી સ્ત્રીઓની સખ્યા આશરે સેકડે ૯૦-૬૨ ટકા જેટલી છે. અફસોસ ! જે જ્ઞાતિમાં ૯૦-૬૨ ટકા જેટલી નિરક્ષર-અભણ સ્ત્રીઓ હોય તે જ્ઞાતિ ઉન્નતિની ટોચે પહોંચી હોય એમ કહેવાય? અરે તે પહોચવાની તૈયારીમાં છે એમ પણ કેમ કહી શકાય. જો તેઓને આવીજ સ્થિતિમાં રાખવામાં આવે તો જ્ઞાતિની સ્થિતિ કોઈ પણ બાબતમાં સુધરવાની કેમ આશા રાખી શકાય ! આ સર્વ સ્ત્રીઓને હવે ભણવાનુ પસંદ નથી એમ બિલકુલ ધારવુ નહિ. કારણુ એટલુંજ છે કે આ સ્ત્રીઓને કેળવણી મળે તેવી સવડો આપણી જ્ઞાતિમા થઇ નથી, અને આવી સવડોના અભાવે તેમને તેવી સ્થિતિમા રહેવુ પડે છે. જે સ્ત્રીઓને લખતા વાંચતાં આવડતું હોય છે તે સ્ત્રીઓ પોતાના વખતનો સદુપયોગ કરી શકે છે, પરતુ અભણ સ્ત્રીઓને માટે એમ ધારવુ ઘણુ મુસ્કેલ છે. ભણેલી સ્ત્રીઓ પોતાની ફરજો સ્ત્રી કર્તવ્યો સારી રીતે સમજી શકે, પોતાના છોકરાઓને પારણામાથી સારી કેળવણી આપવાનું કાર્ય બજાવી શકે, તેમને સારી સોબત તરફજ વાળી શકે, તેમને સદ્વર્તન તરફજ દોરી શકે, પોતે પોતાના ઘરની વ્યવસ્થા સારી રીતે રાખી શકે, પોતાના પતિને કેટલાક કાર્યમા સહાયભૂત થઇ તેમના માથેથી બોજો પણુ લઈ શકે અને પોતાની નીતિમાં વધારો પણુ કરી શકે. પરંતુ બિચારી અભણ સ્ત્રીઓમાથી ભાગ્યેજ થોડી તેમ કરી શકે. આવી મોટી ઉમ્મરની એટલે નિશાળે ન જઇ શકે એવી પણુ ભણુવા ઇચ્છતી હોય એવી છોકરીઓને બે સવાબે કલાકના વર્ગો કરી જ્ઞાતિની વસ્તિનાજ લત્તાના મુકરર સ્થળે આવીને ભણાવી જાય એવી મહેતી રાખી સ્ત્રી કેળવણીને ઉત્તેજન અપાય તો વધારે સારૂ. એક મહેતીના પગારથી આ પ્રમાણે સવડ પડતા-બપોરના વખતમા જ્ઞાતિની મોટી ઉમ્મરની ઘણી છોકરીઓ અને સ્ત્રીઓ ભણી શકે. આની સાથે ભરતા, ગુથતા, સીવતાં, શીખવાડવાની સંસ્થા તથા સ્ત્રી વાચનના શોખમા વધારો કરી નીતિ તરફ દોરે એવુ પુસ્તકાલય (library)ની સસ્થા પણુ ઉઘાડી શકાય. આ પ્રમાણે કરવાથી આપણે તેમની કેળવણીમાં વધારો કરી શકીએ એટલુજ નહિ, પણુ આપણે તેમને સારે રસ્તે દોરી પોતાના વખતનો સદુપયોગ કરતા શીખવી શકીએ. આ સાથે જણાવવુ જોઇએ કે આપણી જ્ઞાતિમા કેટલીક કમનસીબ નાની ઉમ્મરની સ્ત્રીઓ પણુ છે. તેમને પણુ આવી સસ્થાઓ ઉભી થવાથી લાભ મળી શકે. તેઓ ભરવા ગુથવાનુ તથા સીવવાનુ કામ કરીને, અને જો સારો અભ્યાસ કરે તો બીજી જ્ઞાતિની મહેતી આ સસ્થામા કામ કરે તેને બદલે તે મહેતી તરીકે કામ કરીને પોતાનુ ભરણપોષણુ બહુ સારી રીતે મેળવી શકે.

જો આ પ્રમાણે મોટી ઉમ્રની સ્ત્રીઓને કેળવણી આપી તેમના મન કેળવવામાં ફતેહમંદ નીવડીએ તો આપણી જ્ઞાતિમા ચાલતી આવેલી કેટલી અધમ રૂઢીઓને નાબુદ કરવામા આપણુને સહાય મળે, કારણુ કે અધમ રૂઢીઓના પ્રચારનું મુખ્ય કારણુ અજ્ઞાન મહિલાએ ગણાય છે. **પુરૂષ ગમે તેવા વિદ્વાન કે બુદ્ધિમાન હોય પણુ અજ્ઞાન મહિલાઓની મૂર્ખતા પાસે તેમની વિદ્વતા અને બુદ્ધિનું કાંઇ પણુ ચાલતું નથી.** તેથી પ્રથમ સ્ત્રીવર્ગને જલદીથી સુધારવાની ખાસ આવશ્યકતા છે.

તેટલાજ માટે જ્ઞાતિબધુઓ, કટિબદ્ધ થઇને જ્ઞાતિની ઉન્નતિ કરવા તત્પર થાઓ. તમારી પુત્રીઓ, ભગિનિઓ, પુત્રવધૂઓ, અર્ધાગનાઓ માટે વિદ્યાદેવીના મંદિરો ખુલ્લા મુકો અને નવા યુગના મહાન પ્રવાહમાં તમો તમારી જ્ઞાતિની નૌકાને આગળ વધારો.

જ્ઞાતિબંધુઓને ધંધારોજગાર શોધી આપવા.

આપણી જ્ઞાતિમા કેટલાક માણસોને ઘણી વખત નોકરી તથા ધંધા માટે ફાંફા મારવાં પડે છે. કદાચ તેમને નોકરી મળે છે તો એટલા ઓછા પગારની હોય છે કે તેમાથી તેઓ પોતાના આખા કુટુબનુ પોષણ કરવાને શક્તિમાન હોતા નથી, જેમ તેમ કરી તેઓ પોતાનુ ગુજરાન ચલાવે છે. આવા જ્ઞાતિ જનોને જો જ્ઞાતિબધુઓ સારી જગ્યાએ રોકી આપે, અથવા કાઇક હુન્નર કારીગિરી શીખવે તો તેઓ સહેલાઇથી પોતાના ગુજરાનના સાધનો મેળવી શકે, અને તેઓની આર્થિક સ્થિતિ પણ ધીમે ધીમે સુધરવા લાગે. જે જ્ઞાતિ છ સાત મીલોની હસ્તી ધરાવે છે તે જ્ઞાતિમા ધંધારોજગાર અને ગુજરાનના સાધન માટે ફાંફાં મારનારા નજરે પડે એ વાત ખરેખર શોકજનક છે. જ્ઞાતિ મીલ માલિકો જો ધારે તો ખુશીથી તેમને ઠેકાણે પાડી શકે. મીલમા નોકરીના સાધનો હોય છે તેમજ વળી હુન્નર ઉદ્યોગનાં પણ સાધનો હોય છે. મીલ માલિકો ઇચ્છે તો જ્ઞાતિબધુઓને સારા વેપારમા પણ નાખી શકે. જો જ્ઞાતિબધુઓને હુન્નર, કારીગિરી અગર વેપાર ધધો શીખવવામા નહિ આવે તો જ્ઞાતિમાં અનીતિનુ મૂળ ઉભુ થવાનો સભવ છે. ધધારોજગાર વિનાના માણસોને આળસુ થઇ પોતાને પોતાનુ ગુજરાન ચલાવવાનુ સાધન નહિ મળવાથી સાચા જુઠા કરી નીતિ અને ધર્મના ભોગે પોતાનું ગુંજરાન શોધવાની જરૂર પડશે તેટલાજ માટે દરેક જ્ઞાતિબધુની ફરજ છે કે તેણે જ્ઞાતિના આવા માણસોને ઠેકાણે પાડવા માટે કાયમના ઉપાયો શોધવામા તન, મન, અને ધનથી પ્રયાસ કરવો જોઇએ.

જ્ઞાતિમાં જડ વાલી બેઠેલી અધમ રૂઢીઓ દૂર કરવી.

આપણી જ્ઞાતિમા ઘણા ખરાબ રિવાજો ઘર કરી બેઠેલા છે; દાખલા તરીકે રોવુ કુટવુ, મરણ પાછળ જ્ઞાતિભોજન કરાવવા, બાળલગ્ન વિગેરે, પરતુ આ રિવાજોનું હવે આવી બન્યુ હોય એમ જણાય છે. અને હવે એ જેટલા વધારે લબાય છે તેટલા તે વધારે અળખામણા થાય છે, માટે તે જેમ જલદી વિદાય થાય તેમ સારૂ.

રોવું કુટવું.

જ્ઞાતિમા કોઇનુ મરણ થયુ કે "જૂઠું જૂઠું પોકો મૂકીને રડવુ, અને લાગણી વગર છાતી અફાળીને કૂટવુ એ મરનારની મશ્કરી નહિ તો બીજુ શું ! જેને ડાઘ લાગ્યો હશે તેને કોઇ રોકી શકનાર નથી, અને અમસ્થા રડાવવા કે કૂટાવવા એ નકામુ છે. રોવા કૂટવાથી મરનારના આત્માને પણ કઇ લાભ નથી, એટલુજ નહિ પણ ઉલટુ તે આત્માને એથી દુ:ખ થાય છે" —"જ્ઞાતિ ઉન્નતિના સાધનો."

હવેના સ્ત્રીપુરૂષોને શોકના અને દિલાસાના એ શાસ્ત્ર વ્યર્થ, હસવા જેવાં, હાનિકારક, અને ન સમજાય, ન પળાય એવા થઇ ગયા છે. જુના જમાનાના હિમાયતીઓ સવાલ કરે કે તમે સૌ નવા જમાનાના માણસોમા શુ સ્નેહ નથી કે લાગણી નથી ? તમે બધા આવા જડ અને એકલવાયા કેમ ઉઠયા છો ? તેનો જવાબ એટલોજ કે સ્નેહ અને લાગણી કુદરતી છે, દરેક માણસમા તે હોય છે જ, અને નવા અને જુના જમાનામા જે ફેર પડયો છે, તે ફેર જુનામા સ્નેહ અને લાગણી છે અને નવામા નથી એ રૂપનો નથીજ. જુના નવામા ફેર માત્ર એટલોજ છે કે સ્નેહ અને લાગણીના આવિર્ભાવના જે રસ્તા જુનાના છે તે નવાના નથી, નવાના છે તે જુનાના નથી. મોતને પ્રસંગે નવા જમાનાના માણસોના

પણ સ્નેહ અને લાગણી ઉશ્કેરાય છેજ. પરતુ જુની ચાલી આવેલી રીતો તેમને કૃત્રિમ અને હૃદયહીન દીસે છે. તેઓ સમજે કે આ સબધના કેટલાક જુના રિવાજો ફક્ત મરનારના આત્માને હેરાન કરનારા, મરનારના સગા વહાલાના શરીરને દુઃખ દેનારા અને વખતનો દુરૂપયોગ કરાવનારા છે. જો આમ છે તો જ્ઞાતિ બંધુઓએ જેમ બને તેમ જલદીથી આવા રિવાજોને તિલાંજલી આપવી એ તેમનુ એક મોટું કર્ત્તવ્ય છે

મરણુ જમણુ.

જ્ઞાતિમા કેટલાક જમણુ ફરજીયાત જેવા થઇ ગયા છે. આવા જમણો ઉમગ પ્રસગે થાય છે તેટલુજ નહિ પણ દિલગિરિના પ્રસંગે પણ થાય છે આ બીજી જાતના જમણો તે મરણુ પાછળ થનારાં જમણો છે, અને તે ખરેખર નિંદવા લાયક છે. જ્ઞાતિમા કોઇ આશરે સોળ સત્તર કે તેથી વધારે વર્ષની ઉમ્મરનુ માણુસ મરી ગયું કે તેની પાછળ ધર્મ ક્રિયા ઉપરાત જમણો પણ થવાનાજ જે બનાવને લીધે મરનારનાં સગાવહાલાં છાતી ફાટે તેટલા આસુ પાડે છે, જે બનાવને લીધે મરનારના સગાંવહાલાને દિલાસો દઇ તમને શાત પાડવાની જ્ઞાતિબધુઓને જરૂર લાગે છે, જે બનાવને લીધે મરનારના સગાવહાલા મહિનાના મહિના સુધી શોક પાળે છે, જે બનાવને લીધે ઘરમા સર્વત્ર દિલગિરિ પ્રસરઇ રહે છે, જે બનાવને લીધે લાબો વખત સુધી ઘરમાં ગળ્યુ ખાવા તરફ તથા ચુલે તેલની તાવડી પણ માડવા તરફ મન દોરાતું નથી, જે બનાવને લીધે ઘણા વખત સુધી સારૂં કપડુ પહેરીને બહાર નિકળતા પણ શરમ આવે છે, તેવા બનાવની પાછળ પૂરા દશ દિવસ થયા હોતા નથી તેટલામા તો જ્ઞાતિબધુઓને લાડવા ખવરાવવા તૈયાર થવામા બિલકુલ આચકો પણ ખાવો નહિ એ કેટલુ શરમ ભરેલુ ગણાય ! આવા જમણુ કરનારાઓને તે બાબત પસદ હોતી નથી એમ કેટલાકની સાથે વાત કરવાથી માલુમ પડે છે, તે છતા આમ થવાનુ કારણુ એટલુજ છે કે આ જમણો આપણી જ્ઞાતિમા ફરજીયાત જેવા થઇ ગયેલા છે. આવા જમણુના રિવાજો પૈસાદારને તો કદાચ પાલવે, પણ તેમની પૂઠે ગરીબોને પણ તણાવુ પડે છે. તેઓને તે વખતે પોતાની સ્થિતિનો ગમે તે વિચાર થાય, પણ આબરૂ અને કુળ સાચવવાની ખાતર પોતાના આખા જન્મારાની કમાઇ તેઓને થોડાજ દિવસમા ખર્ચી નાખવી પડે છે. કેટલીક વખતે તો એટલે સુધી પણ બને છે કે આવા પ્રસંગ માટે તેમની પાસે ઉડાવવાના પૈસા પણ હોતા નથી. પરંતુ આવાં જમણુ ન કરે તો મરનારના કુટુબીઓને આખી જીદગી સુધી મહેણા ખાવામાથી મુક્ત થવા ખાતર કોઇના ઉછીના લાવીને, કદાચ ઘર વિગેરે ગીરો મૂકીને ભવિષ્યમા પોતાની કમાણીમાથી દેવુ પૂરૂ ભરી દેવાનુ વચન આપીને તેઓને પૈસા લાવવા પડે છે, અને જ્ઞાતિબધુઓને જમાડવા પડે છે. ઉલટુ આને પ્રસગે મરનારની પડેલી ખોટને લીધે તેના કુટુબીઓ અને આશ્રિતોને મદદની જરૂર પડે તેમ હોય તો તેમને મદદ કરવાને બદલે તેમને આવી રીતે દેવુ કરી ખર્ચમા ઉતરવુ પડે તેવા રિવાજોને એકદમ જ્ઞાતિમાથી જડગળમાથી કાઢી નાખવા જોઇએ. આવે પ્રસગે તેમને સહાય કરવાને બદલે ભાઇ ફલાણુ કરજો અને ઢીકણુ કરજો, જો જો પેલુ રહી ન જાય, આમ નહિ કરો તો જ્ઞાતિમા તમારૂ ખોટુ કહેવાશે વગેરે વગેરે કહેવા અને સૂચવવા સૌ લોક આવે છે, પણ ફલાણુ તો નથી કરવુ, ફલાણો રિવાજ ખોટો છે, તે કરશો તો હુ તમારે બારણે નહિ આવી શકુ, એવુ તો કહેનારજ કોઇ નિકળતું નથી. સર્વને તે રિવાજો ખોટા લાગ્યા છે, પણ કોઇ પહેલ કરવાની હિંમત ધરી શકતું નથી આપણી જ્ઞાતિમા આ બાજુ હવે કાઇક અજવાળુ પડવા લાગ્યુ છે. થોડા દિવસ ઉપર આપણી જ્ઞાતિના મિ. માણેકલાલ મોતીલાલ બુકસેલરનાં દ્વિતીય પત્ની ગુજરી ગયેલા, તેમની પાછળ તેમણે સર્વ ધર્મક્રિયાઓ કરાવી આવા તિરસ્કારને પાત્ર જમણો બિલકુલ નહિ કરતા સારા માર્ગે પોતાના પૈસા વાપરવા માંડયા છે આ કામમા જો તેમનું અનુકરણ કરવામા આવે તો વધારે સારૂં. તેમ છતાં પણ જ્ઞાતિના પૈસાદાર

હિતચિંતકો જો આવા રિવાજો દૂર કરવા ધારે તો તેઓ તેમ કરી શકે. સર્વ કોઇ પોતાનાથી વધારે પૈસાદારનાજ દાખલા જુએ છે. આ દેખાદેખી થવાથી આવા રિવાજો જડ ઘાલી બેસે છે. જ્યા સુધી જ્ઞાતિના હિતની ખાતર તેમની દૂર કરવાની પહેલ કાઢી જ્ઞાતિના પૈસાદાર હિતચિંતકો માથે પડે તે સર્વ સંકટો વેઠશે નહિ તો જ્ઞાતિ આગળ વધે એવી આશા રાખવી તે ભૂલ ભરેલું છે. જ્ઞાતિ બંધુઓ એક પોતાનુ ખરૂ કર્તવ્ય સમજી આવા રિવાજોને દૂર કરવા પ્રયાસ કરી જ્ઞાતિને પાછળ પડી જતી અટકાવશે એવી આશા છે.

બાળલગ્ન.

ઉપર વર્ણવ્યા તેવા કુરિવાજોની માફક બાળલગ્નનો રિવાજ પણ ઘણો હાનિકારક અને ત્યજી દેવા જેવો છે. ખરેખર બીજી કેટલીક કોમોની માફક આપણી જ્ઞાતિમા ઘણીજ નાની વયમા તો બિલકુલ લગ્ન થતા નથી. આશરે બાર પંદર વર્ષ ઉપર ઘોડીઆમાં વિવાહ થતા હતા તેવા હાલ થતા નથી. પહેલાની માફક નવ દશ વર્ષની છોકરીઓના તેમજ અગિયાર બાર વર્ષના છોકરાઓનાં લગ્ન થતા નથી આટલી બાબતમાં આપણી જ્ઞાતિમા કાઇક સુધારો થયો છે પરતુ હજુ તો જોઇએ તેટલો સુધારો થયો નથી. છોકરો પોતે પુખ્ત ઉમ્મરે પહોંચે, પોતાના અભ્યાસમાથી છૂટો થાય, પોતાનો સસાર નભાવવાને માટે જોઇએ તેટલું કમાવવાને શક્તિમાન થાય, તેમજ છોકરી પણ પરણવુ તે શુ તે પૂરૂ સમજે તેવી થાય, છોકરીના શરીરનો બાંધો સારો અને મજબુત થાય તે પછીજ લગ્ન થવાની ખાસ જરૂર છે. આમ થવાથી જ્ઞાતિ જનોનુ શારીરિક બળ સચવાશે અને શરીરે ભોગવવી પડતી દુઃખી સ્થિતિ દૂર રહેવાનો સભવ રહેશે. વર કન્યાના ગુણ દોષ જાણવાનો પ્રસગ મળશે અને હાલ વર કન્યાને તેમજ તેમના માબાપને કેટલીક વખત પાછળ પસ્તાવુ પડે છે તેમ પસ્તાવાનો સમય આવશે નહિ. વર કન્યાના સારા બાંધાને લીધે ભવિષ્યમા સારી પ્રજા ઉત્પન્ન થશે. વળી તેઓ સુખી નીવડી પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવી શકશે. આ બાબત જ્ઞાતિબધુઓએ ધ્યાન આપવુ એ વાત અગત્યની છે

જ્ઞાતિમાં ઐક્યતા મેળવવી જોઇએ.

જ્ઞાતિબધુઓએ જ્ઞાતિની ઉન્નતિના અર્થે હજુ બીજા ઘણા કર્તવ્યો કરવાના છે, પરતુ હવે હુ તેમાના એક અગત્યના વિષય વિષે કંઇક વિવેચન કરી મારો લેખ સમાપ્ત કરીશ. આ વિષય જ્ઞાતિમા સપ ઐક્યતાનો છે આપણી જ્ઞાતિ શબ્દનો અર્થ બરોબર જાણીએ છીએ. 'જ્ઞાતિ' શબ્દજ એવો છે કે તેના ઉપરથી આપણે એકદમ સમજી શકીએ કે જ્ઞાતિમા સમાયલા માણસો એક બીજાને ઓળખતા હોય, એક બીજાની વચ્ચે વિશેષ સબધ હોય, અને તેના પરિણામે તેઓની વચ્ચે ભ્રાતૃભાવ પણ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયો હોય આ ભ્રાતૃભાવ તેજ એકીભાવ, અથવા અમે સર્વ એક છીએ એવો જ્ઞાતિબધુઓમા આવો ભાવ ઉત્પન્ન થયો નથી–થતો નથી–કદાચ થયો હોય તે પણ ચાલ્યો જાય તો આવા જ્ઞાતિબધુઓના સમુદાયને 'જ્ઞાતિ' નામજ કેમ આપી શકાય ? જ્ઞાતિબધુઓમા એકીભાવનુ લક્ષણ હોય તોજ જ્ઞાતિ ઉન્નતિ પામવાને શક્તિમાન થઇ શકે હાલ આપણી જ્ઞાતિમા સંપના અભાવની એટલી બધી હયાતી છે કે જ્ઞાતિના બે ચાર માણસો એકઠા થયા કે તરતજ તેઓ જ્ઞાતિની વાત કાઢીને આપણી જ્ઞાતિ બગડી ગઈ છે, જ્ઞાતિ ઘણીજ દુર્દશાએ પહોચી છે, જ્ઞાતમાં ઝગડા ઉત્પન્ન થયા કરે છે, કોઇ એકઠા મળી નિખાલસ મનથી વગર પક્ષપાતપણે તેનો અત આણતું નથી એવા ઉચ્ચારો કાઢે છે. ઘણે અશે તેમનુ કહેવુ ખરૂ છે.

જો કદાચ ઝગડાઓ દૂર કરવાને જ્ઞાતિને બોલાવવામા આવે છે તો આખી જ્ઞાતિ એકઠી મળતી નથી. ત્યા કોઇ બાબતનો નિકાલ કરવાની મસલત ચલાવવામા આવી તો કેટલાક પોતાનો ખરો મત જાહેર કરતા નથી. તેઓને આ બાબતમા કાંઈ ને કાંઇ ખુંચતું હોય છે, અને તેથી ઝગડાઓ હોય તેમને તેમ રહેવા દેવામા આવે છે, ઉલટુ નવા ઝઘ-

ડાઓ ઉત્પન્ન થાય છે આ ઝગડાઓની હયાતીને લીધે જ્ઞાતિ ઉન્નતિનુ કાઇ પણ નવુ કામ થતુ નથી, કારણ કે જો હાથ ધરવામા આવે તો આ ઝગડાઓ આડે આવે છે. કેટલાકને તો જ્ઞાતિ સંબંધીના કામમાં કેટલાક ઉપર વિશ્વાસ પણ બેસતો નથી. જ્ઞાતિ ઉન્નતિનુ પગલુ ભરવા જતા તે કામમા જ્ઞાતિ બધુઓ તરફથી જોઇતી સહાય મળી શકતી નથી પરતુ જ્ઞાતિબધુઓએ સમજવુ જોઇએ કે જ્ઞાતિની ઉન્નતિમા આપણો પણ લાભ સમાયેલો છે. જ્ઞાતિ અને જ્ઞાતિબંધુઓ વચ્ચે અગી અને અગનો સબધ છે. અગીના રક્ષણ અર્થે અગો વચ્ચે પરસ્પર સબધ ઘણો મજબુત હોવાની જરૂર છે. અગીની સુસ્થિતિ અને સમૃદ્ધિને માટે અંગોમા કાર્ય વિભાગ અને પરસ્પર સહાયતાની આવશ્યકતા છે. આ સબધના ખુલાસા માટે આપણે શરીર અને તેના અવયવોનુ ઉદાહરણ લઇશુ. શરીર અગી છે અને માથુ, હાથ, પગ ઇત્યાદિ અવયવો તેના અગ છે. શરીર અને તેના અગો પ્રતિ નજર કરતા આપણને માલૂમ પડે છે કે શરીરની સુસ્થિતિનો આધાર અગોની સુસ્થિતિ ઉપર છે, અને અંગોની સુસ્થિતિનો આધાર શરીરની સુસ્થિતિ ઉપર છે આખમા જરા કણ પડયો હોય તો આખા શરીરને કેવુ થાય છે? વળી હાથ તે વખતે વિચાર પણ કરવા રહ્યા વિના આખનો કણ કાઢવા પ્રયત્ન કરે છે હાથ, પગ અને મગજ કામ કરીને જે મેળવે છે તેનો લાભ શરીરના બધા અગોને મળે છે. દરેક અગ પોતપોતાનુ કામ કરે છે અને પોતાની શક્તિ પ્રમાણે અન્ય અગોને સહાયક થાય છે પેટમા દુખ થતુ હોય છે તો પગ ચાલીને ડાકટરને ત્યા જાય છે, હાથ દવા લાવે છે, અને મુખ તેનુ પાન કરે છે દરેક અગ જો પોતાનોજ વિચાર કરે અને બીજા અગોને બિલકુલ મદદ ન કરે તો શરીર અને અગો ઉભયનો નાશ થાય.

આ ઉપરથી સમજાશે કે જ્ઞાતિની હયાતીનો આધાર જ્ઞાતિબધુઓ વચ્ચે દૃઢ પ્રેમ અને પરસ્પર સહાયતા ઉપર છે. ગાઢ પ્રેમ અને સહાયતા એજ એકીભાવ છે, અને જો આ એકીભાવ ઉત્પન્ન થયો તો જ્ઞાતિને ઉન્નતિને ટોચે પહોચવાનો વિલબ થવાનો નથી. જો જ્ઞાતિબધુઓ કોહ્યુ થયાથી કાપી નાખવાનો સિદ્ધાત ધ્યાનમા રાખી, લાબા વખતથી, હયાતી ભોગવતા ઝગડાઓનો નિકાલ કરવાનુ કામ, જ્ઞાતિના જે ગૃહસ્થો ઉપર આખી જ્ઞાતિને વિશ્વાસ હોય અને જેઓ તેનો સારી રીતે નિકાલ આણી શકે એવા હોય તેમને સોપી દઈ, અથવા એવા બીજા કોઇ રસ્તે જ્ઞાતિમાથી ટટાઓનો અત આણવામા કરે તો જ્ઞાતિમા ઐક્યતા ઉત્પન્ન થવાનો સભવ છે, અને તેમ થયેથી તેઓએ આખી જ્ઞાતિ ઉપર મોટો ઉપકાર કર્યો એમ ગણાશે. આ અત આણવામા સર્વે જ્ઞાતિબધુઓને જરૂર છે. તેમા કદાચ કોઇના મત માર્યા જશે, પરતુ જ્ઞાતિના હિતની ખાતર તેની દરકાર કર્યા વિના પોતાના તન, મન અને ધનની મદદ આપી જ્ઞાતિનુ શ્રેય કરવાનો માર્ગ બને તેટલી ઝડપથી સ્વિકારવો જોઇએ.

અત્રે મારો લેખ સમાપ્ત થાય છે. આ લેખમા જ્ઞાતિની ઉન્નતિ અર્થે જ્ઞાતિબધુઓએ જે કર્તવ્યો કરવાની જરૂર છે તેઓમાથી કેટલાક મુખ્ય મે અત્રે રજુ કર્યા છે. મારા ધારવા પ્રમાણે સર્વને આ કર્તવ્યો પસદ પડશે. ભાગ્યે કોઇને તે પસદ ન પડે. આ કર્તવ્યો કેવી રીતે અમલમા બજાવવા જોઇએ તે સબધી મે જ્ઞાતિબધુઓ આગળ મારા જે જે વિચારો દર્શાવ્યા છે તેમા કદાચ મત ફેર થાય, પણ મુખ્ય બાબતોમા તેમ થાય એમ હુ ધારતો નથી સર્વ જ્ઞાતિબધુઓ તેજ વિચારો ધારણ કરે એવુ મારૂ માનવુ નથી. તેમાથી જે જે સારા લાગે તેનો સ્વીકાર થાય તો વધારે સારૂ. બીજા નવા પણ સારા વિચારોનો આ મધ્યે ઉમેરો કરી, જ્ઞાતિ બધુઓ, જ્ઞાતિની ઉન્નતિ અર્થે પ્રયાસ કરવો એ પોતાની ફરજ છે તેમ સમજી, તેમને જેમ બને તેમ જલદીથી અમલમા મુકવા લાગી મારી મહેનત સફળ કરશે એવી મને આશા છે

લી. ફુલચંદ મુલચંદ મહેતા.

જ્ઞાતિનું વસ્તિપત્રક-તારણ.

જ્ઞાતિનાં કુલ ઘર ૩૮૭. કુલ વસ્તી ૧૫૮૯.

પુરૂષો.

કુલ સંખ્યા.	ઇંગ્રેજી જાણતા.	સ્વતંત્ર ધંધાર્થી.	સરકારી નોકર.	ખાનગી નોકર.	અવિવાહીત.	વિવાહિત.	પરણેલ.	વિધુર.
૫૨૨	૨૯૦	૧૭૦	૯૩	૨૨૧	૭૯	૬	૩૫૫	૮૨

તા. ક.—જેઓ ધંધાથે લાગેલા છે તેમને પુરૂષોમા ગણત્રામા આવ્યા છે.

ICS	MALLB	BALLB	MA	BA	LMS	HA (SAS)	ICE	Sub overseer
૧	૧	૨	૧	૬	૧	૨	૧	૧

પેન્શનર ૯

૪૦ વરસની અંદરના અવિવાહીત ... ૬૭ સ્ટેટ પ્લીડર ૧

૪૦ વરસની અંદરના વિધુર ૩૩

સ્ત્રીઓ.

કુલ સંખ્યા.	અંગ્રેજી જાણતી.	ગુજરાતી જાણતી.	ધંધો જાણતી	સધવા.	વિધવા.
૫૬૪	૩	૨૧૦	૧૧૮	૩૮૯	૧૭૫

નિરક્ષર સ્ત્રીઓ ૩૫૧

૩૦ વરસની અંદરની વિધવાઓ ૨૨

જે વિધવાઓ જીવે ત્યા સુધીજ તેમના ઘર ગણત્રીમા ગણવાના છે તેવી ૪૮

છોકરાઓ

કુલ સંખ્યા.	ઇંગ્રેજી ભણતા.	ગુજરાતી ભણતા.	અવિવાહીત.	વિવાહીત.	પરણેલ.
૩૧૦	૧૦૦	૧૧૧	૨૭૪	૨૦	૧૬

પાચ વરસની અંદરના સ્કુલમાં નહિ ભણતા... ... ... ૯૯

ILBમા	MBBS	BE	ML	Arts Collegeમા	Matric	બીજા ઇંગ્રેજી ભણતા
૪	૧	૧	૧	૫	૧૭	૭૨

છોકરીઓ

કુલ સંખ્યા.	ઇંગ્રેજી ભણતી.	ગુજરાતી ભણતી	અવિવાહીત.	વિવાહીત.
૧૯૩	૩	૭૪	૧૭૧	૨૨

૭ વરસની અંદરની સ્કુલમા જતી નથી તેવી ૧૧૬

" દશાપોરવાડ યુવક મિત્રમંડળ " નો તા. ૫–૪–૧૯૧૩ થી તા. ૧–૪–૧૯૧૫ સુધીનો આવક જાવકનો હિસાબ.

આવકનો હિસાબ.

નંબર.	બાબત.	રૂ.	આ	પા.	રૂ.	આ	પા	
૧	સને ૧૯૧૩ ના એપ્રીલથી સને ૧૯૧૫ ના માર્ચ આખર સુધીની મંડળના મેમ્બરોની ફી.	૨૫૦	૮	૦				
૨	સને ૧૯૧૫ ના માર્ચ પછીની મંડળના મેમ્બરો તરફથી અગાઉથી આવેલી ફી.	૩	૪	૦				
					૨૫૩	૧૨	૦	મંડળના મેમ્બરોની ફી.
૩	શેઠ માણેકલાલ મોતીલાલ મયાભાઇવાળા પાસેથી સને ૧૯૧૩ના એપ્રીલથી સને ૧૯૧૫ ના માર્ચ સુધીની મંડળને દર માસના રૂ. ૧૦) લેખે મળેલી મદદ.	૨૪૦	૦	૦				
૪	શેઠ મણીલાલ મગનલાલ જેચંદ પાસેથી સને ૧૯૧૫ ના જાન્યુઆરીથી સને ૧૯૧૫ ના માર્ચ સુધીની દર માસે રૂ. ૨૫ લેખે મંડળને મળેલી મદદ.	૭૫	૦	૦				
					૩૧૫	૦	૦	માસિક મદદ.
૫	જ્ઞાતિમા લગ્નો થયેલા તે પ્રસંગે ખુશાલીમા મંડળને કેળવણી ફંડમા મળેલા તે.	૨૫૭	૦	૦				
૬	જ્ઞાતિમા જમણવાર થયા તે પ્રસંગે મંડળને કેળવણી ફંડમા મળેલા તે.	૪૧	૦	૦				
૭	જ્ઞાતિના કેટલાક ગૃહસ્થો પાસેથી મંડળને કેળવણી ફંડમા મળેલી પરચુરણ મદદો.	૧૦	૦	૦				
					૩૦૮	૦	૦	કેળવણીફંડમા મળેલી મદદ
૮	મંડળે " જ્ઞાતિની ઉન્નતિના સાધનો " એ નામનો ઇનામી નિબંધ લખાવી છપાવ્યો તેના ખર્ચ પેટે મળેલી મદદ.	૧૮	૦	૦				
૯	ઇનામી નિબંધમા જાહેર ખબર લીધેલી તેના.	૨	૦	૦				
૧૦	ઇનામી નિબંધ લખનાર ૭ જણને ઇનામ આપ્યાં તેના ખર્ચની મળેલી મદદ.	૬	૦	૦				
					૨૬	૦	૦	ઇનામી નિબંધના.

૧૧	આપણી જ્ઞાતિના ભગત જયકૃષ્ણ ગોવિંદલાલને માન આપવા માટે કેટલાક જ્ઞાતિ બંધુઓએ પૈસા એકઠા કરેલા તેમાથી માન આપતાં બચેલી રકમ.	૨૧	૭	૩				
૧૨	મંડળને મદદ માટે ડાયરીઓ મળેલી તેના વેચાણમાથી ઉપજેલા.	૩	૨	૦				
૧૩	મંડળને ખુરશીઓ, ટેબલ, શેત્રંજી, ચોપડીઓ વિગેરે મળેલા તેની કિંમત.	૩૬	૮	૦				
૧૪	મંડળ તરફથી જ્ઞાતિના પરચુરણ મેળાવડાઓ થયા તે પ્રસંગે ખર્ચ પેટે મળેલી પરચુરણ મદદો.	૧૧	૩	૦				
૧૫	આપણી મ્યુનિસિપાલિટિમાં આપણા જ્ઞાતિબંધુઓ કાઉન્સીલરો નિમાયા તેમણે મંડળને ખુશાલીમાં આપેલી મદદ.	૭૫	૧૫	૦				
					૧૪૮	૩	૩	પરચુરણ મદદો.
૧૬	મંડળના બન્ને ઇનામના મેળાવડાઓ વખતે જ્ઞાતિમાંથી ભણતા છોકરાઓને ઇનામ વહેચ્યા તેમા રા. રા. વ્રિજલાલ મગનલાલ મોદી તરફથી મળેલી મદદ.	૭૮	૦	૬				
૧૭	મંડળના બન્ને ઇનામના મેળાવડાઓ વખતે જ્ઞાતિમાંથી ભણતી છોકરીઓને ઇનામ વહેચ્યા તેમાં શેઠ નાથાલાલ ત્રીકમલાલ તથા રા રા. ગોવિંદલાલ દલપતરામ તરફથી મળેલી મદદ.	૩૫	૧૨	૩				
૧૮	ઇનામ ફંડ ખાતે મળેલી મદદ.	૨૧	૦	૦				
૧૯	ઇનામના મેળાવડાઓ વખતે વહેચેલા પરચુરણ ઇનામોના ખર્ચના રા. રા. માણેકલાલ મોતીલાલ બુકસેલર તરફથી મળેલા તે.	૩૦	૦	૦				
૨૦	ઇનામના મેળાવડાઓ વખતે મિઠાઇ વહેચી તેના ખર્ચના મળેલા તે.	૨૮	૧૧	૦				
					૧૯૩	૭	૯	ઇનામ ફંડના.
૨૧	લાયબ્રેરી ફંડના ફોર્મ ભરાવી તેમાથી જે પૈસા વસુલ આવ્યા તે.	૧૧૨	૦	૦				
૨૨	લાયબ્રેરી ફંડમા કબાટ આવ્યુ તેના	૨૫	૦	૦				
					૧૩૭	૦	૦	લાયબ્રેરી ફંડના.
					૧૩૮૧	૭	૦	

જાવકનો હિસાબ.

નંબર.	બાબત.	રૂ.	આ	પા	રૂ.	આ	પા.	
૧	તા. ૭-૪-૧૯૧૩ થી તા. ૬-૪-૧૯૧૪ સુધીનું મંડળે ભાડે રાખેલા મકાનનુ દર માસના રૂ. ૫-૮-૦ લેખે ભાડું.	૬૬	૦	૦				
૨	તા. ૭-૪-૧૯૧૪ થી તા. ૬-૩-૧૯૧૫ સુધીનુ મંડળે ભાડે ગખેલા મકાનનું દર માસના રૂ. ૬-૦-૦ પ્રમાણે ભાડું.	૬૬	૦	૦	૧૩૨	૦	૦	ભાડા ખાતે ખર્ચ.
૩	મંડળે રાખેલા નોકરના પગારના.	૧૭	૧૨	૯	૧૭	૧૨	૯	નોકર ખર્ચ.
૪	છાપખાનાનું ખર્ચ	૧૯	૧૦	૦				
૫	સ્ટેશનરી ખર્ચ	૯	૩	૭ા				
૬	ટેબલ, ખુરશી, શેત્રંજી વિગેરે ફરનીચરનું ખર્ચ	૪૬	૧૨	૦				
૭	દીવાબત્તીનુ ખર્ચ...	૮	૧૨	૭ા				
૮	જ્ઞાતિના પરચુરણ મેળાવડાઓ થયા તેનું ખર્ચ	૨૬	૮	૦				
૯	જ્ઞાતિમાંથી મ્યુનિસિપાલિટિમા કાઉન્સીલરો નિમાયા તેમને માન આપવા માટે મેળાવડો થયો તેનું ખર્ચ	૪૫	૬	૦				
૧૦	પરચુરણ ખર્ચ	૯	૨	૬	૧૬૫	૬	૯	મંડળને થયેલું પરચુરણ ખર્ચ
૧૧	મંડળે જ્ઞાતિબંધુઓને તેમના અભ્યાસમાં મદદ આપી તેના ...	૩૨	૬	૩				
૧૨	જ્ઞાતિના છોકરાઓએ ક્રિકેટ કલબ ઉઘાડેલી તેમાં તેમને રમવાના ખર્ચ પેટે આપેલી મદદ ...	૬	૦	૦	૩૮	૬	૩	મંડળે જ્ઞાતિબંધુઓને કરેલી મદદ.

૧૩	જ્ઞાતિમાં ભણતા છોકરાઓને જ્ઞાતિના મેળાવડા કરીને ઇનામ વહેચ્યાં તેનું ખર્ચ	૭૮	૦	૬				
૧૪	જ્ઞાતિની ભણતી છોડીઓને જ્ઞાતિના મેળાવડા કરીને ઇનામ વહેંચ્યાં તેનુ ખર્ચ	૩૬	૧૨	૯				
૧૫	ઇનામના મેળાવડાઓ વખતે પરચુરણ ઇનામો વહેચ્યા તેનુ ખર્ચ.	૩૦	૦	૦				
૧૬	ઇનામના મેળાવડાઓ વખતે મિઠાઇ વહેચી તેનુ ખર્ચ ...	૨૮	૧૧	૦				
૧૭	ઇનામ વહેચવાના મેળાવડાઓ ભર્યા તેનું તથા તે પ્રસગે કૉન્સર્ટ ભજવ્યુ તેનું ખર્ચ ...	૪૬	૯	૯				
					૨૨૦	૨	૦	ઇનામ ખાતે ખર્ચ.
૧૮	ઇનામી નિબંધ છપામણુ... ...	૨૦	૦	૦				
૧૯	ઇનામી નિબ'ધ લખવામા પસાર થનારને ઇનામ...	૫	૦	૦				
૨૦	ઇનામી નિબ'ધ લખનાર છ ગૃહસ્થોને "ટ્રન્ક ઑફ થૅન્કસ"ના ઇનામો આપ્યા તેનું ખર્ચ ...	૬	૦	૦				
					૩૧	૦	૦	ઇનામી નિબધ ખાતે
૨૧	લાઇબ્રેરી ફ'ડ ઉઘાડવા માટે ફૉર્મ છપાવ્યા તેનુ ખર્ચ	૭	૧૧	૦				
૨૨	લાઇબ્રેરી ફ'ડમા કબાટ આપ્યુ તેના	૨૫	૦	૦				
					૩૨	૧૧	૦	લાઇબ્રેરી ફ'ડ ખાતે ખ
૨૩	મ'ડળે પોષ્ટલ સેવીંગ બેન્કમાં જમે મુકયા છે તે	૧૫૦	૦	૦				
૨૪	શેઠ માણેકલાલ મોતીલાલ મયાભાઇવાળાને ત્યા જમે મુકેલી રકમ.	૧૨૦	૦	૦				
					૨૭૦	૦	૦	જમે મુકેલી રકમ.
૨૫	મ'ડળ પાસે બાકી રહેલી સિલક.	૪૭૪	૦	૩				
					૪૭૪	૦	૩	જણસ ખાતે ઉધાર.
					૧૩૮૧	૭	૦	

SHNA IMPORTING

ધી કૃષ્ણ ઇમ્પોરટીંગ કંપની

આ કંપનીમાં દરેક જાતનો હોઝીઅરી, સ્ટેશનરી તેમજ પરફ્યુમરીનો સામાન છુટક તથા જથાબંધ, સારો તથા સસ્તા ભાવે મલશે

જેમકે ગંજીફરાક (ગરમ તથા સુતરાઉ), મોજાં દરેક જાતનાં, કૉલર્સ દરેક સાઇઝના, હેન્ડકરચીફ તથા સાદી ટાઇઝ, રૂમાલ રેશમી સુતરાઉ તથા ગરમ તથા દરેક જાતનાં સેંટ, કૉલર તથા કફના બટન વિગેરે વિગેરે અત્રેથી મલશે.

The Krishna Photo-Enlarging Company.

ધી કૃષ્ણ ફોટો એનલાર્જીંગ કું.

આની આજ કંપની નાની છબી ઉપરથી મોટી સુંદર છબી અને લાંબા વખત સુધી રહે તો પણ બીલકુલ ઝાંખી ન પડે તેવી બનાવી આપે છે. તેના ભાવ નીચે મુજબ.

સાઈઝ	સાદુ	ફીનીશ	સેપીઆ	વાટર કલર્સ	ઓઇલ પેન્ટીંગ
૧૬×૨૦	રૂ. ૨-૦-૦	રૂ. ૫-૮-૦	રૂ. ૬-૮-૦	રૂ. ૧૦-૮-૦	રૂ. ૧૫-૦-૦
૨૦×૨૪	રૂ. ૪-૮-૦	રૂ. ૭-૦-૦	રૂ. ૮-૮-૦	રૂ. ૧૪-૦-૦	રૂ. ૨૦-૦-૦

આ ઉપરાંત મોટી સાઇઝના એનલાર્જમેન્ટસ અત્રેના તેમજ વિલાયતના આર્ટીસ્ટના હાથે બનાવી આપવામાં આવે છે.

વધુ વિગત માટે મલો:—

ઠેકાણું. કચઝીઆ પોળ આલા હનુમાન સામે.

ચીરોડ—અમદાવાદ.